ઉપદેશ સાર.

લખનાર:—

ઉંડણીના મર્હુમ ઠાકોર શ્રી,

દલપતસીંહજી અરજણસીંહજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર:—

હાલના ઉંડણીના ઠાકોર શ્રી,

કુબેરસીંહજી મદનસીંહજી.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

ધી 'ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ'માં શા સોમાલાલ મંગળદાસે છાપ્યો.
પાંચ કુવા—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૮-૦.



ઠાકોર શ્રી દલપત સીંહજી.

ઉંદણી

उपदेश सार.

લખનાર:—

ઉંડણીના મર્હુમ ઠાકોર શ્રી,

દલપતસીંહજી અરજણસીંહજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર:—

હાલના ઉંડણીના ઠાકોર શ્રી,

કુબેરસીંહજી મદનસીંહજી.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

ધી 'ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ'માં શા સોમાલાલ મંગળદાસે છાપ્યો.

પાંચ કુવા—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૮-૦.

श्रीगणेशायनमः

॥ ग्रंथ प्रयोजन प्रस्तावना ॥

યહ અતિ ઉત્તમ ઉપદેશ સાર,
મતિ યથા બિરચીયો કરી બિચાર;
દ્રષ્ટાંત ઔર સિદ્ધાંન્ત શુદ્ધ,
કાહુસુ ધરમતેં નહીં વિરૂદ્ધ;
ભક્તિ અભેદ કે ભેદ ભેદ,
હિ ન ધરમ ન કરમ નિષેધ છેદ;
સજ્જન મન રંજન સરસ થાન,
અઘ ઘોર હરન ગંગા સમાન;
કલી કાલ વ્યાલ બિકરાલ તંત્ર,
જુસજ હર ઉતારન જીવ જંત્ર;
મણી મોક્ષ અનુપમ ઇનહીં માંય,
હરિજન પથીક કુંકલપછાંય;
દુર મતિ હરન દિનકર પ્રકાશ,
નવનિદ્ધ સિદ્ધ નાતમ નિવાસ;

દલપત્ત કહત સુન હો સુજાન,
નહીં પઢયો ભેદ પીંગલ પુરાન;
કેવલ હરિ ભજન પ્રતાપ પાય,
યહ લઘુ પુસ્તક દીનો બનાય;
ઇનમેં જુ કછુ ભુલચુક હોય,
જન સુઘર સુધારિ બાંચુ સોય;
સંવત ઉનીસ સડ સઠ્ઠુ સાલ,
આશ્વીન માસ રમનીય રસાલ;
તિથી પુનિત પંચમી શુકલ પક્ષ,
તાદિવસ લિખ્યો સતગુરૂ સમક્ષ.

॥ ઇતિ પ્રસ્તાવના ॥

॥ अथ भज- प्र रंभ. ॥

॥ श्री गणपति- मंगला- रण ॥

ભજન ૧ લું.

તાલ દીપચંદી.

ગુરૂ ગણુપતિ દેવ ચરણુંની કરૂં સેવ,
સમરૂં સુંઢાળા હોજી.
રિદ્ધ સિદ્ધ નારિ શોભે સંગમાં તમારે વાલા,
શુદ્ધ બુદ્ધ તણા નાથ દાતા છો દયાંળા હોજી. ગુરૂ.
સુરમુનિ સીદ્ધ તારિ આરતી ઉતારે વાલા,
સુરપતી પુજે પાવદેવ છો દુંદાળા હોજી. ગુરૂ.
વિધન વિદારણુ નામ છે તમારૂં વાલા,
મંગળ તણા ધામ સ્વામી છો છોગાળા હોજી. ગુરૂ.
દલપતસિંહ છે દાસ તમારો વાલા,
ભજે બહુ ભાવે નામ નામ તણી નીત માળા. ગુરૂ.

ભજન ૨ જું.

તાલ દીપચંદી જેતમાન.

નિરખો કાયા નગરીરે,
કીધી છે કેવી કારીગરી;
કારીગર એનો કેવોરે,
નિહાળો ભાઇઓ નીરણે કરી. નીરખો.

દશ દરવાજા મેલ્યા દીપતા,
એમાં બારીઓ ત્રણુ ને બાર;
ચોટામાં ખુબ ચતુરાઇ કરી,
બોતેર મેલી બજાર;
શાહુકારો સોદા લઇનેરે,
બેઠા છે બહુ બારીએ ચડી. નીરખો.
એ નગરીમાં નવસો નદીયો,
તેમા ભરીયું નીર ગંભીર;
અઢાર ભાર વનસ્પતિ ઉત્તમ,
ઉગી એને તીર;
ત્યાં વાય વાય રાત્રી વિધી,
તે લે છે ત્રિવિધી તાપ હરી. નીરખો.

એ નગરમાં એક સરોવર સુંદર,
એમાં ખીલ્યાં કમળ અપાર;
એના ઉપર એક ભોગી ભમરો,
કરે છે શબ્દ ગુંજાર;
મદમત્ત થઇને માલેરે,
જબરી મચાવી રસની ઝડી. નીરખો.
કાયા મગરીરે કીધી છે કેવી કારીગરી,
દલપતસિંહ દેખરેખના માટે;
ત્યાં રાખ્યો એક રખવાળ,
પટાવાળા પાંચ એની પાછળ;
સુરવીર રાખે સંભાળ,
જબરા એવા જોધારે;
ઠરાવ્યા બહુ ઠાઠ કરી. નીરખો.

ભજન ૩ જું.

તાલ દીપચંદી.

વિના ગમવાળારે, મીથ્યા મમતા માણે;
મુળે મુગતીનીરે, જુગતી એ તો નવ જાણે. વિ.

પોતે થઈ પંડીતજ પુરા, ફરે જગતમાં ફુલી;
હરિ સ્મરણનું એના હરખે, ભાન ગયા સૌ ભુલી;
અક્કલ વિણા ઉરમાંરે, અહંકાર બહુ આણે. વિ.

ત્રિયા કટાક્ષે તન વિંધાણું, સદ્દગુણ નાંખ્યા છેદી;
વખત વિલસે છે વિષયમાં, હવે કરીશ સ્મરણ કે દી;
મુરખા રાખ્ય મનનેરે, ઠીક કરી ઠેકાણે. વિ.

વખત આવી મળશે વસમો, જમદુત જાશે પકડી;
બળવંતા જયારે બાંધશે, જબર જંજીરે જકડી;
પીલી દેશે પલમાંરે, ઘાલીને અવળે ઘાણે વિ.

દલપતસિંહ સત ગુરૂદેવનું શરણું છે એક સાચું.
અવર આ સંસાર કેરૂં, સુખ સઘળું છે કાચું;
વેદ એમ વરણેરે, પુરાણો એમ પરમાણે. વિ.

ભજન ૪ થું.

તાલ દીપચંદી.

ભગતીનો ભેદ ઉડોરે, જવલ રાજન કોક જાણે;
બ્રહ્મરસ ભોગીરે, મોજયો મન ગમતી માણે. ભ.
એ ભેદને અમરીષે જાણયો, સઘળું કારજ સીધું;

દામોદરે એને દોહલી વેળાએ, દોડીને દરશન દીધું.
ત્રીવિધિના તાપ ટાળ્યારે, ઠરીને બેઠો ઠેકાણે. ભ.
પ્રલ્હાદે એ ભેદ પરખીયો, ચીદઘન આનંદ જેહ;
સંકટ વખતે શામળીઆએ, અચળ નિભાવ્યો નેહ;
ધરપતીએ થંભ ધખાવ્યોરે, ત્રીકમજી આવ્યા તે ટાણે ભ.
વિભિક્ષણ સમજ્યો વિગત વળી, ટળી ઉપાધી તમામ;
પોતાનો જન કર્યો પ્રભુએ, રાખ્યો શરણે રામ;
સૌ રાજ્ય સ્મૃધી આવીરે, થાપ્યો લંકાને થાણે. ભ.
દલપતસિંહ સમજે તે સંતને, અમે વંદીએ વારંવાર;
વણ સમજે વળખાં કવાથી, નહીં ઉતરશો પાર,
એવું જાણી જન ડાયારે, અહંપદ ઉર નહીં આણો. ભક્તિ

ભજન ૫ મું.

તાલ દીપચંદી.

રચી છે જુવો રૂડીરે, કેવી આ વાડી,
રચનારો રંગ રસીયો, દુનીયાને રચના દેખાડી. રચી.
એ વાડીમાં ઉત્તમ એક ચંપો, ચંબેલીઓ બે ચાર,
અગણિત ખીલ્યા મોગરા એમાં, ઉઘડયાં ફુલ અપાર;

અનોખી બીજી એમાંરે, જબરી જુવો ફુલઝાડી. રચી.
એ વાડીમાં એક ભર્યું સરોવર, સુંદર મનહર સાર,
પંકજ એમાં સહસ્ત્ર પાંખડીનું, ખીલ્યું ખુબીદાર;
મધુપ એક એનારે, દલમાં રહે છે મોહી દાડી. રચી.
એક વેલી એમાં ઓપે અનુપમ, એનાં પત્ર પ્રફુલ્લીત દીઠાં,
આવ્યાં ફળ અગણીત એમાં, કોઇ કડવાં ને કોઇ મીઠાં;
એ વેલીમાં રસ મેલીરે, મમતાને મંડપ વળગાડી. રચી.
દલપતસિંહ એ બાગના દ્વારમાં, રેછે એક રખવાળ,
જતા આવતા જન સરવેની, સારી રાખે છે સંભાળ;
જુવો એ કેવી જુગતીરે, સતગુરૂએ મારે સોધીકાડી. રચી૧

ભજન ૬ ઠું.

તાલ દીપચંદી.

વાલાને કરો વાલોરે, સંતો સમજીને ચાલો;
જીગરમાં તમે ઝાલોરે, ધુંમંડ નવ કરો ઠાલો. વાલા.
ગંદી કાયાનો રચ્યો ગારબો, કરનારે રાખી કાચી;
પડતાં વાર પલક નહીં લાગે, રચ્યોરચ્યું એથી રાચી;
મમતા છે બધી મીથ્યારે, મુરખતામાં શ્યું માલો. વાલા.

જુઠી માયા આ જગત તણી. વળી જુઠી જુએ જંજાળ,
જાણો જરૂર આ રચેલ જુઠથી, પુત્ર કુટુંબ પરિવાર;
સાચું ગુરૂનું શરણુંરે, જુઠો બીજો ઠાઠ ઠાલો. વાલા.
ધન જોબનનો મદ ધરીને, કર્યું ન સુકૃત કાંય.
આખર વખતે કામ ન આવે, એસૌ રહેશે આંય.
અંતે તો અકળાશ્યોરે, હમણાં તો ફુલો કે ફાલો. વાલા.
દલપત કહે ફરો થઇ ડાયા, આણી મમતા ઉર,
સુકૃતથી તો રહો છો છેટે, દુષ્કૃતથી નહીં દૂર;
પોતે પુરા પાપીરે, અવરને અકલ શ્યું આલો. વાલા.

ભજન ૭ મું.

તાલ લાવણી.

જગ સરવે મીથ્યા જાણીને, સતગુરૂને સેવો,
એમ વેદ વદે છે વાણીરે, સતગુરૂને સેવો.
ઉત્તમ તનરૂપી હીરલો, શ્યું હાથથી ગમાવો,
ગોવીંદ તણા ગુણ ગાવોરે, સતગુરૂને સેવો.
જરજુવતી જવાની જોઇને, મદમસ્ત જો થઇ જાશો,
તો પાછળથી પસ્તાશ્યોરે, સતગુરૂને સેવો.

ફોગટ ફુલીને દુખના દરીયામાં શીદને ફુલો,
ભ્રમનામાં શાને ભુલોરે, સતગુરૂને સેવો.
દલપતસિંહ કેછે દીલમાં, વિચારો સરવે ડાયા.
કુડી છે કાચી કાયારે, સતગુરૂને સેવો.

ભજન ૮ મું.

તાલ ઉપર પ્રમાણે,

તારી અકળગતી અવનાશીરે, ગીરધર ગુણવંતા;
વનમાળી વિશ્વ વિલાસી, ગીરધર ગુણવંતા.
પ્રભુજી હાટયો ભક્તીના ભાવે પરમારથમાં;
પારથનો રથ ભારથમાંરે, ગીરધર ગુણવંતા. તારી.
ત્રીકમજી તમે વીપતી, પંચાલી કેરી ટાળી;
હરી દયા તણી હદ વાળી રે, ગીરધર ગુણવંતા. તારી.
ધરણીધર તમે ધ્રુવને, અવીચળ પદવી દીધી;
નરસિંહ તણી સુધ લીધી રે, ગીરધર ગુણવંતા. તારી.
દલપતસિંહ કેરા સ્વામી તમે દયાળ છો દીનબંધુ;
સુંદરવર કરૂણા સીંધુ રે, ગીરધર ગુણવંતા. તારી.

ભજન ૯ મું.

તાલ ઉપર ગમાણે.

ત્રીકમજી દુખડાં ટાળોરે, મેહેર કરોને માધવ;
પુર્વનાં પાપ પ્રજાળોરે, મેહેર કરોને માધવ.
ગીરધારી તમે ગરીબાં, નિવાજ છો ગુણવંતા;
બેલે રહેજો બળવંતારે, મેહેર કરોને માધવ. ત્રીકમ.
અલબેલા તમે અધમ અનેકને ઉધાર્યા;
ત્રિવિધિના તાપ નીવાર્યારે, મેહેર કરોને માધવ. ત્રીકમ.
રસીયા તમે વીહંગમ મહારણમાં લીધાં રાખી;
ગજ ઘંટ એનાપર નાખી રે, મેહેર કરોને માધવ. ત્રી.
દલપતસિંહ કહે ત્રીકમ, હું દાસ છું તમારો;
વાલીડા વીરદ વીચારોરે, મેહેર કરોને માધવ. ત્રીકમ.

ભજન ૧૦ મું.

તાલ ઉપર પ્રમાણે.

વીણુ કૃપા તમારી વાલારે, ભુલીને ભરમાણો;
બહુ ઠાઠ કરીને ઠાલારે, ભુલીને ભરમાણો.

મીથ્યા આ જગનું સુખડું, તે મેં માન્યું કરી મારૂં;
તજી સમરણ નાથ તમારૂં રે, ભુલીને ભરમાણો. વીણુ.
જનમારો આખો વ્યર્થ વીતાવ્યો રતી રંગે;
ક્ષણ ફર્યો ન સાધુ સંગેરે, ભુલીને ભરમાણો. વીણુ.
મદ મસ્ત થઇ મન માંહી મન ગમતા રંગ માણ્યા;
જીવણ તમને નવ જાણ્યારે, ભુલીને ભરમાણો. વીણુ.
દલપતના સ્વામી કરૂણા કરીને દુખડાં કાપો;
અલબેલા દરશન આપોરે, ભુલીને ભરમાણો. વીણુ.

ભજન ૧૧ મું.

તાલ હીંચ.

ફરી નહીં મળે ટાણું રે, રામનું નામ ખરૂં નાણું;
મારૂં મારૂં કરી માણ્યું, જગતમાં જન્મી નવ જાણ્યું.
જુઠી જગતને મોહી રહીને, મનડું લલચાણું રે;
પ્રીતમનું નામ ના પરખાણું, રામનું નામ ખરૂં નાણું.
હીરદામાં તે હરિ ન સમર્યો, ઓળખી નવ ઓળખાણુંરે;
ભરવું શીખ્યો તું ભાણું રે, રામનું નામ ખરૂં નાણું.
સતગુરૂ સંતના સત સંગ વીના, મનમાંનાં મનાણું રે;

જુગતી વીનાનાં જણાંણું રે, રામનું નામ ખરૂં નાણું.
કરવાનું તે કરી ન જાણ્યું, ન કરવાનું કરાણું;
આવી ઉભું રેશે આણું રે, રામનું નામ ખરૂં નાણું.
કહે દલપતસિંહ નિરખે એ નાણું,
તેણે ગાઇ જાણ્યું ગાણું, પ્રીત એની પુરી હું પરમાણું;
રામનું નામ ખરૂં નાણું, ફરી નહીં મળે ટાણું રે. રામ.

ભજન ૧૨ મું.

તાલ હીચ.

જેનું ગાય છે વેદ ગાણું રે, હરિનું નામ ખરૂં નાણું;
ઠર્યાનું ઠેકાણું રે, પ્રભુ વીણ ક્યાંએ ન પરખાણું.
હરિ તે નામની હુંડીઓ લખાવો, સ્નેહ શાહુકારના હાથે
હુંડીઓ નહીં પડે પાછી, પ્રીતિ તો પ્રીતમની સાચી.
એરે નાણે કોઈ સંત લલચાશે, ખંતથી ભરશે ભંડાર.
સંતો તો આનંદ ઉધરશેરે, વેપાર વિવેકનો કરશે.
ભવસાગર બહુ ભારે ભરીયો, ગહરે નીર ગંભીર.
નીર નીતીર તેને જડશેરે, નામને નાવે તે ચડશે.

કહે દલપતસિંહ મોહને મમતા, જુઠી સરવે જાણુ.
મમતા મેલી દે મનનીરે, ટળશે ઉપાધી તનની.

ભજન ૧૩ મું.

તાલ ઉપર પ્રમાણે.

તમો રામ રૂદામાં રોકોરે, જીવને જમડાનો ઝોકો.
ઉંચાં મંદીર અજબ અગાશીયો, તે પર બાજોઠ ઢાળી.
બાજોઠે હીરા રતન જડાઇરે, ભરોંસો કાયાનો શ્યો ભાઇ.
ગોપીચંદ નાવાને બેઠા, નાતાં નિહાળી જોયું માઇરે.
નયણે આંસુ આંસુ આવ્યાં ભરાઇરે,
ભરૂંસો કાયાનો શ્યો ભાઇ.
માતાનું મુખ ઉદાસી જોઇને ગોપીચંદ બોલ્યા ગભરાઇ.
ખરી વાત કહો મારી માઇરે, ભરૂંસો કાયાનો શો ભાઇ.
તારી સુરત તારા બાપના જેવી,
રૂડી રૂડી રચના રચાઇરે.
રચના સાથે ના સમાઇરે, ભરૂંસો કાયાનો શ્યો ભાઇ.
ગોપીચંદ માતાના વચનથી, મળ્યા મછંદરને જાઇ.
ગુરૂ પાસે અમર કાયા કરાઇરે,

ભરૂંસો કાયાનો શ્યો ભાઇ. તમે.
કહે દલપતસિંહ કારમી,
જગતમાં ભુલી કેમ મરો ભટકાઈ;
જુઠી જગતની સગાઇરે, ભરૂંસો કાયાનો શ્યો ભાઇ તમે

ભજન ૧૪ મું.

તાલ લાલ્રણી.

કોની સેવા કરીએ, અમે કોની બંદગી કરીએરે.
હૃદય ધરી હરિને સમરીએ.
કમળા વર વિના કરીએ કીરતન કોનું ભાઇ.
ધણી વિના ધ્યાન કોનું ધરીએરે.
હીરદે ધરી હરીને સમરીએ.
નામ નારાયણ કેરૂં, નેહ ધરીને ભાઇ;
આઠે પોર ઉચરીએરે, હીરદે ધરી હરીને સમરીએ. કોની
સ્વપ્ના જેવું રે સુખ છે સંસારીયાનું તેમાં;
ફોગટ ફુલીને કેમ ફરીએરે,
હીરદે ધરી હરીને સમરીએ. કોની.
કહે દલપતસિંહ કરતાની કરૂણા થકી;

સેજે ભવસાગર ભાઇયો તરીએરે,
હીરદે ધરી હરીને સમરીએ.
કોની સેવા કરીએ અમે કોની બંદગી કરીએ.

ભજન ૧૫ મું

તાલ કેરવો.

તમે રાખો રાખો રાખો નિજ હૃદયમાં રામ;
સાચા દિલથી સેવો ભાઇયો સુંદર શ્યામ. તમે.
એ છે અલખ અખંડ અજ અવીનાશી રૂપ;
ભય હરણ છે અખીલ બ્રહ્માંડ કેરો ભુપ. તમે.
ગુણસાગર ગરૂડ ધ્વજ ગોવીંદ ગોપાળ;
સતચીત ઘન આનંદ સુરેન્દ્ર સુરપાળ. તમે.
જેના ચરણ કમળ તણી રજ અજ ઇશ;
બહુ વીનયથી વંન્દીને ચડાવે નીજ શીશ. તમે.
નીત નેતી નેતી નેતી કહી વરણે છે વેદ;
ભાવે ભારતી ભણે છે જેના ગુણ તણા ભેદ. તમે.
ભજે યોગીને વીયોગી ભ્રમભોગી તજી કાજ;
જેને સેવે છે સદાય મોટા મોટા મુનીરાજ તમે.

ચરાચર તણું જનમ મરણુ જેને હાથ;
દલપતસિંહ એછે દીનબંધુ દીનોનાથ. તમે.

ભજન ૧૬ મું.

તાલ લાવણી.

જોશીડા જોશ જુઓ મારા જીવનો સંગાથી જીવણુ
કયારે મળે હોજી.

સાખી.

સુતવિત ભ્રાતા ભામની, પુત્ર કુટુમ્બ પરીવાર;
સરવે મતલબનાં સગાં, નહીં કોઇ વીગત વીકાર. ૧
ક્ષણભંગુર સંસારનો, નિયમ વીનાનો નેહ;
વાદળ જેમ વીચારતાં, અચળ રહે નહીં એહ—જોશી.

સાખી.

જોશે કાયા જ્યાં લગી, કરશે માયા કોઇ;
કાયા વીના ન કોઈની, હરી વીણુ માયા હોઇ—જોશી.

સાખી.

સમજો દલપતસિંહની, શીખામણુ જન સાર;
પાપ કપટ પટપર હશે, તો ઉતરશો ભવપાર—જોશી.

ભજન ૧૭ મું.

તાલ દીપચંદી.

બ્રહ્મા જેવા ભુલી ગયારે, વાંચતાં ચારે વેદ,
સમજ્યા ન સાર અસારમાં, ભણતા ભક્તિનો ભેદ;
હરીની માયાની જુવો મોહની;
પારાસર જેવા પંડીતોરે, નારદ જેવા નચંત.
સરવે ફસ્યા એના ફંદમાં, સનકાદીક જેવા સંત,
હરીની માયાની જુવો મોહની.
મતીરે જુવો મઘવા તણી, તનમાં પ્રગટયો તાપ,
ગુરૂપત્નીથી ગમન કર્યું, શીરપર લીધોરે શ્રાપ;
હરીની માયાની જુવો મોહીની.
રાવણ સરખો રાજવીરે, ધરપતી ગુણ કેરો ધામ,
રાણી લઇ ગયો રામચંદ્રની, એ બહુ અઘટીત કામ;
હરીની માયાની જુવો મોહીની.
જડ ચૈતન્ય જીવ જગતનારે, સુરનર નાગ સમાજ,
એનીરે છાયામાં અંજાઇ ગયા, મોટા મોટા મુનીરાજ;
હરીની માયાની જુવો મોહીની.
કહે દલપત દીનાનાથનીરે, કરૂણા જેપર હોય,

એજ બચે એના ફંદથી, લેશ દુરગુણ ન હોય;
હરીની માયાની જુવો મોહની.

ભજન ૧૮ મું.

તાલ દીપચંદી.

શું થયું શાસ્ત્ર શીખતાં, શું થયું વાંચતાં વેદજી,
શું થયું સૌવિદ્યા તણા, ભારે ભણવાના ભેદજી;
ભક્તિ વીના મુક્તી નહી મળે.
શું થયું તીર્થ તમામથી, શું થયું દીધાથી દાનજી,
શું થયું દેશ વિદેશમાં, મોટું મેળવીયુ માનજી;
ભક્તી વીના મુક્તી નહી મળે.
સાર્થક શું થયું ધરવા થકી, ભગવાં પેરીને ભેખજી,
અખંડ વિભુતી અંગે ધરી, જગમાં જગાવે અલેખજી;
ભક્તી વીના મુક્તી નહી મળે.
દલપતસીંહ સતસંગથી ટળે કુબુદ્ધિ તમામજી,
કપટ પ્રપંચ સૌ પરહરી, રાખો હ્રદયમાં રામજી;
ભકતી વીના મુકતી નહી મળે.

ભજન ૧૯ મું.

તાલ દીપચંદી.

ગુરૂ મલ્યા જ્ઞાનીરે, ઓળખાવ્યા અવીનાસી.
ધટાડી મહેર કરીનેરે, ઉરની બધી ઉદાસી. ગુરૂ.
મુકતી તણી જુગતી જુગતેથી, વતાવી કરી વીવેક;
ભ્રમના ભવસાગરની ભાગી, દઈ ઉપદેશ અનેક;
એવી એવી આપીરે, ખાંતેથી સમજણ ખાસી. ગુરૂ.
મન મંદિરમાં જ્ઞાન દીપકને. પૂરણ કર્યો પ્રકાશ,
અંધકાર અજ્ઞાનતા સરવે, વીગતે કરી વીનાશ;
સોહંપદ સુજ્યુંરે, હરદમ થયો હુલાસી. ગુરૂ.
કુડ ક્રોધમદ મોહને મમતા, ઝપટ કપટ જંજાલ,
તાપ પાપ સંતાપ એ સઘળાં, ટળી ગયાં તતકાળ;
બ્રહ્માનંદ ભોગીરે, પુરણ જોત પરકાસી. ગુરૂ.
દલપતસિહ દરશાન સુખ પામ્યો, સિદ્ધ થયુ સૌ કામ,
આ ધટમાં પરખ્યું! પરગટ, ધરણીધરનું ધામ;
સંસારનો ભય ભાગ્યોરે, ટળી ગઈ લખચોરાસી. ગુરૂ.

ભજન ૨૦ મું

તાલ લાવણી.

સાંભળોને સંતો તમે માની લ્યો મહંતોરે,
ત્રીકમ વીના તર્યા ન જોયા જીવને જંતો,
રંક હો અથવા રાવ કે રાણા ભાઇઓ,
નીરબળ હોકે બળવંતોરે ત્રીકમ વીણ.
પંડીતો પુરાણીઓ કે જ્ઞાની અજ્ઞાનીયોરે,
નિરધન અથવા હો શ્રીમંતોરે ત્રીકમ.
જોગી જતી અથવા સન્યા સેવડારે,
મોટા મોટા મહાત્મા મહંતોરે. ત્રીકમ.
કહે દલપતસિંહ સુણો ભાઇ સાધુરે,
ગરવ તજી દયો ગુણવંતોરે. ત્રીકમ.

ભજન ૨૧ મું.

તાલ દાદરો.

વાલુ છે ઘણુંરે મુને વાલુ છે ઘણું,
મારા ગીરધારી ગોવીંદનું નામ વાલુ છે ઘણું;
માત તાત ભ્રાત ગુરૂ એહને ગણું. મારા.

વિખધર સમ વસમું જોર તજી વિષય તણું,
ભય હરણ બીરદ અખંડ ભુધરનું ભણું. થારા.
શ્રી હરી સમશેર બાંધી શતરૂ સૌ હણું,
ભજન કરી અભય અજર અમર હું બણું. મારા.
વદન સુખદ શર્દચંદ્ર સદન સુખ તણું,
મદન મદ હરણ સ્વરૂપ છે સોહામણું. મારા.
દલપતસિંહ તે પ્રભુને નવ તજું ક્ષણું,
ચરણ શરણ દુખ હરણ છે ચતરૂભુજ તણું. મારા.

ભજન ૨૨ મું.

તાલ હિચ.

મનમાં શું રાખે માયારે, મુરખડા કાચી છે કાયા;
વીખરાતાં પળ વાર ન લાગે, વાદળની છાયારે મ.
ચાલી ગયા જન લાખો જગતથી, રંકને રાણી જાયારે;
ચીતમાં ચેત્યા જે નહી પહેલા, પાછળથી પસ્તાયારે. મ.
તારા જોતાં જન જે જે ગયા તે, અહીં નહીં ફેર આયારે.
કહે દલપતસિંહ હરી ભજનથી,
મટશે મોહ માયારે મન.

ભજન ૨૩ મું.

તાલ દીપચંદી.

વ્યર્થ આવરદા શીદને વીતાવો,
અન્ય તજી ભાઇ હરી ગુણ ગાવો. વ્યર્થ
રૂપ રમાપતી તણું નીત નીરખી.
નયન તણો ભાઈ લ્યો બહુ લ્હાવો વ્યર્થ
ભજન સુધારસ પાન કરીને,
જનમ મરણ થકી મુક્તજ થાઓ. વ્યર્થ
મનુષ જનમરૂપી અમુલખ હીરલો,
હાથ થકી ભાઇઓ શીદ ગમાવો. વ્યર્થ.
દલપતસિંહ કહે સુણો ભાઇ સાધુ,
અવસર ન મળે ફરી આવો. વ્યર્થ.

ભજન ૨૪ મું.

તાલ લાવણી.

જગ સરવે મીથ્યા જાણી, સમર નર શ્રી હરીરે;
છે રંગ કુરંગ પતંગ મેલ મમતા પરીરે. જ.

કપટરૂપી છે કાયા કાચી, રહયો શું જોઇ એના પરરાચી
જાણીશ ભકતી સાચી તો તું જઇશ તરીરે. જ.
માને છે જેને તું મારાં, તે અંતે નહીં થનાર તમારાં;
સકળ કુટુંબ પરીવાર સહોદર સુંદરીરે. જ.
ધન જોબન મદ છકમાં છાકી,
ચતુર થઇ ખુબ કરે ચલાકી;
કરવાના ઠેકાણે નહિ બેઠો ઠરીરે. જ.
કહે દલપતસિંહ સુકૃત કરવું,
કુડ કપટ સઘળું પરી હરવું.
ધ્યાન ધણિનું ધરવું ઉર આનંદ ધરીરે. જ.

ભજન ૨૫ મું.

તાલ લાવણી.

અજ અવીનાશી અખંડ અનામય,
અલખ નીરંજન અકળગતી;
જગત નીયંતા બહુ બળવંતા,
જય જય જય જય જગતપતી;
ગુરૂ ગોવીંદ ગરૂડ ધ્વજ ગીરધર,

ગોપીજન વલ્લભ ગુણ ધામ;
ગોકુળ પાળ ગોપાળ ગદ્દાધર,
ગોમતી પરમ પ્રીય ઘનશ્યામ,
વિઠ્ઠલવર વનમાળી વીશંભર;
વિગત વિમોહ વિશુદ્ધ મતી,
જગત નિયંતા બહુ બળવંતા;
જય જય જય જય જગતપતી,
કમળ નયન કમળાવર કેશવ;
કૌસ્તુભ ધર સુંદર સુખ કંદ,
કંસ વીદારણ કુંજ બીહારી;
કપી ધ્વજ સખા કૃષ્ણ કુળચંદ,
ધરણીધર મોરલીધર ભુધર;
ધર્મ ધુરંધર ધરમ ધૃતી.
જગત નિયંતા બહુ બળવંતા, જય જય જય જય.
નારાયણ નરરૂપ નરોત્તમ, નંદલાલ નરસીંહ નરેશ;
રાધાવર રતી નાથ રમણ રસ,
રસીક સુજન રંજન રસી કેશ;
શ્રીપતી સુરપતી નરપતી ધરપતી,

લોક પાળવતી લોકપતી.
જગ જીવન જગદીશ જનાર્દન,
જળશાયી જદુવંશ દીનેશ.
જગદાધાર જસોદા નંદન, જગવંદન જદુનાથ જનેસ,
દલપતસિંહ કહે દીનબંધુ, દયાસીંધુ જન દીનપતી;
જગત નીચંતા બહુ બળવંતા,
જય જય જય જય જગતપતી.

ભજન ૨૬ મું.

ઓધવજી સંદેશાનો.

આ તનમાં દીસેરે આતમ આપણો,
સતસંગત વીના બ્રહ્મને કેમ સમજાયજો,
ભુલવણીમાં ભટકે પંથી પ્રાણીઓ;
અભેદ વસ્તુ કેમ કરી ભેદાયજો.
મોતીનો વાસોરે દરીયામાંય છે,
મરજીવાજન મહાજળમાં ઝંપલાયજી;
અણસમજુપણેરે અંધારે આથડે,
વણ સમજ્યાથી વસ્તુ કેમ વ્હોરાયજો. આ તન.

રેણીના ઘરમાં રહી રમણુ કીજીએ,
કેણી કથે તે નરને શું કહેવાયજો;
સાચાનો બેલી તો સીતારામ છે,
જુઠપણામાં એળે જન્મારો જાયજો. આ તન.

ભણી ભણીને પંડીત ભુલ્યા ભેદજો,
દલ દરીયામા પ્યાસા રહી પસ્તાયજો;
તિરથ વૃત કીધાથી મુક્તી નહીં મળે.
પ્રાણી પછે અંતકાળે અકળાયજો. આ તન.

સુરતા હરીથી લાગી તે નર સીધીયા,
વણુ સુરતાએ કોઇ પાયો નહીં વીવેકજો;
સતગુરૂ મળે તોજ બતાવે શેરડો,
અણુ મળીયાથી ફરે પ્રાણી અનેક જો. આ.

કસ્તુરીનો વાસો મૃગની માંય છે,
મરઘો એનો જાણે નહીં મરમ જો;
સમજુ જન સમજીને રાખે ચંતમાં,
કનીષ્ટ જનો કરે એનું કરમ જો. આ.

ધરમ દયા ઉર ધ્યાન નીરંતર ધારવું,
રામ ભજનમાં રહેવું એકજ રંગ જો;

સમજુને શીખામણ લાગે ચંતમાં,
સતગુરૂ પ્રતાપે ગાવે દલપતસિંધ જો. આ.

ભજન ૨૭ મું.

તાલ દીપચંદી જેતમાન.

મને પ્યારો પ્રાણ આધારરે,
વાડી માંયલ્યો રંગીલો ભમરો;
તમે સમજો નૈ સમજણહારરે,
વાડી માંયલો રંગીલોરે ભમરો.

સાખી.

કાયા વાડી કારમી, સતગુરૂ માળી સાર;
પ્રેમ કરી પોષણ કરે, ધરમ રૂપી જળધારરે. વાડી.

સાખી.

મોહ તજીદે મન તણો, કરીલે ઉતમ કાર;
સરા હશે સૌ મુખ થકી, તો તુજને સંસારરે. વાડી.
નવ સોનાડી પાંખડી, કોઠા બત્રીસને બાર;
વીમળ સુરતી વાસના, માંય કરે છે ગુંજારરે. વાડી.
સુભ કરણી નહીં કરી શકયો, વરત્યો નહીં વીચાર;

મનની તો મનમાં રહી, હોઇ ચાલ્યો અસવારરે. વાડી.
શીખામણ દલપત તણી, સુણી હર્યો સૌ સંસાર;
ભમરા ભવસાગર થકી, તો તું ઉતરે પારરે. વાડી.

ભજન ૨૮ મું.

તાલ લાવણી.

કોને મારૂં ને કોને ઉગારૂં જ્યાંરે જોઉં ત્યાં બ્રમ મારૂં,
ગુરૂજીના જ્ઞાન વીના અંધારૂં હોજી.
કોણ તારે છે ને કોણ બુડાડે, કોણ કોનું કરનારૂંજી;
કરમ તારે છે ને કરમ બુડાડે, શું એમાં વીસ્તારૂં. ગુ.
આદહીં બ્રહ્મ અનાદહીં બ્રહ્મ છે, ત્રણ લોકથી ન્યારૂંરેજી;
પ્રેમ કરીને પ્રીતે વીચારો તો, સદા રહે સુખ સારૂંરે. ગુ.
સાહેબનું નામ નીરંતર સાચું, અખંડ બ્રહ્મ ઉચારૂંજી;
એક અનાદી નાથ નીરંજન, ગુરૂ જ્ઞાનથી વીચારૂં. ગુ.
દલ દરીયામાં અખંડ દીવો, ભીતર પ્રગટ ભાળુંજી;
ચેતનહારા સુણ સુણ ચેતો, કહી કહીને વીસ્તારૂંરે. ગુ.
કામ ક્રોધને દુર કરી દાખું, હરી ભજનથી ન હારૂંજી;
એકએકમાં એક કરી માનું, પછે કોણ મારૂંને કોણ તારૂં

આદ અનંતને એક કરી માનું, ત્રણ લોક વીસ્તારૂંજી
અભેદભેદને ભેદભેદ જોવું,સદાસાહેબનું નામસંભારૂંરેગુ.
ઇંગળાપીંગળા અલગ કરીને, સુષમણાઠરાય સંભારૂંજી
લગનલગાવું એકચિત્ત કરીને ધીરાનુંનામ ઘટમાંધારૂંગુ.
કહે દલપતસિંહ દીનદયાળુ, ધ્યાન રૂદેમાં ધારૂંજી;
નિશીદીનનામરટુંબહુનામી,પળ એક નહીં વીસારૂંરે.ગુ.

ભજન ૨૯ મું.

તાલ લાલણી.

અલ્લા ઇશ્વર એકરૂપે જાણ્યા તેણે મનખા માણ્યારે,
એક વીના એકે નહીં તમે સમજી લેજો સંતોસહી;
એક વીના એકે નહીં.
મારા પ્રીતમ એ પરમાણ્યારે. એક.
રામ રહેમાન રટયા કબીરે, તે ધાર્યું રૂદામાં ધીરેરે;
એક વીના એકે નહીં,તમે સમજી લેજો સંતોસહી. એ.
મારા પ્રીતમ એ પરમાણ્યારે, એક વીના એકે નહીં.
રણુંજારાઈની જોઇ ભગતાઇ, પ્રગટ આપી પીરાઈ. એક.
તમે સમજી લેજો સંતોસઇરે, એક વીના એકે નહીં.
મારા પ્રીતમ એ પરમાણ્યારે, એક.

કહે દલપતસિંહ ભેદમત ભુલો,વખત ખોશો અમુલોરે;
એક વીના એકે નહીં, તમે સમજી લેજો સંતો.

ભજન ૩૦ મું.

ગજલ માઢ.

મને પ્યારો પ્રાણ આધારરે, નીરંજન નીરાકાર;
નીરંજન સમરે નેમથીરે, ધરે રૂદામાં ધ્યાન;
રાત દિવસ રટના કરે,એથી જાય અજ્ઞાન. મને પ્યારો.
સમર્યાથી સુખ ઉપજે, જપતાં પાતક જાય;
ભજન થકી સૌ ભય ટળે,આનંદ ઉર ન સમાય. મને.
આ તનમાં દિસે આતમા તે, પરમાતમા પરમાણ;
જોયો જેણે જુગતથી, તેણે મનખો લીધો માણ. મને.
આતમદરશી આતમા તે, ત્રણ લોક સીરતાજ;
સમજણના સતસંગથી એ, કરશે ઉત્તમ કાજ. મને.
કરજોડી દલપત કહે, તમે સુણજો સૌ સંસાર;
ભજન ભાવ ભક્તી થકી,તમે સેજ ઉતરશો પાર.મને.

ભજન ૩૧ મું.

તાલ ગજલ, રાગ માઢ.

પ્રભુ ભજવા ભુલ્યો ભાન, તું ને શાને નાવી સાન;
ઉદરમાં તું કરતો અરજું, છોડો બંધ મોય શ્યામ
વિસારૂં નહીં કદી વીઠ્ઠલ, નિસીદીન તારૂં નામ.પ્રભુ.
કોલ કુડાં કરીને આવ્યો, આવી વીસાર્યાં આંઈ;
કર્મબંધન છુટશે નહીં કેદી, તું કુડીયા સમજ્યો ના કાંઇ.
મતલબમાં મોહી તું માનવ, અંધા થયો અજાણ.
વખત આવ્યો વહી જશે,
પછે પસ્તાશો જાતાં પ્રાણ. પ્રભુ.
દલપતસિંહ કહે દીલ સાચે રાચે મારો રામ,
સમજી સ્મરણ કરશે તેનાં, કોઇક સરશે કામ.

ભજન ૩૨ મું.

રાગ ચોપાઇ.

નામ નીરંજન નીરભયકારી,
નિસી દીન સમરો સૌ નરનારી;
તર્યા નામપર રાખી ટેક,
ગજ ગણીકાદીક અધમ અનેક;

ભજન ૩૩ મું.

બાર માસ.

ગીરધર ગોપીના વર ઘેલા આવજોરે એ રાગ.

કારતકે આવ્યો શીયાળો મારા કંથજીરે.
વાલા હીમાળુ વા વાય પ્રીતમ આપ ચાલ્યા પરદેશમાંરે
મારૂં જોબન એળે જાય ગીરધર નહીંરે જાવા દેઉ ઘર
બારણેરે.
માગસરે મેલી દ્યો મારાનાથજીરે જીવણ જાવાની તમેવાત
અબળા હાથ જોડીને હરી આગળેરે, ઉભી કરતી
આંસુપાત;
ગીરધર નહીંરે જાવાદઉ ઘર બારણેરે.
વાલા રાત વધીને વાય ટાઢડીરે, પ્રીતમ આવ્યો
મહીનો પોષ,
દીલમાં દયા કરો દીનાનાથજીરે, રસીયા રાંકઉપરશોરોષ;
ગીરધર નહીંરે જાવા દેઉ ઘર બારણેરે.
મોહન માહા મહીને મન માહરૂં રે, વાલા આકુળ
વ્યાકુળ થાય,

રસીયા આપવીના અહીં એકલીરે, ઘરમાં ઘડીએ કેમ
રહેવાય;
ગીરધર નહીંરે જાવા દેઉ ઘર બારણેરે.
ફાગણ ફુલ્યો છે બહુ ફુલડેરે, ફરતાં લોકો ખેલે ફાગ,
ઉડે લ્હેર ગુલાલ અબીલનીરે, રંગમાં ગાય રસીલા રાગ;
ગીરધર નહીંરે જાવા દેઉ ઘર બારણેરે.
ચૈતરે ચતુર્ભુજ નવ ચાલીએરે, વેરી આવ્યો નાથ વસંત,
વિરહી વામાને થાય વેદનારે, ચંચળ હાથ રહે નહીં ચંત;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.
વૈશાખે વાલા વાત વીચારતાંરે, જેનો નાવલીયો નહીં ઘેર,
તેની અબળા સાધન શું કરેરે, પ્રીતમ પ્રાણ રહે કઇ પેર;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.
જેઠે જાણી તમારી પ્રીતડીરે, જાણ્યા તમને જાદવરાય,
ભોળી ભામનીનું મન ભોળવીરે, ચાલો તે કેવું કહેવાય;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.
મેવલો વરસે માસ અસાડમાં રે, ગરજે ઘન ઘણો
દામની સંગ,
ઉરમાં અલબેલા એવું જાણતીરે. રમશું રસીયા સાથે રંગ;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.

ૐ।

શ્રાવણ સામળીયા સોહામણોરે, બોલે મધુરે નાદે મોર,
પીયુડા પપૈય પીયુ પીયુ કરેરે, જોઈ જોઈ ગગનમાં
ઘનઘોર;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.
ભુદર ભાદરવો ભલે આવીયોરે, નદીએ ભરીયાં નીર
ગંભીર,
એણીરતે પંથ કરોતો મારા નાથજીરે, કેમ કરી ધારી
શકું હું ધીર;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.
આસોએ રાતડલી રળીયામણીરે, ઘેર ઘેર આનંદ
ઓચ્છવ થાય,
મેલી મતરે ચાલો દીનાનાથજીરે, રસીયા તમવીના
કેમ રેવાય;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.
વીગતે દલપતસિંહે વરણવ્યારે, પુરણ પ્રેમથી બારે માસ.
હેતે ગાય શીખેને સાંભળેરે, એની ઇશ્વર પુરે આશ;
ગીરધર નહીંરે જાવા દેઉં ઘર બારણેરે.

ભજન ૩૪ મું.

રાગ જનુની જીવોરે ગોપીચંદની.

ખાંતેથી આવ્યો તું તો ખોળવા, રૂડું અમુલ્ય રતનજી,
સમજી સંભાળીને ચાલજે, જબરૂં કરજે જતનજી;
પંથ છે વીકટ પંથી પ્રાણીયા.
વન વસમું છે બીયામણું, જેમાં અતી અંધકારજી,
કપટી પાપીને બહુ કુડીયા, ચોર રહે છે ત્યાં ચારજી;
પંથ છે વીકટ પંથી પ્રાણીયા.
ગફલતઃ મત કાંઈ રાખજે, ચેતી રહેજે ચતુરજી,
નહીં રે ચેતે તો તે લૂટશે, ચગદી કરશે ચકચુરજી;
પંથ છે વીકટ પંથી પ્રાણીયા.
ગીરી છે ગહન માંય અતિ ઘણા,
ગણતાં જે ન ગણાયજી,
ઉતંગ શીખર અડીઆં અંબરે;
જોતાં અજબ જણાયજી. પંથ છે.
વિષયી વસે છે અસુરીયો, એના ઉપર અનેકજી,
વણરે ચેતે તુજને વળગશે;
તોડી નાખશે ટેકજી પંથ છે.

વસમા છે વાઘ વરાહ ત્યાં, જોજે જતો સનમુખજી,
સનમુખ જઇશ તો તુજને,
દેશે દારૂણ દુખજી; પંથ છે.
અગણીત નદીઓ એમાં વળી, ભરીયું નીર ગંભીરજી;
પામીશ એમાં પગ મુકતાં, તારૂ હઇશતો તીરજી;
પંથ છે વીકટ પંથી પ્રાણીયા.
એમાંરે પડીને જન પંથીયો, ગયા ઘણાએ તણાઇજી,
ખબર નથી કયાં ખોવાઇ ગયા, રંક રાણાને રાયજી;
પંથ છે વીકટ પ્રંથી પ્રાણીયા.
જબરી ઝાડી છે એ આગળે, કેર બોરને કંથેરજી,
ભુલીશ તો ભરાઇશતું, ફાટે પટકુળે ફેરજી;
પંથ છે વીકટ પ્રંથી પ્રાણીયા.
અવઘટ ઘાટ ઉલંઘતાં, પગલું ભરજે તું જોઇજી,
વિનારે વિચારેથી ચાલતાં, કરશે સહાય ન કોઇજી;
પંથ છે વીકટ પ્રંથી પ્રાણીયા.
જ્ઞાન તણે ચડતું ઘોડલે, ગુરૂ ગમની લગામજી,
પગ પરમારથ પીંગડે, ધરજે સદગુણ ધામજી;
પંથ છે વીકટ પ્રંથી પ્રાણીયા.
સાજ સુંદર સમતા તણું, જેનો નવલો છે રંગજી

તંગરે તાણો સતસંગનો, અંગ આણી ઉમંગજી;
પંથ છે વીકટ પંથી પ્રાણીયા.
અલખ નીરંજન નામનું, હાથ ધર હથીયારજી,
કમર કસી સુકૃત તણી, કરજે શત્રુનો સંહારજી.
પંથ છે વીકટ પંથી પ્રાણીયા;
કરતું સદા સતગુરૂ તણી, સાચા દીલ થકી સેવજી,
તો તને પાર ઉતારશે, દલપતસીંહનો દેવજી;
પંથ છે વીકટ પંથી પ્રાણીયા.

ભજન ૩૫ મું.

તાલ દીપચંદી ગોરખ જાગતા નર સેવ. એ રાગ.

પંથી પ્રાણીયારે, સમરો નીરંજનનું નામજી,
નીરંજનના નામથકી, સરે સરવે કામ. પંથી પ્રાણી.
ભાઇઓ નીરંજન નીરાકાર છે, ઉંકાર ધુન એક ધામજી;
ધામ માંહે રામ રાજે, જગતનો વીસરામ. પંથી.
ભાઇરે નામમાં નહીં દોષ, અને મદમોહનો વીકારજી;
વિકારથી નરકરણી હાર્યો, ભુલ્યા ભવ સંસાર. પંથી.
ભાઇરે ધાતુ અને પાષાણમાં, નહીં નીરંજનનો વાસજી;

અલખધુન એક ગગન ગરજે, પુરબ્રહ્મ પ્રકાશ. પંથી.
ભાઈરે ગોરખ મછંદર નામ જપીયા,
રોહીદાસ ને કબીરજી;
મન થકી મીરાંબાઇ સમરીયાં,
ઉતરીયાં ભવતીર. પંથી મ...ગુીયારે.
ભાઈરે ગુરૂ વતાવે ગુરૂ જ્ઞાન સંતો,
જ્ઞાનથી હોય ધ્યાનજી;
ધ્યાનથી અજ્ઞાન જાવે, રાજી મારો રામ. પંથી.
ભાઈરે જંતુ બરાબર જીવ છે, માંહી પવનનો પરકાશજી,
એક દીન પ્રાણી ઉડી જાશે, નહિ જીવન કેરી આશ. પંથી.
ભાઈરે સુકૃત દુકૃત બે સંગ લાગ્યાં,
જીવ નિશ્ચય જાણુજી;
સુકૃતથી તો સ્વર્ગ જાવે, દુકૃત નર્કની ખાણ. પંથી.
ભાઈરે કહે દલપત સુણો સંતો, સત્ય ઉત્તમ છાપજી;
જે જે નર સૌ જગત તરીયા, નામને પરતાપ. પંથી.

ભજન ૩૬ મું.

તાલ લાવણી.

રામ રદીયામાં ભરપુર ભરપુર ભરપુરરે;

દુનીયાં દેખે દુર દુર.
સરવે વ્યાપક શ્યામ અમારો વાલા હિરદામાં હાલ હજુર;
હાલ હજુર હાલ હજુરરે. દુનીયાં દેખે દુર દુર.
જાણ્યા પ્રભુ તમને જીવન સંગાથી:વાલા કપટી થઇ;
કેમ રાખો કુડ રાખો કુડ રાખો કુડરે. દુનીયાં.
ભુલી ભુલી દુનીયાં ભેદ ન જાણ્યો વાલા;
સમજે તમને શામળીયા ચતુર હોય ચતુર હોય ચતુરરે.દુ.
અમીરસ આનંદ અખંડ રહ્યોછે વાલા, તે પીએ વિરલા;
સંતો સુરસંતો સુરસંતો સુરરે. દુનીયાં દેખે દુર દુર.
દલપતસિંહની દાદ:સ્વીકારો વાલા;
નિશદીન ચાહું તારૂં નુર તારૂં નુર તારૂં નુરરે.
દુનીયાં દેખે દુર દુર

ભજન ૩૭ મું.

તાલ ઉપર પ્રમાણે.

મારા સમરથ ધણીનો વીસરામ વીસરામ વીસરામ,
રે. મારા હીરદામાં રેજો જીવજામ.
નામને કારણ અનેક ઉધાર્યા વાલા નીરખ્યું,
બહુ નામી તારૂં નામ તારૂં નામ તારૂં નામરે. મારા.

અજા નહતી આંગણે ત્યાં નિશાન દોરાયાં વાલા;
નરસીની હુંડીના દીધા દામ દીધાદામ દીધા દામરે.મારા
સવરીનાં બોર સુદામાના તાંદુલ વાલા રૂચી રૂચી
જમીયા મારા રામ મારા રામ મારા રામરે. મારા.
અજામેલને તમે ત્રીકમજી તાર્યો વાલા,
ગણીકાને આપી વૈમાન પુરી હામ પુરી હામરે. મારા.
જ્યાં જ્યાં ભીડ પડી ભકતોને વાલા,
કર્યા તમે કેશવ પુરણકામ પુરણ કામ પુરણ કામરે.મારા.
દલપતસિંહ કહે દાસ તમારો વાલા,
ચીતડામાં રહેજો સુંદર શ્યામ સુંદર શ્યામ સુંદર
શ્યામરે. મારા.

ભજન ૩૮ મું.

તાલ લાવણી.

શોધો સંતો કયાંરે રમે મારો રામ,
કયાંરે રમે જીવ જામરે.સોધો સંતો કયાં રે રમે મારોરામ.
પાંચ તત્વનો બાગ બનાવ્યો તેમાં ગેબી વસાવ્યું ગામરે,
શોધો સંતો કયાંરે રમે મારો રામ. કયાંરે રમે.

નવસો નગરીયોને બોતેર બજારો,
તેમાં ધીરાનું છે ધામરે. શોધો સંતો ક્યાં રે રમે.
હરી નામ નામનાં તેમાં હાટ ઉઘાડાં સંતો,
સોદો મળે વિના દામરે. શોધો સંતો.
તે વ્હોરે સંતો શુરાને પુરારે,
નિશદીન સમરીને નામરે. શોધો સંતો.
કહે દલપતસિંહ સુણો ભાઇ સાધુરે,
ચીતડામાં શોધી લીયો શ્યામરે. શોધો સંતો.

ભજન ૩૯ મું.

તાલ દીપચંદી જેતમાન.

મેં તો ક્યા ગુન ગાવું સાહેબ તેરા;
પરમ ગુરૂ હે મેરા હે મેરા હોજી.
ભીડ હરન પ્રલ્હાદ ભગતકી, આ પહોંચે ઈન બેરા.પરમ
દ્રૌપદીકું ચીર દીએ ગીરધારી, નવસો નવાણું કીયેછેરા
દાસ ધ્રુવકો દીની અવિચલ પદવી, મેટયા હે ફોગટ
ફેરા. પરમ.
મંઝારી કે બાલ બચાયે આગ બીચ કીયા હે અંધેરા.પ.

ગહરે જલમેં ગજકો બચાયો, દયાલુ નવ કીનીદેરા. ૫.
સેવક જનપે સાય કરનકું, સુનસુન આયે સવેરા. પરમ.
દલપતસિંહપેં દયા કરીકે, નિશદીન રહો નામીનેરા.૫.

ભજન ૪૦ મું.

તાલ દીપચંદી જેતમાન.

હરદમ કરી લે હરિજનસેં મેલાજી હો.
દેખી સ્થુલ શરીરકા થેલારેરે,
હરદમ કરી લે હરીજનસેં મેલાજી હો.
પાંચ તત્વકા મોલા મહલ બનાયાજી;
એમ હલકા ભેદ દોહેલારેરે. હરદમ કરી લે.
બાવન બજાર માંય ચોરાસી ચૌટાંજી;
ઇસમેં અલખ ખેલે ખેલારેરે. હરદમ.
આરે કાયામે બંદા કયા હય તેરાજી;
તું સમજે કયું ન સવેલારેરે. હરદમ.
લંપટ લોભી હોકે પરખ્યા હે પૈસાજી;
સંગમે ન આયગા અઘેલારેરે. હરદમ.
કુડી હે કાયા સંતો કુડી હે માયાજી;

ઈસ માયામેં મન કયું ભેલારેરે. હરદમ.
આયા અકેલા બંદા જાયગા અકેલાજી;
જગકું ઝુવાર કરી છેલારેરે. હરદમ.
કરના ચાહે તો કર લે બંદગીજી;
માનુષ દેહ કો સહેલારેરે. હરદમ.
ગાવે દલપતસિંહ ગુરૂકે પ્રતાપેજી;
સાચાં સતગુરૂકા હો ચેલારેરે. હરદમ.

ભજન ૪૧ મું.

તાલ દાદરો.

હોસાંયાં સતગુરૂ હમકુ ઉગારો,
હમકું ઉગારો ભવસાગર તારો. હોસાંયાં.
તુમ પીતુ માતા તુમ હો બીધાતા,
તુમ જગત્રાતા ભરોંસો તીહારો. હોસાંયાં.
તુમ ગુન સીંધુ તુમ દીન બંધુ,
તુમ સર્વજ્ઞ મેરો જનમ સુધારો. હોસાંયાં.
તુજ જગ સ્વામી અંતરયામી,
તુમ બહુ નામી બીધન બીદારો. હોસાંયાં.

તુમ પ્રભુ તારો બીરદ બીચારો,
દલપતસિંહ કહે દાસ તુમ્હારો. હોસાંયાં.

ભજન ૪૨ મું.

તાલ કેરવો.

બાજીહે બંદા જુઠી આ (૨) સંસારકી જુઠી બાજીજી,
મેરા મેરા કરકે મીથ્યા, જનમ બીતાયો પ્યારે;
જનમ બીતા. રતી રસ રંગે ભયો,
રાજી બાજી જુઠી આ સંસારકી. જુઠી.
તાતે તુરંગ તેરે માતે મદઝરતે પ્યારે માતે મદઝરતે.
ગજપેં નોબત રહી ગાજી બાજી જુડી આ સંસારકી.જુઠી.
આના આના જોરકે તેં કીયા હે ખજાના પ્યારે.
કીયા હે. પડયાઇ રહેગા સબ પાજી;
બાજી જુઠી આ સંસારકી. જુઠી.
દાખે દલપતસિંહ મમતા તજી દે પ્યારે મમતા તજીદેજી,
રખલે સાંયાંકુ નીત રાજી બાજી જુઠી આ સંસારકી.જુઠી.

ભજન ૪૩ મું.

રાગ જોગીઆ આશા. તાલ દીપચંદી.

સંસારહેરે રેનકા સપના, તુમ યાદ કરો સાંયાં અપના સં.
માતપિતા પરિવાર સહોદર, કોઇ નહીં યારો અપના;
નાહક ઇનકી લાલચમેં લપટકે, ત્રિવિધી તાપમેં તપના.સં.
ખટપટ કુડ કપટ પરીહરકે, નામ નીરંજન જપના;
અવીચલ જગમેં કોઉ ન રહેગા, એકદીન ખાખમેં
ખપના. સં.
સરવદા સબસેં હીલમીલ રહેના, છલબલ પંથસેં છપના
દલપતસિંહ કહત સબ સચ્ચા, થીર મન ભજનમેં
થપના. સં.

ભજન ૪૪ મું.

રાગ ઉપર પ્રમાણે.

બંદા કયારે ફીરે તનમટમેં, સાંયાં વ્યાપી કહે ઘટઘટમે. બં.
કાલ કરાલકા કૌન ભરૂંસા, ચેતી ચલો ચટપટમેં;
કૌન જાને કબ પકડેગો આઈ, ઘડીપલ દીન દોઇ ખટમેં. બં.
પ્રભુ મીલનેકા પંથ બતાવે, ઇનકી રહો.ખટપટમેં;

દુરજનસેં સદા દુર રહો ભાઇ, લપટો મત લટપટમેં. બં.
પ્યારે મીલનકો પ્યાર કરોતો, જપલેં ભજન ઝટપટમેં;
કહે દલપતસિંહ હરકો સુમરિકે, અહોનીશ રહો ઉલટમેં.

ભજન ૪૫ મું.

તાલ ચલતી.

મન તું રામ રામ ભજ રામ, તેરા સબ સુધરેગા કામ,
હોજા તું હરીકા બંદા, તજી ફોગટ જગ ફંદા;
કર સદા ભજનકા ધંધા, એ ધંધા હે સુખ ધામ. તેરા.
હે નાથ નીરંજન દેવા, કર સદાચરનકી સેવા,
અજ અમર અચલપદ લેવા, લેવા નીરભય
વીસરામ. તેરા.
કર સદૈવ સુકૃત કરની, એ કરની પાર ઉતરની;
ભવ સાગર તારન તરની, હે તરની જગત તમામ. તેરા.
દલપતસિંહ ભેદ બતાવે, જો હરી ગુન તું નીત ગાવે.
તેરા જનમ મરન મીટ જાવે, ઘટજાવે ત્રીવીધી ધામ. તેરા

ભજન ૪૬ મું.

તાલ ચલતી.

મન તું મત કર મેરા મેરા, જગમેં કોઉ નહીં હે તેરા,
હે કોન કીસીકા સંગી, યહ દુનીયાં હે દોરંગી;
હો રામનામકા રંગી, ફીર મત ચોરાસી ફેરા. જગમેં.
હે કાચકુંપ સમ કાયા, છીન ભરજ્યું બાદલ છાયા,
ભાઇ તું કયું ભરમાયા, શીર ધરી પાપકા શેરા. જગમેં.
રસ રામનામ કીરટમેં, રખ આઠું જામ ઉલટમેં,
ગુરૂ જ્ઞાન દીપધર ઘટમેં, દુર કર દુરમતિ અંધેરા. જ.
સંસાર રેનકા સપના, તીન તાપ પાપમેં તપના,
શઠ કયું ન કરે હીત અપના,ચલહો સતગુરૂ કા ચેરા.જ.
દલપતકા દેવ દયાલા, હે સમરથ વૈકુંઠવાલા,
મન ઉનકી ભજ તું માલા, કરી સમરન સાંજ સવેરા.જ.

ભજન ૪૭ મું.

તાલ ખીમટો.

મોહન પ્યારે હમારે સીધારે અલી   મોહન.
શામ સુંદર ગીરધર ગયેરી કૌન ગલી.   મોહન.

સાખી.
જગજીવન જીવન ગયે, પ્રીતમ પ્રાત લગાય,
મનમોહન બીન મીલનસેં, મન મેરો મુરઝાય;
છેલ છલબલ કરકે કહાં છુપે છલી. મોહન
બન બીકસીત કુસુમિત તરૂ, અંબ કદંબ અમોલ;
કોકીલ કીર કપોત કુલ, કલકલ કરત કલોલ;
લેત મધુકર મકરંદ ખીલી કંજ કલી. મોહન
નેનનમેં નીદ્રા નહીં, બેનનમેં યેહી બાત;
નટવર નંદ કીશોર બીના, બૈરન રાત ન જાત;
ચંદ્ર શરદ સુખદ વદન ચંદ્ર દેખું ચલી. મોહન
દલપતસિંહકે શામકો, નીરખું નયન લગાય;
તબ ઉર આનંદ ઉમંગી હે, બીરહ બીથા મીટ જાય;
નાચે નટવર નંદલાલ મોપેં કીની ભલી. મોહન.

ભજન ૪૮ મું.

તાલ દાદરો.

રંગ રસીયાજીરે લોલ રંગે રમતાં ને જમતાં ભેળાં
ભેળાં ભમતા;

હરી હવે શું નથી ગમતાં હાંહાંરે, મારા આતમના
આધાર છો રંગરસીયા.
હાંરે મારા જીવના જીવન; હાંરે મારા જીવના જામા છો
રંગ રસીયા.
રંગરસીયાજીરે લોલ તમે પ્રીતડલી બાંધીનેરે;
નાંધીને સ્નેહ સાંધીને રાખ્યાં હવે રૂંધીને હોંહોંરે.
હાંરે મારા આતમના આધાર છો રંગરસીયા.
હાંરે મારા જીવના જીવન
હાંરે મારા જીવના જામા છો જી રંગરસીયા.
રંગ રસીયાજીરે લોલ તમે મોરલીયો વગાડી,
લેહ લગાડી વ્રેહ જગાડી હરી હવે શું નાખો બગાડી;
હોં હોં રે, હાંરે મારા આતમના આધાર છો રંગરસીયા.
હાંરે મારા જીવના જીવન,
હાંરે મારા જીવના જામા છોજી રંગરસીયા;
રંગરસીયાજીરે લોલ, અમને જમનાના ઘાટમાંરે
નાતામાં સૈયર સાથામાં વાલા વસ્ત્ર હેર્યાં વાતોમાં
હોં હોં રે,
હાંરે મારા આમતંના આધાર છો રંગરસીયા;
હાં રે મારા જીવના જીવન,

હાંરે મારા જીવના જામા છો જી રંગ રસીયા.
રંગરસીયાજીરે લોલ, તમે કુબજા કરી પટરાણી,
જગમાં વાતો જાણી લુટેરા દાણી, માણગત તેથી
માણી હો હો રે
હાંરે મારા આતમના આધાર છો રંગરસીયા.
હાંરે મારા જીવના જીવન,
હાંરે મારા જીવના જામા છો જી રંગરસીયા.
રંગરસીયાજીરે લોલ, અમને કુવામાં ઉતારી,
દુખ દીધાં ભારી અમો અબળા નારી.
વાલા જુવોને વાત વીચારી હો હો રે;
હાંરે મારા આતમના આધાર છો રંગરસીયા,
હાંરે મારા જીવના જીવન;
હાંરે મારા જીવના જામા છો જી રંગરસીયા.
રંગરસીયાજીરે લોલ તમે કારમાં કામણ કીધાં,
પ્રેમ દાન દીધાં વશ કરી લીધાં;
તેથી શામળા કારજ સીધાં હો હો રે,
હાં રે મારા આતમના આધાર છો જી રંગરસીયા.
હાંરે મારા જીવના જીવન,
હાંરે મારા જીવના જામા છો જી રંગરસીયા,

રંગરસીયાજીરે લાલ દાસ દલપતસિંહ ગુણ ગાવે,
દરશનને દાવે પ્રભુ ચીત લાવે;
વાલા મળજો ભક્તી કેરે ભાવે હોંહાં રે,
હાંરે મારા આતમના આધાર છો રંગરસીયા
હાંરે મારા જીવના જીવન,
હાંરે મારા જીવના જામા છો જી રંગરસીયા.

ભજન ૪૯ મું.

તાલ ખીમટો.

મારો વાલો રમે મુજ માંહીરે જોઇ લ્યો જરૂર ઘટમાં
જણાય,
જોવા જીવન જગતમાં જોયું, મલ્યા ત્યારે મન મોયુંરે.
મારો.
પુરણ પ્રીતથી પ્રીતમ પરખાણા, ત્યારે મનમાં
મારે મનાણા
મારો વારો વાલો રમે મુજમાંયરે જોઇ લ્યો જરૂર
ઘટમાં જણાય;
ભક્તી કરેથી ભુદર ભેટશે, માવો આવી દુખ મેટશે.
મારો.

સાધુ સંતની સેવાથી મળશે, ત્યારે ભીતર ભળશે રે.
મારો.
વ્યાકુળ થઇ અમે વન વન જોયું, પ્રીતથી ચીત
પરોયુંરે. મારો.
દલપત કહે દીલ ભરી તમે દેખો, પ્રીત કરી પ્રભુને
પેખોરે;
મારો વાલો રમે મુજ માંયરે. જોઇ લ્યો જરૂર ઘટમાં
જણાય.

ભજન ૫૦ મું.

તાલ લાવણી.

માવાથી મનડું મોયુંરે પ્રીતમથી ચીત પરોયુંરે
જોવાનું તે મેં જાયુંરે, પ્રીતીથી ચીત પરોયુંરે.
અમે ઘરનો ધંધો ભુલી, સોબત કરી અમુલી;
ભુદર નવ જાજો ભુલીરે, માવાથી મનડું મોયું.
જીવણ જાણ્યા નાંતા આવા, તેથી કીધા કાવા દાવા;
લલચાણા લેવા લાવારે, માવાથી મનડું મોયું.
તમે કેમ લોભાણા કાના, સૈયરોમાં રહોછો છાના;

દેખાશો નહીં દાનારે, માવાથી મનડું મોયું.
દલપતસિંહના સ્વામી ડાયા, ધન્ય તમારી માયા.
અમે ચૈએ ચીતમાં છાયારે, માવાથી મનડું મોયું.

ભજન ૫૧ મું.

તાલ લાવણી.

જીવણ જીવના સંગાથીરે, કરી પ્રીત કુબજાથીરે;
માવા કરી માઠીરે. શાને પ્રીત કીધી.
વાલાજી મારા કુબજા છે કંસની દાસી,
તમે આદ્ય પુરૂષ અવીનાશીરે. શાને પ્રીત કીધી.
વાલાજી મારા ખરૂં ને ખોટુ નવ જોયું;
માઠામાં મનડું મોયુંરે, પ્યારી કરી ચીત પ્રોયુંરે. શા.
વાલાજી મારા કુબજા છે કામણગારી,
તમે નવ ઓળખી એ નારીરે, તમે વાત ન જોઇ
વીચારીરે. શાને પ્રીત કીધી.
વાલાજી મારા જાત કુજાત ન જોઇ,
મતલબમાં રયા મોઇ, હીણીથી ફળ નવ હોઇરે. શાને.
વાલા મારા આવું અમે નાંતું જાણ્યું;

નવ માણ્યાનું તમે માણ્યું, વળી વરવાનેજ વખાણ્યુંરે
શાને પ્રીત કીધી.

વાલાજી મારા ઠગારાને મળી એ ઠગારી;
તમે નવ સમજ્યા એ ઠગારી, તમે ભુલ કરી છે ભારીરે.
શાને પ્રીત કીધી.

વાલાજી મારા અમરત પાઇ આગળ લીધાં;
આખર વખડાં ઘોળી દીધાં, તેમે કારજ કાંઈ ન
સીધાંરે. શાને પ્રીત કીધી.

વાલાજી મારા અનેક અબળાના અંત લીધા;
કુડીયા થઇને સંગ કીધા, દીલ આપી દગા દીધારે.
શાને પ્રીત કીધી.

વાલાજી મારા પોતાનુંને પારકું નવ ગણીયું;
ત્યારે નવ બનવાનું બણીયું, તમે નવ ભણવાનું
ભણીયુંરે. શાને પ્રીત કીધી.

વાલાજી મારા કેવાંનું તે અમે કહીયું;
તમે હાથ ન રાખ્યું હૈયું, તમે નાંતા નાંનું છૈયુંરે.
શાને પ્રીત કીધી.

વાલાજી મારા દલપતસિંહના સ્વામી દયા કરજો;

મારાં દારૂણ રૂખડાં હરજો, અલબેલા ધ્યાન ધરજોરે.
શાને પ્રીત કીધી.

ભજન ૫૨ મું.

તાલ હિચ.

મારા વાલીડે વાંસળી વગાડી,
ગોકળીયામાં વાલીડે વાંસળી વગાડી;
મને ભરરે નીંદ્રામાં જગાડી. ગોકુળીયા.
વાંસળી વગાડી વાલે વ્યાકુળ કીધાં હાંરે;
એના શબદોથી ચીત હરી લીધાં. ગોકુળીયા.
વાંસળી વેરણ થઇ છે અમારી;
હાંરે એતો કામણ ભરેલી તમારી ગોકુળીયા.
વાંસળીના નાદે અમને વન વન વેર્યાં;
હાંરે વાલે ઘર તજાવી અમને ઘેર્યાં. ગોકુળીયા.
અટારા કાન તમે વગાડી અટારી;
હાંરે કાના કાળજાં કોર્યાં કટારી ગોકુળીયા.
નાદ નીરંતર નજરે ફરે છે;
હાંરે હરી હરદમ હૈડાં હરે છે. ગોકુળીયા.

કામણગારા આવું કરવું ન જોઇએ;
હાંરે હરિ પ્રેમ કરી ચીતડું પરોઇએ. ગોકુળીયા.
ભાવ કરીને અમને ભુદર ભંભેર્યાં.
હાંરે હરિ હૈડે લગાડી ચીત હેર્યાં. ગોકુળીયા.
દલપતસિંહ પર દયા કરીને;
હાંરે વાલા ફેરો ન પાડજો ફરીને. ગોકુળીયા.

ભજન ૫૩ મું.

તાલ હીંચ.

બેલીથાજો માળવગઢરાજારે, વીર રાખજો અમારીમાજા;
ચોસઠ જોગણી સાથમાં ચાલેરે, સધીમેલડી વચમાંમાલે,
રાજા વીક્રમને તારી દીધોરે,
એને પરદુખ ભંજન કીધો. બેલી.
દેવી દેવતાઓના પ્યારારે,
વીર ખેલ્લ ખેલોછો ન્યારા. બેલી.
મરતાં માનવીને લ્યોછો ઉગારીરે,
મારા વાલા તમોપર વારી. બેલી.
લીલો ઘોડોને હાથમાં ભાલોરે,

વીર સવારી લઇને ચાલો. બેલી.
સમરથ ધણી મારા શામ છબીલારે,
વીર ધન્ય તમારી લીલા. બેલી.
માહાકાળી પાવાગઢવાળીરે,
વીર સાથે ચાલે છે તમારી. બેલી.
વાણવટી કેશરબાઇરે,
વીર સાથે રહે છે સદાઇ. બેલી.
ઘણા પ્રેમથી રહે પીર પાસેરે,
ગરબી ગાઇ દલપતસિંહ દાસે. બેલી.

ભજન ૪૫ મું

તાલ દાદરો.

મોહન તારી મોરલીરે વૃજનારને વેરણ થઇ.
કોમળ સુરે કાળજું કોર્યું, ચીતડું ચોર્યું સઇ. મોહન.
કામતો હવે કાંઇ ન સુજે, સાંભળતાં શુધ ગઇ. મોહન.
પ્રેમના પાસમાં પ્રાણ બંધાણો, આકુળ વ્યાકુળ થઇ મોહન.
માત પીતા તણી લાજુતજીને, વૃંદાવનમાં ગઇ. મોહન.
દુખડાં કેરા ડુંગરા ડોલ્યા, માવા પાડી લ્યો મઇ. મોહન.

આવાં તમારા કારમાં કામણ, શામળા કીધાં સઇ.મોહન.
દીનાનાથે દયા કીધી, ભવની ભીડયું ગઇ. મોહન.
દલપતસિંહના દેવને મળવા, ગોપીયો ગોકુળ ગઈ.મોહન.

ભજન ૫૫ મું.

પદ રાગ ગરબી.

અમે ગ્ય તાં જમનાજીના ઘાટરે ભરવા પાણી ,
આરે ઉભા નંદાજીનો લાલ ચુંદડી તાણીરે;
તમે નીર્લજ થયા દીનાનાથ એવું નવ ઘટે .
મારી સાથે સઇયરોનો સાથ પ્રીતમ નવ પટેરે,
કાના આશો તમારો ઘાટ વાટે જાત વળગો ;
ત્રીકમ તનમાં વ્યાપ્યો તાપ, એને કરો અળગોરે.
કાના આ શી તમારી પ્રીત, રીત નવ રાખોરે;
તમે જુવોને ઘાટ અઘાટ, લોક જુવે લાખોરે.
વાલા વેગળો મેલ્યો વીવેક, નીહાળી જોઈ નારીરે;
લટકાળા લોભાણું મન, ગોવીંદ ગીરધારીરે.
કરજોડી કહે દલપત વાલા વીચારોરે;
મળી એકાંતે મોહનલાલ પાર ઉતારે.

ભજન ૫૬ મું.

તાલ દાદરો.

જાણીજાણીજીવણુ જોઇપ્રીતરે રિત નવરાખી વાલમજી;
દેખી આવી તમારીઅનીતરે પ્રીત પરખાણી વાલમજી.
તમે રમતા ફરો છો રંગરે ઢંગ રાખો ઢાંકયા વાલમજી;
હવે નગણા થયા દિનાનાથરે સાથ છોડી ચાલ્યા વા.
કાના કોઇનું ન માનો કેણરે,વેણી વીસાર્યા વાલમજી;
ગરબી ગાઈ દલપતસિંહરે આણી ઉમંગ વાલમજી.

ભજન ૫૭ મું.

તાલ હીંચ. ગરબી.

અમે ગ્યાંતાં ગોકુળીએ ગામ રંગભેર રમવારે;
સામા મળીયા સુંદર શામ નારિઓ લાગી નમવારે.
અમે સોળસો ગોપીનો સાથ રમ્યાં દઇ તાળીરે;
હરિએ પકડી અમારો હાથ રાસ રમાડીરે.
સુખી થઇ ગોપી સૌ સાથ શામળે કરી છાયારે;
ધન્યધન્ય ત્રીલોક કેરા નાથ, તમારી એવી માયારે.
પ્રીતમ પ્રેમ બતાવ્યો અપાર ગોવીંદ ગીરધારીરે;

અમે આનંદ પામ્યાં અપાર વાલમ જાઉં વારીરે.
ગરબી ગાઇ દલપતસિંહદાસ કરૂણા હરી કરજોરે;
અલબેલા પુરજો આશ પાપ પરહરજોરે.

ભજન ૫૮ મું.

પદ રાગ ગરબી.

મંદીરીએ મારે આવોને મોહનલાલરે, મંદીરીએ.
અમે તમારે આશરે બેઠાં ત્રીકમ તેનો કરો તમે ખ્યાલરે;
મોરમુગટ પીતાંબર શોભે ગળે ગજમોતિની માલરે.મં.
શામળી સુરત મોહની મુરત ઓઠ દિસે પરવાલરે. મં.
કેશવ અમોપર કરૂણા કરી તમે નીગાકરો નંદનાલાલરે
માંખણ મીશરી મેવા મુકીને ઘેર ઘેર ફરો ગાયોના ગોવાલરે. મં.
ઘણાંના સંગી થઇ ગીરધારી તમે લોભાણા નંદના લાલરે. મં.
હરિ અમોપર હેતજ હોયતો હૈયામાં વરતાય હાલરે.મં.
આશા પુરો અલબેલા આવી તમે દલપતસિંહના દયાલરે. મં.

ભજન ૫૯ મું.

પદ રાગ ગરબી.

મેંનાં તું જાણ્યું માવા આવું મુજથી કરશે;
બોલી મીઠા બોલ પ્રભુ પાછા જો ન ફરશે. મેંનાં તું.
માયા વતાવી મારૂં મન હરી લીધું;
ન કરવાનું વાલે અમ સાથે કીધું. મેંનાં તું.
હેત વતાવી વાલે હલકાંરે કીધાં;
દયારે તજી અમને દીલ નવ દીધાં. મેંનાં તું.
અબળા ઉપર આવું કરવું ન જોઇએ;
પ્રીત્યુ કરીએ તો પ્યારા પ્રાણ પરોઇએ. મેંનાં તું.
ઠગારાપણું તો મુજને ઠીક ન લાગ્યું;
મરમ જાણી માવા મારૂં મનડું રે ભાગ્યું. મેંનાં તું.
દયા કરી દીનાનાથ દરશન દીજે;
અબળા ઉપર આવો અંજસ ન કીજે. મેંનાં તું.
આવો અલબેલા હવે અંતરયામી;
નાથ નગણા ના થઇએ દલપતના સ્વામી. મેંનાં તું.

ભજન ૬૦ મું.

પદ રાગ ગરબી.

અમે રામજીના દાસ થઇને રહીએરે;
સુખ દુખ સરખું માની લહીએ. સુખ દુખ.
મીરાંબાઇને વિખ મોકલ્યું રાણાએ;
એનું અમૃત કીધેલું કનૈયેરે. સુખ દુખ
એવાં અનેક કામ કીધાં અલબેલે;
આવી ઉભા રહ્યા એ સમૈએરે. સુખ દુખ.
ભક્ત વત્સલ ભગવાન ત્યારે કહીએ;
હરિ દયા કરી દરશન દઇએરે. સુખ દુખ.
તન મન ધન સૌ અરપણ કરીને;
અમે ગોવીંદના ગુણ ગઈએરે. સુખ દુખ.
સત ધરમ વડે સાહેબને સમરી;
અમે જુઠડે મારગ નવ જઇએરે. સુખ દુખ.
પ્રભુ વીના કહો પ્રેમનીરે વાતો;
અમે કોના આગળ જઈ કહીએરે. સુખ દુખ.
રાગ અને દ્વેષથી રહીત થઇને;
અમે સૃષ્ટીનો માર ચીત સઇએરે. સુખ દુખ.

દલપતસિંહપર દયા કરીને;
હરી હરદમ રહેજો મારે હૈએરે. સુખ દુખ.

ભજન ૬૧ મું.

પદ રાગ ગરબી.

વારી વારીરે મોહનજી મુખપર વારી,
તમે ત્રીકમ ગોકુળની ગોપીઓ તારી. વારી.
રંગ રસીયા , ગુણવંતા છો ગીરધારી;
છબી છબીલારે, પ્રીતમજી લાગે પ્યારી. વારી.
મનમોહનરે કરૂણા નિધી કુંજ બીહારી. વારી.
દીયો દરશનરે, વાલાજી વીરદ વીચારી. વારી.
દલપત પરરે મેહેર કરો મોરારી. વારી.

ભ ન ૬૨ મું.

પદ રાગ ગરબી.

વરીએરે અમે શ્યામ સુંદર વરથી,
ડરીએરે શીદ જમદુતના ડરથી. વરીએરે.
પુરણ પ્રીત્યું પાંડવોની પાળી,

જીતાડયો ભારથ જંજાળી
હાકયો રથ હરીએ હદવાળી. વરીએ.
પ્રીતિની રીતી શું રે જાણે પાજી,
રાધાને વર પ્રેમ થકી રાજી;
ભૂદર જમ્યા વીદુરની ભાજી. વરીએ.
નીચ કામ કરતા એ નારી,
ગુણુવંતે ગણીકાને તારી;
ધન્ય ધન્ય ગોવરધન ધારી. વરીએ.
અખંડાનંદ અંતરને યામી,
બીરદ તણો પાલક બહુ નામી;
છબીલો છે દલપતનો સ્વામી. વરીએ.

ભજન ૬૩ મું.

તાલ લાવણી.

નિરભય વિનાતો નીંદરા નાવે જરૂર,
કાચી કાયાનો ભાઇઓ શોરે ગરૂર નીરભય
દેવ વીના જેમ દેવળ સુના રે,
નૃપતિ વીનાનાં સુનાં પુર રે, નીરભય.

હંસ વીના જેમ સરોવર સુનાં રે,
રામજી સુના સીતા દુર રે. નીરભય.
પ્રભુ વીના જેમ પાંડવ સુના રે,
પ્રીતમે પાંડવોનું રાખ્યું નુર રે. નીરભય.
સત્ય વીના રાજા હરીશ્ચંદ્ર સુના રે,
નીચ ઘર પાણીના મજુર રે. નીરભય.
કહે દલપતસિંહ સુણો ભાઈ સાધુ રે,
લેખાં લેવાશે ધણીના હજુર. નીરભય.

ભજન ૬૪ મું.

તાલ લાવણી.

તમે જો જો જોઈ જોઇને રે નાવે સુખ કોઇને,
નીચ નારીથી રે નીર્લજ નારીથી ભાઇઓ. નાવે.
ભર્તુહરી જેવાના રે હાલ વીચારો ભાઇ,
પીંગળાથી રહ્યો ચીત પ્રોઇને રે. નાવે.
વેશ્યાના વિલાસ માંહે વિજય નહી પામશો ભાઇ;
ગાંઠનો ગરથ રહેશો ખોઇને રે, નાવે.
સુરપતી સુધાધર ગૌતમ ઘેર ગમન્યા ભાઈ,
અહિલ્યાના આનંદમાં મોઇને રે. નાવે.

કુટીલ કામી બે એ ગૌતમના શ્રાપી ભાઈ,
આખર બેઠા છે એ તો ચેઇને રે. નાવે.
અબળાથી સબળા થયા ન કોઇ થાશે ભાઇ,
વીખનો સમુદ્ર વલોઇને રે. નાવે.
અધમ જાતીનો ઇતબાર ન કરીએ ભાઇ,
વિદા થશો કુળ વગોઇને રે. નાવે.
અંગના ઉજળા બગલા મનના હોય મેલા ભાઇ,
શું થાય સાબુ વડે ધોઇને રે. નાવે.
દલપતની શીખામણ સંતો દીલમાં ધરીને ભાઈ,
તરવું હરીથી હીત હોઇને રે. નાવે.

ભજન ૬૫ મું.

તાલ લાવણી.

મેં જોઈ જગત જોઈ જોઈ, મારો મળ્યો ન સંગી કોઈ
મેં નીરખી પરખ્યા નીરમોઇ, મારો મળ્યો ન સંગી કોઇ
દુનીયાંમાં સરવે છે સ્વાર્થનું સગું ભાઇ,
તેને અમે કેમ રહીએ મોઇ, મારો મળ્યો ન સંગી કોઈ.
જુઠી આ જગતની જંજાલમાં પડીને ભાઇ.
ખરી વસ્તુ ખોળી નહીં જોઇ, મારો મળ્યો ન સંગી કોઇ.

માતા પીતા બેની સુત ભાઇ ને ભોજાઈ,
હરીવીણુ સગાં નહીં કોઇ, મારો મળ્યો ન સંગી કોઇ.
જ્ઞાની ગુરૂ ગમ વીણુ જ્ઞાન નહીં આવે ભાઇ,
ખોલ્યાવીણુ ખરૂં બેડા ખોઇ, મારો મળ્યો ન સંગી કોઇ.
દીનના દયાળે જ્યારે દરશન દીધાં ત્યારે.
પુરવનાં પાપ નાંખ્યાં ધોઈ, મારો મળ્યો ન સંગી કોઇ.
કહે દલપતસિંહ સાધુ સત સંગ વીણુ,
ભવસાગર જોયો મેં વલોઇ, મારો મળ્યો ન સંગી કોઇ.

ભજન ૬૬ મું.

તાલ પીસતુ' ગજલ.

ગરીબી ગુરૂકું પ્યારી હે, તકબરી કૌન બીચારી હે.
તકબરી કરી દસ કંધ રાવનને છીનમેં લંકા હારી હે.
ગરીબી.
ગર્વ હુવા રતનાકરકું નીરખારી કર ડારી હે. ગરીબી.
મગરૂબી હુઈ જબ હીરનાકંસકું, નખતે દેહ બી
દારી હે. ગરીબી.
કરી કમાઇ ગમાઇ ઘુમંડમેં, બની બાત બીગારી હે.
કહે દલપતસિંહ સુનો ભાઈ સાધુ, સો બાત બીરલે
બીચારી હે.

ભજન ૬૭ મું.

રાગ ધીરાની કાફીના.

મેરામણ મારો મળશેરે ત્યારો ભીતર ભળશે;
ત્રીવીધ તાપ ટળશેરે, જીગરની જુગતી જડશે. મેરા.

દુરગુણ સઘળા દુર થઇ જાશે, પુરણ થાશે પ્રકાસ,
અંતર ભેદ અળગો થઇ જાશે, સતગુરૂને સહવાસ;
માવો આવી મળશેરે કાર્ય મારૂં સીદ્ધ કરશે. મેરામણ.

જ્ઞાનથી જોત દેખાશે ઘટમાં, પુરણ બ્રહ્મ પ્રકાસ,
અજ્ઞાન સૌ અળગું થઇ જાશે, દેખતો થાશે દાસ;
આશ પુરી થાશેરે, ઠેકાણે ત્યારે ઠરશે. મેરામણ.

અલખ ધણીના આશરા વડે, ચડે સંત કોઈ સુર,
પડે ન પાછા પ્રીત કરીને, જો દયાએ ભરપુર;
તે તો જન તરશેરે, નીડર થઇ નહીં ડરશે. મેરામણ.

સંતો ચીત ધરીને સમરો, ભજન કરો ભરપુર,
રાજી મારો રામ છે એથી, નીતનીત વધશે નુર;
દલપતસિંહ દાખેરે ચોરાશીના ફેરા ટળશે. મેરામણ.

ભજન ૬૮ મું.

તાલ દાદરો.

ઉગાર્યા વીર અનેક જગતમાં, તેવી તેં રાખી ટેક;
માળવગઢ દેશના રાજારે, જોરાવર ઉગાર્યા ઝાઝા.
દુખ ટાળ્યાં સરવે દુનિયાનાં, કરીયાં ઉત્તમ કામ;
પ્રીત કરી તેને પાર ઉતાર્યા, નવખંડ સમરે નામ. મા.
વીક્રમને વરદાયક કીધો વીર દીધો વીસરામ;
પરદુખભંજન પ્રેમથી કીધો, સમરથ મારા શામ. મા.
ઇષ્ટ તમારો આશરો લીધો, અતી વધ્યો અતમામ;
જાહેર કીધા સર્વ જગતમાં, જાળવીયા જીવજામ. મા.
ઉજેણુરાયને ઇંદ્રપુરીમાં, સદેહે લેઈ ગયા શામ;
ઇંદ્ર સાથે એખલાસ કરાવી, ઠરાવ્યા પાછા ઠામ. મા
ચોસઠ જોગણી આપની સાથે, વળી બાવન વીર;
જોડે સ્નેહમાં ચાલતા જોયા, પ્રેમ કરીને પીર. મા.
ઉજાણથી આવ્યા ઉડણી નગર, અલએલા પુરવા આસ;
કીધો નીવાસ સાબરને કીનારે, તાર્યો દલપતસિંહદાસ.

ભજન ૬૯ મું.

તાલ લાવણી.

શંકર બડે સોહાગી ઈનકી હે છબીતા ન્યારી,
હે છબીતા ન્યારી બંકા જાઉં બલીહારી. શંકર.
ભસ્મ અંગ સોભીત અતિભારી, શીરપેં ગંગાધારી;
બૈલ ઉપરયું સદા બીરાજે, સંગ પારવતી પ્યારી. શંકર
ડાબે કરમેં ડાક બીરાજે, ભુજકંકણ ભારી;
આભુશણ નાગું કે રાજે, ભોળો ભયંકારી. શંકર.
શેલી શંગી અતિ સોભીતહે, સોભા અતિ સારી;
જહરકાલ કૂટ પીવત પ્યાલા, તારણ ત્રીપુરારી. શંકર.
દલપતસિંહ કહે દાસ તુમારો, ઓરન આચારી;
અલખ નીરંજન આપકું, શેવે છત્રધારી. શંકર.

ભજન ૭૦ મું.

રાગ ધીરાની કાફીનો.

ધીરજ સંતો ધરજોરે, અધીરજ નવ કરજો;
પાપ પરહરજોરે, દીલમાં તમે નવ ડરજો. ધીરજ.
અલખ ધણીનો આશરો મોટો, તેને સમરેથી સુખ થાય;

અજ્ઞાન સરવે અળગાં થઇને, જનમ મરણ મટી જાય,
ઉરમાં એવું આણીરે, સેજે ભવસાગર તરજો. ધીરજ.
ધીરજ ધૃવજીએ જુવો ધારી, ધર્યું ધીરાનું ધ્યાન,
આવાગમનનો ફેરો ટાળી, મેળવ્યું અવીચળ માન;
માટે લેજો માનીરે, ઉત્તમ કરણી કરજો. ધીરજ.
ધરી ધીરજ પ્રલ્હાદે પુરણ, આફતો વેઠી અનેક,
હરણાકંસને હણ્યો મારા હરીએ, ત્રીકમે રાખી ટેક;
સાહેબ તણા કારણેરે, ફીકર વીના થઇને ફરજો. ધીરજ
ધરી ધીરજ તે જન સૌ તરીયા, અલખ પુરી આશ,
ટાણેટાણે આવ્યા ત્રીકમજી, ખાંત કરી વાલો ખાસ;
દલપતસિંહ દાખેરે, હરી હરી ઓચરજો. ધીરજ.

ભજન ૭૧ મું.

તાલ લાવણી.

તમે જો જો ઘટમાં જાગીરે, વરતી લ્યો વૈરાગી;
થઇ રામનામના રાગીરે, વરતી લ્યો વૈરાગી.
સતગુરૂનો સંગ કરીને, ભવભ્રમણા નાખો ભાગી;
ત્યારે કહેવાશો ત્યાગીરે, વરતી લ્યો વૈરાગી.
છે જોગ કળા ગતી ઝીણી, તે સમજી થાએ સભાગી;

નહીં સમજે તે નીરભાગીરે, વરતી લ્યો વૈરાગી.
પ્રીતમની પ્રીત કરીને, તમે સદા રહો સોહાગી;
તો જાણું કે લ્હે લાગીરે, વરતી લ્યો વૈરાગી.
દલપતસિંહ કહે અલખ ધણીની, જેને ઉર લગની લાગી;
તેની ભવની ભાવઠ ભાગીરે, વરતી લ્યો વૈરાગી.

ભજન ૭૨ મું.

તાલ લાવણી.

વાલો વ્યાપક છે ઘટઘટમાં રે, પરખી લ્યો પરગટમાં.
નવ ખુવો જનમ ખટપટમાં, પરખી લ્યો પરગટમાં.
નથી અલખ નીરંજન અળગો, જળથળમાં વ્યાપક જાણો
મરજીવા થઇને માણો રે, પરખી લ્યો પરગટમાં.
ધીરાનું ધ્યાન ધરીને, તમે અભેદ વસ્તુ ભેદો;
ખળ ખુટેલપણાને ખેદો રે, પરખી લ્યો પરગટમાં.
દુનીયામાં દેહ ધરીને, તમે લ્યો લાખેણો લાવો;
ગુરૂ ગોવીંદનાં ગુણ ગાવો રે, પરખી લ્યો પરગટમાં.
દલપતસિંહ કહે દીલ ધરીને, તમે કરણી સુકૃત કરજો.
દુકૃતથી દીલમાં ડરજો રે. પરખી લ્યો પરગટમાં.

ભજન ૭૩ મું.

તાલ લાવણી.

સંતો દેખો દુનીયાંકા ઢંગ., સબકા ન્યારા ન્યારા રંગ.
એ ન્યારા મેરા પ્રીતમ પ્યારા, સબમેં વ્યાપક સરખા;
એ ભેદ અલખસેં પાયા, હીરદેસેં મેં હરખા. સંતો.
વેળુકી ભીંત પવનકા થંભા, દેવળ દેખી ભયા અચંબા;
બહિર ભીતર દેખા ગંદા, દેખ ભયા કયું અંધા. સંતો.
અજબ હે માયા ઈસ દુનીયાકી, સબમેં પડ ગઇ છાયા;
એ છાયા માયા છોડ દેવે તો, જાણું ગુરૂ ગમ પાયા.સં.
કરણીકા ફલ કબુ ન જાવે, કર દેખો સબ કોઇ;
સુકૃતસેં ભવ સુફલ હોયગા, દુકૃતસેં દુખ હોઈ. સંતો.
કર દો જોડ કહે દલપતસિંહ, સુનીયો સબ સંસાર;
સાહેબ સચ્ચા ચીતમેં રખ લ્યો, તબ ઉતરો
ભવપાર. સંતો.

ભજન ૭૪ મું.

તાલ લાવણી.

સંસાર સાગર દેખો સંતો, નદી નાવકા હે મેલા,
ઇસમેં તીર ભવપાર ઉતરના, કૌન ગુરૂ કૌનહે ચેલા.

એ તીરના તો બીકટ પંથ હે, ખેલો ખેલ અણઘડખેલા
ઇસમેં તીર ભવપાર ઉતરના, કૌન ગુરૂ કૌન હે ચેલા.
નીરભય નામકી નાવ પકડ લો, સુમરન કર લો સવેલા;
ઇસમેં તીર ભવપાર ઉતરના, કૌન ગુરૂ કૌન હે ચેલા.
આપ તરે ઓરનકું તારે, પ્રીતી કર ઇનસેં પહેલા;
ઇસમેં તીર ભવપાર ઉતરના, કૌન ગુરૂ કૌન હે ચેલા.
કટુંબ કબીલા સકલ છોડ કે, આખર જાયગા અકેલા;
ઇસમેં તીર ભવપાર ઉતરના, કૌન ગુરૂ કૌન હે ચેલા.
કર દો જોડ કહે દલપતસિંહ, ગફલત કયું કરતા ઘેલા;
ઇસમેં તીર ભવપાર ઉતરના, કૌન ગુરૂ કૌન હે ચેલા.

ભજન ૭૫ મું.

તાલ દીપચંદી કાફી.

દરશનનો કરો દાવો દાવો અવસર નાવે ફરી આવો.સંતો.
દરશનનો કરો દાવો દાવો.
દરશનને કારણ તમે દુખડાં વેઠી લ્યો સંતો,
સતનામી છે જગ ચાવો, અવસર નાવે ફરી આવો. સં.
દરશન ચાહશે તેને પરશન થાશે પ્રભુ,

ગુણ પ્રીતમના ગાવો ગાવો, અવસર નાવે ફરી
આવો. સંતો.
દરશન કરવા રાખો દિલડું તમારૂં સંતો,
મળશે આવીને મારો માવો, અવસર નાવે ફરી
આવો સંતો.
દલપતસિંહ કહે દીલમાં વીચારો સંતો,
લેજો લાખેણો તમે લાવો, અવસર નાવે ફરી આવો. સંતો.

ભજન ૭૬ મું.

તાલ ઉપર પ્રમાણે કાફી.

દરશન દેજો દાડી દાડી! મારા પ્રીતમ પ્યારારે,
દરશન દેજો દાડી દાડી.
પ્રીત્યું કરી અમને પરવશ કીધાં વાલા, મનમાં
લાવો મોરારી,
મારા પ્રીતમ પ્યારારે દરશન દો દાડી દાડી.
જાણ્યા જીવન તમને જનમ સંગાથી વાલા,
વેગળા ના રહીએ વનમાળી, મારા પ્રીતમ પ્યારારે;
દરશન દો દાડી દાડી.
સમરથ જાણી અમે સંગતો કીધી વાલા,

ત્રીકમ દીજે હવે તારી મારા પ્રીતમ પ્યારારે;
દરશન દયો દાડી દાડી.
દીલમાં વિચારી હવે દીન દયાલુ વાલા,
આવી કરો આનંદકારી. મારા પ્રીતમ પ્યારારે;
દરશન દયો દાડી દાડી.
ગુણ તમારા વાલા દલપત ગાવે પ્રભુ,
બેડલી તારો હમારી, મારા પ્રીતમ પ્યારારે;
દરશન દયો દાડી દાડી.

ભજન ૭૭ મું.

તાલ લાવણી.

વક્રમ કામે કુળ વગોયું રે, ખુટેલપણામાં ખોયું;
પુંઠવાળી પાછું ન જોયું રે, ખુટેલપણામાં ખોયું, વ.
પાજી જનથી કરી પ્રીતી, નજરે ના લાવ્યો નીતી,
અઘોર કરી અનીતી રે, ખુટેલપણામાં ખોયું. વ.
તેં ધરમને માર્યું ધોકે, વગોયું વલોણું ડોકે,
લલચાવ્યો લુચ્ચે લોકે રે, ખુટેલપણામાં ખોયું. વ.
સતસંગ કર્યો નહીં સારો, માથાપર જમનો મારો;
એકે નહીં રહેશે આરો રે, ખુટેલપણામાં ખોયું. વ.

દલપતસિંહ કહે દીલ ડરજો, તમે ફાંગા થઇ નવ ફરજો;
ત્રીકમને સમરી તરજો રે, ખુટેલપણામાં ખોયું. વ,

ભજન ૭૮ મું.

રાગ તાલ ઉપર પ્રમાણે.

નિજનામી જોયા નીરખીરે, નિજનેણાંની માંઇ,
કરી પ્રીતિ જુવો પરખીરે, સમરથ મારો શાંઇ.
દેખો દુર્લભ દેહ ધરીને, કરણી ઉત્તમ લ્યો કરીને;
ફેરો નહીં પડે ફરીને રે સમરથ મારો શાંઇ. નિજ.
સતગુરૂની કરી લ્યો સેવા, મન વાંચ્છીત મળશે મેવા.
એવા મેવા વીચારો લેવા રે, સમરથ મારો શાંઇ. નિ.
રામ ઉપર જે જન રાજી, તેણે સુધારી સમરી બાજી;
પીટાશે પરગટ પાજી રે, સમરથ મારો શાંઇ. નિજ.
મારો શામ ધણી છે સાચો, પ્રીત કરી ન પડે પાછો,
નહીં રહેશે નીભાડો કાચો રે, સમરથ મારો શાંઇ. નિ.
દલપતસિંહ કહે રાખો દાવો, તો મનમાં લાવશે માવો
સતનામી છે જગ ચાવો રે સમરથ મારો શાંઇ. નિજ.

ભજન ૭૯ મું.

તાલ ઉપર પ્રમાણે.

હરદમ હરીથી હરખોરે, પુરવની પ્રીતો પરખો.
તમે નીરખી ચરખો નીરખો રે, પુરવની પ્રીતો પરખો.
ધરી ધીરપ ધરમે ધરણી, કરી સુકૃત જુવો કરણી;
એ કરણી છે જુગ તરણી રે, પુરવની પ્રીતો પરખો.
હરદમ.
તમે અભેદ વસ્તુ ભેદો, છળછીદ્ર હોય તે છેદો,
એમ વદી ગયા છે વેદોરે, પુરવની પ્રીતો પરખો. હર.
સમજો સંતો ને સંસારી, જુવો વરતી વેદ વીચારી;
તો ત્રીકમ દેશે તારીરે, પુરવની પ્રીતો પરખો. હરદમ.
દલપતસિંહ કે દેખો દેખો, લેવાશે એક દિન લેખો;
પ્રેમે પ્રીતમને પેખોરે, પુરવની પ્રીતો પરખો. હરદમ.

ભજન ૮૦ મું.

તાલ લાવણી.

રામકી રચના અપરંપાર, સમજો સંતો સાર;
રાવણ નાદ ઉતારણ કારણ, દશરથ કેલે અવતાર. રામ.

ભક્ત બીભીક્ષણકું લંકદીની,તુરત દીનોવાકુંતાર.રામ.
દાસધ્રુકું અવીચલ પદવી, દયાલે દીની યહીવાર. રામ
ભીડ હરી પ્રેહલાદ ભગતકી, હીરણાકંસકું દીનો માર. રા.
એક ચીંદીકે કાજ દ્રોપદીકું, પુરે ચીર અપાર રામકી.
ગરવ મીટાયો રતનાકરકો, નીરખારો કર ડાર. રામ.
ગજકી ટેર સુની ગીરધારી, ત્રીકમ આયે તે ઠાર. રા.
કર દો જોડ કહે દલપતસિંહ, કરૂણા કીજે કીરતાર રા.

ભજન ૮૧ મું.

તાલ લાવણી.

રામજીના દાસ જુવો રામનાઇ રે, સુકે સરોવર હંસો
રહ્યો છે સમાઇ.
હંસો રહ્યો છે લોભાઇ રે. સુકે સરોવર.
એ રે હંસો છે અજબ અલોકી ભાઇ,
ભેદયા વીના તમે ભુલો ભરમાઇ રે. સુકે.
ઓળખ્યા વીના તો અકારથ ભવ ભાઇ,
હાથે કરી હીરલો રહેશો ગમાઇ રે. સુકે.
સમરથ ધણીની સેવા કરજો ભાઇ,
જરૂર તે તો આવશે જણાઈ રે. સુકે.

અલખ ધણીને ઓળખ્યા વીના ભાઇ,
વાલાં મુકી થાશો વીદાઇ રે. સુકે.
દેખી લ્યો સંતો દલપતસિંહ કહે ભાઇ,
ગુણીજનો બતાવું છું ગાઇ રે. સુકે.

ભજન ૮૨ મું.

તાલ લાવણી.

સીતા રામનું સમરણ કરીએ,
અમે સહેજે સાગર તરીએ રે, પ્રીતમ પ્યારા;
ધ્યાન હરીનું ધરીએ.
પલ્લો અમે પકડી પારસનો, પ્રીતો ના પરહરીએ રે;
પ્રીતમ પ્યારા ધ્યાન હરીનું ધરીએ.
કરણી સુકૃત કરીએ, અમે દુરીજનથી ના ડરીએ રે;
પ્રીતમ પ્યારા ધ્યાન હરીનું ધરીએ.
દીલમાં રાખી દીન દયાલુ, ત્રીકમ વડે અમે તરીએ રે;
પ્રીતમ પ્યારા ધ્યાન હરીનું ધરીએ.
દલપતસિંહ કહે દરશન પ્રતાપે, ફીકર વીના અમે
ફરીએ રે;
પ્રીતમ પ્યારા ધ્યાન હરીનું ધરીએ.

ભજન ૮૩ મું.

તાલ દીપચંદી.

દરશનની બલીહારી જાઉં વારી ગીરીધારી તારા.
દરશનની બલીહારી,

લાખેરી મોલમાં જે દી પાંડવોને પુર્યા પ્રભુ;
સતી દ્રૌપદીને ઓધારી જાવું વારી. તારા.

નરસીંહ મહેતાની વીકટ વખતમાં વાલા,
માંમેરૂં પુર્યું વીસતારી જાવું વારી. તારા.

નેમા ભગતની છાપરી છાઇ વાલા,
કરમાંની રાખ કરી પ્યારી જાવું વારી. તારા.

શગાળશાને સનમુખ મળીયા વાલા,
કેલૈયો નખાવ્યો વીહારી જાવું વારી. તારા.

સત્ય જોઇ તેની સહાયતા કરી વાલા,
આખર લીધો ઉગારી જાવું વારી. તારા.

આદ અનાદી અનેક ઉધાર્યા વાલા,
દલપતની વાત લ્યો વીચારી જાવું વારી. તારા.

ભજન ૮૪ મું.

રાગ કાફી.

શેવો સુંદર શામ, સાચા દિલથી શેવો સુંદર શામ;
નિશીદીન સમરી નામ, સાચા દીલથી શેવો સુંદરશામ.
એ રે નામનો મહીમા મોટો, કરી લ્યો સુકૃત કામ સા.
નામ નીરંતર નેહું રાખ્યું તેનાં, કોટીક સરીયાં
કામ. સાચા.
એ રે નામથી અનેક જન ઉધર્યા, વીધ વીધ પામ્યા
વીરામ સાચા.
નામ પ્રતાપે નિજનામી મળીયા, અંતરયામી
અભીરામ સાચા.
કર જોડી કહે દલપતસિંહ, સુધ બુધ દેજો શામ. સા.

ભજન ૮૫ મું.

રાગ કાફી.

અંતર જામી પ્રાણ આધાર, નોધારાંના નાથ તમે છો.
અંતર.
એકે મને હું તો અરજ કરૂં છું, પ્યારા સુણી જે
પોકાર. નોધારાં.

બુડંતાં ગજરાજ બચાવ્યો, કાને સુણી કીરતાર નો.
દ્રોપદીને ચીર દીધાં ગીરધારી; પ્રીતમ કરી કરી પ્યાર.
નોધારા.
અરજ સુણી હરી તુરત ઉતારો. ભેંસો ઉપરથી ભાર.નો
બોલે તેની બરદાસ સુણો છો, એ છે ? લબેલા
અવતાર. નોધારા.
ગાવે દલપત સિંહ ગુરૂ પ્રતાપે, હરો દુખ કુંજબીહાર.
નોધારા.

ભજન ૮૬ મું.

તાલ દાદરો.

રામથી લાગી નામથી લાગી શામથી લાગીરે,
પ્રીતો મારા રામથી લાગી, જોયું ઘટમાં જાગી રે પ્રી.
રામ રટું રદીયામાં દાડી. નહી વીસારૂં નામ,
ભજન કરી ભેદ મેં જાણ્યો. છોડું નહીં ઘનશામ જો.
ગુરૂ પ્રતાપે જ્ઞાન થયું ત્યારે, આનંદ વાધ્યો અપાર,
સાચી ભક્તી મારા શામની લાગી. કેમ ભુલું કીર-
તાર. જોયું.

ધ્યાન ધરી ધીરાને લાગી, મન થકી મીરાંબાઇ;
જાંગીરશાને જરૂર લાગી, છોડી ચાલ્યા પાતશાઈ. જો.
પ્રગટ પ્રીત્યો જેણે બાંધી તેનાં સરીયાં સરવે કામ;
સાહેબ ધણીના શરણા થકી, અધીક વાધ્યોઅ
તમામ. જોયું.
નામ નારાયણ નેમથી લીજે, કીજે ઉત્તમ કામ;
સાચા દીલથી સાહેબ સમરો તો, રીઝશે મારો
રામ. જોયું.
કરજોડીને કહે દલપતસિંહ, સુણજો સૌ સંસાર;
અલખ ધણીના આશરા વડે, મટશે જનમનો
માર. જોયું.

ભજન ૮૭ મું.

તાલ દાદરો.

શામથી લાગીરે લગનીજ નામથી લાગી;
વરતી જીવ જાનથી લાગીરે,માયા મુને શામથી લાગી.
શામ સલુણો ચાતાં રૂદેમાં, તેથી સરીયું કામ;
અંતરથી અળગા ન કર્યા ત્યારે, રાજી થયા મારો રામ.
એથી મારી ભાવઠ ભાગીરે, માયા મુને શામથી લાગી.

પુરવની પ્રીત્યુ પ્રકટ થઈ ત્યારે,નીરખ્યું નીરંજન નામ,
સતગુરૂની સાયતા વડે, ઓળખ્યા આતમરામ;
એથી મારી ભાવઠ ભાગીરે, માયા મુને શામથી લાગી.
દયાળની જ્યારે દયા થઈ ત્યારે, દીઠા દીનોનાથ,
પ્રીતીનું પારખું પ્રગટ આલ્યું, હેતથી ઝાલી હાથ;
એથી મારી ભાવઠ ભાગીરે, માયા મુને શામથી લાગી.
ગોવીંદના ગુણ ગાતાં સંતો, સફળ થયો અવતાર,
નોકરીનું ફળ નામીએ આલ્યું વ્હાલે કરી નહી વાર;
એથી મારી ભાવઠ ભાગીરે, માયા મુને શામથી લાગી.
દલપતસિંહ એમ દાખવે સંતો, અલબેલે પુરી આશ,
સરવે મનોરથ સફળ કર્યા, ખાંત કરી વાલે ખાસ;
એથી મારી ભાવઠ ભાગીરે,માયા મુને શામથી લાગી.

ભજન ૮૮ મું.

તાલ દીપચંદી.

દીલકા દુરગુન મીટાદો મેરે ભાઈ;
સતગુરૂકો કરી લો સહાઇરે. દીલકા.
સુમતીકો ચીતમે ધરો, કુમતીકો પરીહરો;

ચીતમેં કરી લો સફાઇરે. દીલકા.
તું હે સાહબકા બંદા, સમરશાં ચાંકુ અંધા;
શાંય રચા સબમેં સમાઇરે. દીલકા.
માયા સાહબકી બંદા, છાયા સાહબકી;
સાહબને રચના રચાઇરે. દીલકા.
મે હું સાહબકા બંદા, મુજમેં હે સાહેબ;
સાહબકી સચ્ચી સગાઇ રે. દીલકા.
કહે દલપતસિંહ સુણો ભાઈ સાધુ,
મનકા ભેદ મનમાંઇ રે. દીલકા.

ભજન ૮૯ મું.

તાલ સાઠ.

શકતી સાચું તારૂં શરણું રે, બરદાળી કેશરબાઇ,
સમરે તેની સાય કરે રે; ધાથી પોચે ધાઈ;
પડચો તારો પ્રગટ જોયો, ઇણ સમામાં આઈ. શ.
ડુબતા દરીયા મધ્યમાં તે, ઝાઝ તાર્યા જાઈ;
સેવકની સહાય કરી રે, બળવંતી લે બચાઇ. શ.
સ્વરૂપ તારૂં સોહામણું, માતંગી મોમાઈ;

અલૌકીક મુરતી આપની, વરતી ન જાય વરતાઇ શા.
વાણુવટી વરદાઇની રે, સૌ જાણે સમરથાઇ;
દલપતસિંહ કહે આ દુનીયાંમાં,
તું કરણી સાચી કહાઇ. શકતી.

ભજન ૯૦ મું.

તાલ દાદરો.

પ્રીતો કરીને અમને પરહર્યા રે વાલે બાળારે પણામાં
કરી જઈ કુબજાથી પ્રીત કાનુડો, મોહી ગયો મુને,
બાળા રે પણામાં.
મેં જાણ્યું નેહ નીભાવશે, હરી બાળા રે પણામાં,
નેહમાં દીધો હરી છેહ કાનુડો મોહી ગયો રે મુને;
બાળા રે પણામાં.
કુડા દીલાસા હરી દેઈ ગયા મુને બાળા રે પણામાં,
વાલાજીની જોઇ થાકયાં વાટ કાનુડો મોહી ગયો મુને;
બાળા રે પણામાં.
આશા હતી યાદ લાવશો હરી બાળા રે પણામાં,
નમેરા થઈ બેઠા નાથ કાનુડો મોહી ગયો મુને;

બાળા રે પણામાં.
ગોકુળીયામાં મુને ગમે નહીં હરી બાળા રે પણામાં,
સોધ કરીએ કોની સાથ કાનુડો મોહી ગયો મુને;
બાળા રે પણામાં.
પ્રીતો કરી હું તો પંજર થઇ હરી બાળા રે પણામાં,
નગણા થઇ નીભાવ્યો ન નેહ કાનુડો મોહી ગયો મુને;
બાળા રે પણામાં.
એ ઘો અલબેલો અતી સાંભરે મુને બાળા રે પણામાં;
સંદેશો પોચાડો જ્યાં હોય શામ કાનુડો મોહી ગયો
મુને બાળા રે પણામાં.
રાત દિવસ રંગે રમતાં હતાં હરી બાળા રે પણામાં,
નેણે ન આવે મુને નીંદ કાનુડો મોહી ગયો મુને
બાળા રે પણામાં.
વ્રેહ વેદના વેઠાય નહીં મુને બાળા રે પણામાં,
દયા કરી આવો દીનાનાથ કાનુડો મોહી ગયો મુને
બાળા રે પણામાં.
રાત અંધારી વેરણ જાય નહીં મુને બાળા રે પણામાં,
નેણે ન આવે મુને નીંદ કાનુડો મોહી ગયો મુને
બાળા રે પણામાં.

સુખ લેવા અમે સંગ કર્યો હરી બાળા રે પણામાં,
પ્રીત કરી વીપરીત કાનુડો મોહી ગયો મુને
બાળા રે પણામાં.
દલપત કહે દીનાનાથજી હરી બાળા રે પણામાં,
અલબેલા આવી પુરો આશ કાનુડો મોહી ગયો મુને
બાળા રે પણામાં.

ભજન ૯૧ મું.

રાગ લાવણી.

પ્રીતમ પાતળીયાથી મેં તો પ્રીત્યું કરી,
પ્રીત્યુ કરી રે મનમાં મોહ ભરી. પ્રીતમ.
વેણુ વગાડી મુને વ્યાકુળ કીધી વાલા,
સુધ બુધ સરવે હરી;
મંદીરમાં બેઠાં મારૂં મનડું હેરાણું પણ,
દુરીજનીયાંથી હું તો દીલમાં ડરી. પ્રીતમ.
રાત દીવસ મને ભોજન નવ ભાવે વળી,
નીંદ્રા ના આવે જરી;
વીરહની વેદના અંગમાં વ્યાપી હું તો,
હીરદામાં સમરૂં સદા હરી રે હરી. પ્રીતમ.

પ્રેમ પીયાલો મેં તો પ્રેમથી પીધો વાલા,
વીઠ્ઠલ વરને વરી;
પુરૂષોતમ કેરો પાલવ પકડયો ત્યારે,
ત્રીભુવન નાથથી હું તુરત તરી પ્રીતમ.
મનના મેળાપી મને મોહન મળીઆ તેથી,
ફેરો નવ આવે ફરી;
દીનના દયાળુ દલપતસિંહના સ્વામી,
સદાચરણને સેવું હું તો ચીત ધરી. પ્રીતમ.

ભજન ૯૨ મું.

તાલ લાવણી.

મુખડું જોયા વીનારે મુને ઘડીએ ન જાય,
ઘડીએ ન જાય મુને પળ ન સવાય. મુખડું
પ્યારા તમો સાથે પ્રીતો બંધાણી તેથી
તનડું મારૂં તણાય;
નમેરા થઇને નેન ખેંચાઓ ત્યારે
આકુળવ્યાકુળ જીવ થાય. મુખડું.
કઠીણ હૃદયના તમે થયારે કેશવજી,

તમને ઝાઝું નવ કહેવાય;
કુડીયા થઇને કંઠે રાખી હવે,
માયા ન રાખો મન માંય. મુખડું.
સમરથ જાણી અમે સંગતો કીધીવાલા
મરમ ન જાણ્યો મનમાંય,
ત્રીકમજી તોલ રાખવો હોય તો
આવીને મળજો પ્રભુ આંય. મુખડું.
દલપતસિંહના સ્વામી દરશન દીધાં તેથી
હૈડું મારૂં હરખાય,
આવાગમનનો ફેરો મેટયો ત્યારે,
આનંદ ઉર ન સમાયરે. મુખડું.

ભજન ૯૩ મું.

તાલ લાવણી.

સતગુરૂ શબ્દોનાં બાણુ વાગ્યાં રે વાગ્યાં રે
વાગ્યાં બાણુ વાગ્યાં,
વચનો વાલાનાં મીઠાં લાગ્યાંરે લાગ્યાં રે
લાગ્યાં બાણ વાગ્યાં;

ભજનસુધા રસપાન કરીને,
ભુંડી સોબતથી અમે ભાગ્યાં રે ભાગ્યાં રે
ભાગ્યાં બાણ વાગ્યાં. સત.
સહજ સમાધીશ મરણ કરીને,
જગાડયાં સતગુરૂનાં અમે જાગ્યાં રે જાગ્યાં રે
જાગ્યાં બાણ વાગ્યાં. સત
જોગ કળા તણી ગતી સૌ જાણી તેથી,
ભવસાગર ભય ત્યાગ્યાં રે ત્યાગ્યાં રે,
ત્યાગ્યાં બાણ વાગ્યાં. સત.
દલપતસીંહ કહે ગુરૂના પ્રતાપે,
માલીકને સમરી માન માગ્યાં રે માગ્યાં રે
માગ્યાં બાણ વાગ્યાં. સત.

ભજન ૯૪ મું.

તાલ લાવણી.

રામપ્રતાપે રંગ લાગ્યો રે લાગ્યો રે
લાગ્યો રંગ લાગ્યો,
સતગુરૂના શરણે હું તો જાગ્યો રે જાગ્યો રે

જાગ્યો રંગ લાગ્યો,
મેહેર કરીને મને મળીયા મોરારી,
ભવસાગરનો ભય ભાગ્યો રે ભાગ્યો રે
ભાગ્યો રંગ લાગ્યો. રામ.
કરમ ધરમવડે કેશવ મળીયા,
તુચ્છ કરમોનો સંગ ત્યાગ્યોરે ત્યાગ્યોરે
ત્યાગ્યો રંગ લાગ્યો. રામ.
નેહ કરી મેં નીરખ્યા બહુ નામી,
સતગુરૂ શબ્દોનો માર વાગ્યોરે વાગ્યોરે
વાગ્યો રંગ લાગ્યો. રામ.
દલપતસિંહે દીલમાં વિચારી,
મનવાંચ્છીત વર માગ્યો રે માગ્યો રે
માગ્યો રંગ લાગ્યો. રામ.

ભજન ૯૫ મું.

તાલ લાવણી.

સાહેબને સમરી સંતો તરીએ રે તરીએ રે,
તરીએ સંતો તરીએ.

ફોગટ ફીકરમાં નવ ફરીએ રે ફરીએ રે,
ફરીએ સંતો તરીએ. સા.

શેવા શમરણ સદાય કરીને,
ધ્યાન ધણીનું ચીત ધરીએ રે ધરીએ રે;
ધરીએ સંતો તરીએ. સા.

કાધ મોહ મદ ક્રોધ તજીનેં,
વરતો વીઠ્ઠલ વરને વરીએ રે વરીએ રે;
વરીએ સંતો તરીએ. સા.

સતગુરૂ સંતોની શેવા કરીનેં,
પુરવના પાપને પરહરીએ રે હરીએ રે;
હરીએ સંતો તરીએ. સા.

સતનામી સાથે સ્નેહ કરીને,
દારૂણ દુખોથી નવ ડરીએ રે ડરી રે;
ડરીએ સંતો તરીએ. સા.

દલપતસીંહ કહે આ દુનીયાંમાં,
કરૂણાસાગરનું કીરતન કરીએ રે કરીએ રે;
કરએ સંતો તરીએ. સા.

ભજન ૯૬ મું.

તાલ દિપચંદી.

પ્રીતમ અપને પાસ દુનીયાં દુર બતાવે, પ્રીતમ.
સચ્ચીદાનંદ આનંદ સબમેં વ્યાપક,
જ્યું ફુલનમેં બાસ દુનીયાં દુર બતાવે. પ્રીતમ.
રામકા નુર રહા ભરપુરા જ્યું સુરજ બીંબ પ્રકાસ,
દુનીયાં દુર બતાવે પ્રીતમ અપને પાસ.
પૃથવી પતાલ પરવત રહા હે, અખંડ બ્રહ્મ આકાસ;
દુનીયાં દુર બતાવે, પ્રીતમ અપને પાસ.
દેખત ભુલી હે દુનીયાં દરસન કરે હરદાસ,
દુનીયાં દુર બતાવે, પ્રીતમ અપને પાસ,
દલપતસીંહપે દયા કરી કે, પ્રગટ હો પુરી આશ.
દુનીયાં દુર બતાવે, પ્ર તમ અપને પાસ.

ભજન ૯૭ મું

તાલ દીપચંદી.

નારાયનકો નામ જીયરાજ પોતન મનસેં, નારાયનકો.
નિજ નામસેં કે તે જન તરીયા, ઓહી આતમ
અભીરામજી.

પ્રીત કરીવાકું પાર ઉતારે, સોચીત રાખો શામ. જીયરા.
તીન લોકકે હેએ તારન, વોહી હમારો ઘનશામ જીયરા.
નામકી મહીમા અગમ અપારા, સુખસાગર સુખધામ. જી.
કરદો જોડ કહે દલપતસિંહ, વિશ્વપતી દયો વીશરામ. જી.

ભજન ૯૮ મું.

તાલ લાવણી.

વીર અમારારે, એતો બાગ બગીચાના રસીયા,
આવી અલએલોરે, મારા રૂદા કમળમાં વસીયા;
ઉતરા ખંડથીરે, આવી ઉજેણ થાનક થાપ્યું.
રાજા વીરનેરે પરદુખ ભંજન પદ આપ્યું;
થાનક ઠાવુંરે, માળવમઢ સીધવડ કીધું.
જેણે જેણે સમર્યારે, ત્યાં આવીને દરશન દીધું;
જોગણી ચોસઠનારે, તમે આગેવાન છો અલએલા.
શેવક જનનીરે, વાલા વારે ચડો છો વ્હેલા;
પીર પેગમ્બરરે, દેવી દેવતાઓના છો પ્યારા.
સૌને રાખી સંગમાંરે, વાલા ખેલ ખેલોછો ન્યારા;
માળવ મુકીરે આવ્યા દાસ દલપતને મળવા.

ઉડણી નગરમાંરે સુખ સંપત શુભ કરવા;
દીન દયાળુરે, દલપતસીંહના છો દાતા.
સ્વામી આસમૈએરે, શુભ લેખ લખ્યાતા વીધાતા.

ભજન ૯૯ મું.

તાલ ચલતી.

વાલાજી મારા શેવકની વારે વેલા ચડજો;
દારિદર દુખડાં હરજોરે, માળવગઢ વાળા.
ભજું તારા નામની માળારે, માળવગઢ વાળા.
વાલાજી સમરૂં હું નામ તમારૂં.
સૌ જગ મંગલ કરનારૂ રે, માળવગઢ વાળા.
વાલાજી મારા જગમાં જે જનને તું મળીયો;
બીજો કોણુ એ સમ બળીયોરે. માળવગઢ વાળા.
વાલાજી તારો વીક્રૂમે આશરો લીધો;
એને પરદુખ ભંજન કીધોરે. માળવગઢ વાળા.
વાલાજી તમે અનેક સંતોને ઉગાર્યા;
કઇ દુષ્ટ જનોને માર્યારે. માળવગઢ વાળા.
વાલાજી મારા ઇંદ્ર વરૂણુ યમ જેવા;

એ સરવે કરે તુજ સેવારે. માળવગઢ વાળા.
વાલાજી મારા શેવકની સહાય તમે કરજો;
હરદમ સંકટ હરજોરે. માળવગઢ વાળા.
વાલાજી મારા દલપતદાસની અરજી;
સ્વીકારો કરી મરજીરે. માળવગઢ વાળા.
વાલાજી મારા પ્રેમે આ પદને કોઇ ગાશે;
તેના સુફળ મનોરથ થાશેરે. માળવગઢ વાળા.

ભજન ૧૦૦ મું.

તાલ હીંચ.

રામનું રટણ કરો લોકોરે, જગતમાં જમદુતનો ધોકો,
કોલ કરી કેશવની સાથે, આ દુનીયાંમાં આવ્યોરે;
આવી ભુલીગયો તું ભાઇરે, મોહમાં મુઢ રહ્યો ફસાઇ. રા.
કરવાનું તે કાંઇ ન સુજ્યું, રયો ભુલી તે ભર્માઇરે;
પંથી બગાડી બેઠો પાયોરે, જગતમાં આવ્યો થયો નાવ્યો.
મન માનતી મોજો કરીને, ગોવીંદના ગુણ ના ગાયો;
ફોગટ રયો તું ફુલીરે, ભજ્યાનો ભેદ ગયો ભુલી. રા.
દલપતસિંહ કહે આ દુનીયામાં, ભજન કરો ભરપુરરે;
જીવને જુગતીમાં રાખોરે, પ્રેમરસ પ્રેમ કરી ચાખો. રા.

ભજન ૧૦૧ મું.

તાલ દીપચંદી.

સાખીઓ વીર માહારાજની.

સાજું રાખો શરીર, દુખ સરવે દુર કરી;
વારે રહેજો વીર, મુજ શેવકની મશાણીયા.
સેવું તો સધીર, એકે મને ઓળગ કરી;
વારે રહેજો વીર, મુજ શેવકને મશાણીયા.
તેં રાખી હદટેક મહાવીર તેં રાખી હદ ટેક;
આવે શેવક અનેક, મહાવીર તેં રાખી હદ ટેક.

સાખ.

ધારણ રાખું ધીર, અલબેલા તુજ આશરે;
વારે રહેજો વીર, મુજ શેવકને મશાણીયા.
વીર પધારે વાડાએ, ઝળહળ ભાલો હાથ;
તેજી આવે ટપતા, સહવીરાંરો સાથ.
દેવીને વળી દેવતા, પેગમ્બરને પીર;
સૌને સંગમાં લઇ ચડે, વારૂં કરવા વીર.
પંચાળીને પુરીયાં, જેમ જદુ ાથે ચીર;
અણવિધ હલ્લપતસિંહની, વારૂં કરજો વીર.

માળવ ધરરાપાટવી, ઉજાણુગઢરા રાય;
કર જોડી દલપત કહે, સદા રહો મમ સાય. તેંશાખી.

ભજન ૧૦૨ જું.

તાલ લાવણી.

બંદા કયું ન જપે કીરતાર,
ભજન કરી ઉતરજા ભવપાર.
તું સફળ કરે અવતાર. ભજન કરી
ભજનથી ભેદ પાયા કબીરા,
ત્રીકમ દીયા વાકું તાર. ભજન કરી.
અનેક સંતનકું યહી બીધસે,
ઇશ્વર દીએ ઉધાર. ભજન કરી.
સુકૃત કરની કરો મેરે સંતો,
માથે જમકા માર. ભજન કરી.
માયાકી છાયામેં મીલકે સંતો,
સુધરા નહીં સંસાર. ભજન કરી.
દુકૃત કરમો દુર કરો ભાઇઓ,
સુકૃત મેં હે સાર. ભજન કરી.

દલપત કહે આ દુનીયામેં,
ફરી લ્યો ઉત્તમ કાર. ભજન કરી.

ભજન ૧૦૩ જું.

તાલ દિપચંદી. રાગ કાફી.

સેવો સલુણા શામરે, સાચા દીલથી સેવો સલુણા શામ.
વાલો જગત વીસરામરે, સાચા દીલથી સેવો
સલુણા શામ.
શામ સલુણો ચાશે રૂદેમાં, તેનાં કોટીક સરશે કામ, સાચા.
ટચલી આંગળીએ ગોવરધન તોલ્યો,
સ્વર્ગ સુધી વાધ્યો વામ, સાચા દીલથી.
શામળી સુરત મોહની મુરત,
જગત જપે જીબજામ, સાચા દીલથી.
મોર મુગટ મુસ્તકપર શોભે,
કુંડલનું શોભીતું કામ; સાચા દીલથી.
કર બેઉ જોડ કહે દલપતસિંહ,
અલબેલો મારો અભીરામ; સાચા દીલથી.

ભજન ૧૦૪ થું.

તાલ લાવણી.

હો જા રામનામ કા દાસા, બંદા છોડ પરાઇ આશા;
આશા છોડ કે દાશા હુવા દાશા કું કયા આશા.
આશા કર લે અલખ ધણીકી, નહીં હોગા નીરાશા. હોજા.
મેરા મેરા કરે માન્યા, પડયા પ્રેમકા ફાંસા;
એ ફાંસામાં ફસી રયા તું, હોયા નહિ હરી દાસા. હોજા.
સ્વપનરૂપી સંસાર ન સમજ્યા, પેના પિતામ્બર ખાસા;
બાજીગરને બાજી સમટી, છુટા હાથસેં પાસા. હોજા.
કાયા માયાકા કરી ભરૂંસા, એક ન કીયા અપવાસા;
જમડા જકડી લે ચલેગા, જંગલ હોયગા વાસા. હોજા.
કહે દલપતસિંહ સુણો ભાઇ સાધુ,
ભજનકા રખો અભ્યાસા;
પ્રીતમ સાથે પ્રીત કરી કે, હો રેણા હર દાસા. હોજા.

ભજન ૧૦૫ મું.

તાલ ચલતી.

બંદા સમર સીયારામ, તેરા કયું બીગડેગા કામ.

આતમરામ અંદરજા બેઠા, ઠાવા ઢુંઢ કે ઠામ;
દેખ શકે તો દેખ લે પ્યારે, ધીરા કે એહી ધામ, બંદા.
રામ રટે સો પાર ઉતરગે, કરી કે સુકૃત કામ;
સાચે દીલસેં શમરણ કર લે,
અધિક હોગા અ તમામ, બંદા.
ભીર હરન પ્રહેલાદ ભગતકી, આએ અંતરજામ;
હીરણાકંસકું હણ્યો મેરા હરીએ,
સાય કરી મેરે શામ, બંદા.
રામકા નામ જપ્યા જો જનનેં, કીયા ઉત્તમ કામ;
એહી રામકું રખો રૂદેમેં, નીશદીન સમરો નામ, બંદા.
કહે દલપતસીંહ સુણો ભાઇ સાધુ, હીરદે રખકે હામ;
એહી રામકા રખો ભરૂંસા, સફલ હોગા સબ કામ, બંદા.

ભજન ૧૦૬ ઠું.

ભરથરીના રાગનું.

હક રે તાલા હીરદે ધરીરે જી,
કરી લ્યો કાયાનું કલ્યાણ, હક.
સતરે ગુરૂની લેજો સાયતારે જી,

ભાવ કરી ભજને ભગવાન રે. હક.
આગળ કરણી આવશેરે જી,
ધણી પર રાખજે ધ્યાન જી, હક.
નબીરે નામની નાવે ચડી રે જી,
રૂદામાં સમરજો તમે રામરે;
તો તમે પાર ઉતરશોરે જી,
કેશવ કરશે શુભ કામરે. હક.
અલ્લારે તણો લેજો આશરોરે જી,
અલખ અલ્લા ખલકના દાતારરે:
સાયતા કરશે સમરથ ધણીરે જી,
વાલો મારો કરશે ના વારરે. હક.
રામ રેમાન એક માનજોરે જી, ભુલજો મત સંતો ભેદરે;
અભેદ ભેદ સંતો ભેદજોરે જી,
વદી ગયા સુરતીમાં વેદ રે. હક.
દલપતસીંહ કહી દાખવેરે જી,
સંતો તમે માની લેજો સધરે;
ભુલશો નહી આ ભેદમાં રે જી,
ત્યારે તો ભજશે ભવાધરે, હક.

ભજન ૧૦૭ મું.

તાલ લાવણી.

કોઉ કીસીકા હોયા ન હોગા,
પ્રાણુ જુઠી માયામે પરોતા હે;
કર તું બંદગી સુધાર જંદગી,
સાહબ સબકા હોતા હે. કોઉ.
ભાઇ ભતીજા ઓર ભારજા,
સબ મતલબકું મોતા હે. કોઉ.
જુઠી જગ જંજાલમેં પડકે,
ખરી બાત કયું ખોતા હે. કોઉ.
દીલ ચાહે તો કરી દેખ લે,
જગદીશ સબકું જોતા હે. કોઉ.
દલપતસીંહ કહે યહ દુનીયામેં,
સાહબ સબકા શ્રોતા હે. કોઉ.

ભજન ૧૦૮ મું.

ચલતી.

કરતાકી કુદરત ન્યારી ન્યારી, કરૂણાનીધી કુંજબીહારી

દીએ દાસ ઉધારી કરૂણામોંપે કીજીએજી. કરતા.
રાજા રાવનકો છીનમેં, મારા ધારા જો દીન મેં,
સેવકકું લંક દીની સારી, કરૂણાનીધી.
બાઇ મીરાંકો તારી, અવીનાશી આય ઉધારી,
વીઠલજીવારી બલહારી, કરણાનીધી.
પ્રેલ્હાદકો પ્રેમ વીચારી, હીરણાકંસ દીનો મારી.
નાથ નરસીંહરૂપ ધારી, કરૂણાનીધી.
દુષ્ટો કો દીને મારી, સેવકજન લીને તારી;
ગુન કે સાગર હો ગીરધારી, કરૂણાનીધી.
દલપત કે દીલમેં માલા, દરશન દો દીન દયાલા;
ભક્તવત્સલ છો ભગવતભારી, કરૂણાનીધી.

ભજન ૧૦૯ મું.

તાલ ચલતી.

રાઘવ રામ સમરૂંગારે, સાગર સેજ તરૂંગારે.
નેકી કી તો નાવ બનાવું, સત કા શઢ ચડાવું,
ધરમ દયાકી ધજા ચડા કે, સેજે સાગર તરજાવું. રા.
શીલ સંતોશ સદા ચીત ધરકે, નીતિકા નાવ ચલાવું;

અનીતિકો અલગ કરી કે અજર અમર પદ પાવું;
ભલી બુરી કે ભેદ મેં જાનું સબહી ચીતમેં સમાઉ.
સતગુરૂ સાચી સાય કરી, તબ ગુન ગોવિંદકે ગાઉં;
કરની ઐસી કીજે સંતો, જાસે રામજી રીઝે.
તનમન ધન અરપણ કર દીજે, તંબહીં પ્રભુ પતીજે;
કર દો જોડ કહે દલપતસિંહ, રદે રામ રખ લીજે.

ભજન ૧૧૦ મું.

રંગ ઠુમરી કવાલી.

પ્રીત લગા કીતજાઓ સાંવરીઆ મોરે પ્રીતમ પ્યારેરે;
જીસ દીનસેં મે નીરખે નયના, દરસ ચહું દીન રૈનારે.
અબ મોહી છાંડ ચલે કયું પ્યારે, નાહીં કરૂં મેં ન્યારે;
બીન દેખે મોહી ચેન ન આવે, નાહીં સેજ સોહાવેરે.
મન મોહન મનહરને હારે, નવ જાવ કનૈયા કારેરે;
અબ મોરી અરજ સુની અલબેલે, નજરૂ કીજે નવેલેરે.
દલપતસીંહપેં દયા કરનેવારે, તુમ હો માથ હમારેરે.

ભજન ૧૧૧ મું.

તાલ ચલતી લાવણી.

સતસંગ લગા વાકુ રંગ લગા,
સંગ વીણુ રંગ નહી લગતા હે;
મુઢમતી કે હે માનવ,
ચીતસેં કયું નાં સમરતા હે. સત. ૧
અંધા આગે જ્યું આરસી,
મુરખ આગે ત્યું માલા હે;
મુઢમતી કે હે માનવ,
ચીતસે કયું નાં સમરતા હે. સત. ૨
બુરી બાતમે દીલ બહેકાતા,
ભલી બાતસે ભક્તા હે;
મુઢમતી કે હે માનવ,
ચીતસેં કયું નાં સમરતા હે. સત. ૩
નેકી નજરમેં નહિ લાતા તું,
બદી ના બીસરાતા હે,
મુઢમતી કે હે માનવ,
ચીતસે કયું નાં સમરતા હે. સત. ૪

ધરમમેં ધ્યાન નહિ રખતા તું,
પાપમેં પતંગ જ્યું પડતા હે;
મુઢમતી કે હે માનવ,
ચીતસેં કયું નાં સમરતા હે. સત. ૫
કર દો જોડ કહે દલપતસીંહ,
ધ્યાન ધીરેકા નહિ ધરતા હે;
મુઢમતી કે હે માનવ,
ચીતસે કયું નાં સમરતા હે. સત. ૬

ભજન ૧૧૨ મું.

રાગ ચલતી.

હરદમ હર સમરૂંગારે, ભાવસે ભજન કરૂંગારે;
ભજન કરકે ભેદ મેં પાયા, આતમરામ ઓળખાયા;
દેદાર હો યા દિલકે ભીતર, ગુરૂ ગમસે ઘર પાયા હર.
ઇંગલા પીંગલા અલગ કરકે, સુખમણુમેં ચીતલાયા.
ઓહંગ સોહંગ અજબ મામલા,
દસમે દ્વાર દરસાયા. હર;.
પુરવ જનમકી પ્રીતે કરી કે, ગુન ગોવીંદકા ગાયા;
માલકકી મહેરબાની હુઇ તબ,
નીરભય પદ મેં પાયા. હર.

ગુરૂસે જ્ઞાન હુવા મેરે ઘટમેં, ભુલો મત મેરે ભાયા;
સાચે દીલસેં સમરન કરકે, રખો રામસે દાયા હર.
કરદો જોડ કહે દલપતસીંહ, રહો રામકી છાયા;
ચીત ધરીકે સમરન કરકે, મીટો જુઠી તમ માયા. હર.

ભજન ૧૧૩ મું.

તાલ ચલતી.

ભોળા શંભુ ભવસાગર તારો,
ભવભવનાં નાથ કષ્ટ નિવારો. ભોળા.
નાથ નીરંજન ભવ દુખ ભજંન,
નેક નજરસેં મોપેં નિહારો. ભોળા
તીન લોકકે તુમ તારન હારે,
સમરથ શંભુનાથ હમારે. ભોળા.
જાલંધરકુંવર દેને વારે,
એસે અનેક જનકે હો આધારે. ભોળા.
દલપતસીંહ પેંદા કરનેવારે,
કયા ગુન ગાવું મેં નાથ તુમારે. ભોળા.

ભજન ૧૧૪ મું.

રાગ કાફી.

નીત્ય નવાં નુર જો ચાહો,
ભજન કરો ભરપુર;
ભજનથી ભવપાર ઉતરશો,
મળશે વાલો હાલ હજુર. ની.
ત્રણુ લોકનો છે એ તારણ,
દયાલથી નવ રહો દુર. ની.
સંકટ વિહારણ છે હરી સમરથ,
જાશે દુખ જરૂર. ની.
સમરણ કરો સુંદર વરનું,
ગુણીજનો તજજો ગરૂર. ની.
કર દો જોડ કહે દલપતસીંહ,
અંતરજામી રાખો ઉર. ની.

ભજન ૧૧૫ મું.

રાગ તાલ ઉલાળો.

અમે કરણીનાં ફળ સંતો કહીએરે,

સઉ સમજીને ચીતમાં લહીએ;
કરણી ધ્રુવજીએ ઉત્તમ કીધી,
દીધી અવિચળ પદવી ધીરે. સહુ.
કેકાઇને કુડે કરમે કરીને,
સુખ સ્વામીનું નાંખ્યું ફરીનેરે. સહુ.
ભીતરની ભક્તી મીરાંબાઇની ભાળી,
તેથી વેગળાં ન કીધાં વનમાળી. સહુ.
ભક્ત પ્રલ્હાદને ભયથી ઉગારી.
નાંખ્યો હીરણાકંસને વીદારી. સહુ.
પાંડવોની પ્રતમા પ્રભુજીએ પાળી,
હરીદાસ તારો હદવાળી સહુ.
કૌરવે કરણીં સારી નાં કીધી,
તેથી હરીએ સત્તા હરી લીધીરે. સહુ.
ભકત વિભિક્ષણ લંકાપતી કીધો,
રામે દાસ જાણી આશરો દીધો. સહુ.
રાવણે રૂડાં કામ નવ કીધાં,
એનાં દસે મુસ્તક છેદી દીધાં. સહુ.
સુકરીત કરણી કરો મારા સંતો,

જ્ઞાન ધ્યાનમાં રેજો ગુણવંતોરે, સહુ.
શીખામણ દલપતની દીલ ધરજો,
તમે પુન્ય કરી પાપ પરહરજોરે. સહુ.

ભજન ૧૧૬ મું.

રાગ તાલ ચલતી.

નામને નાવ બેસી તરીએરે.
હીરદે ધરી હરીને સમરીએ,
સદગુણ ચીત સદાય ધરીને;
કમળાવરનું કીરતન કરીએરે. હીરદે.
હરી હરી હરદમ હીરદામાં લીજે,
આઠે પોર ઉચરીએરે. હીરદે.
વીઠ્ઠલવરની વિનતી કરતાં,
દુરીજનથી નવ ડરીએરે. હીરદે.
ચતરૂભુજનો ચુડલો પ્હેરી,
ફીકર વિનાં થઇ ફરીએરે. હીરદે.
દલપત કહે આ દુનીયામાં,
પુન્ય કરી પાપ પરહરીએરે. હીરદે.

ભજન ૧૧૭ મું.

રાગ ઉપર પ્રમાણે.

રામજી વિચારો સંતો સોઇરે. પ્રીતમ વીના કોણ
પ્રાણીનું હોઇ.

સગું ને સાગવી કુટુંબ કબીલો,
અંતે આપણું ન હોઇરે. પ્રીતમ વીના કોણ:
પ્રીણીનું હોઇ.

કેતા ગયા મંદીર માળીયાં મેલી,
કેતા ગયા ધર ખોઇરે. પ્રીતમ વીના કોણ પ્રાણીનું.

જુઠી માયા તણો જગત કરે ઝઘડો,
હરી કરે સો હોઇરે. પ્રીતમ વીના.

મોહ મમતાની મહા જાળમાં પડીને,
નિકળ્યા જોયા નહિં કોઇરે. પ્રીતમ વીના.

દલપતસિંહ કહે આ દુનીયામાં,
સમરણ કરો સૌ કોઇરે. પ્રીતમ વીના.

ભજન ૧૧૮ મું.

તાલ ચલતી.

માણેકની શોધ કરતાં મને મળી આવ્યું મોતીર;
એરે મોતીને સંતો લેજો તમે ગોતી.
મોતીના કારણીયે હું તો ઘેરે ઘેર જોતીરે;
પ્રેમ કરી ચિંતમાં પરોતીરે. એરે મોતીને સંતો.
એરે મોતીડું મારે મોઘા મોઘા મૂલનુ રે;
ઝાઝાં જતન કરી જોતીરે. એરે મોતીને સંતો.
માણેકની શોધ કરતાં મને મળી આવ્યું મોતીરે;
એરે મોતીને સંતો લેજો તમે ગોતી.
મોતીમાં દેખાય છે મણી જે દેખતાંરે;
હરીનાં કરેલી એતો હોતીરે. એરે મોતીને સંતો.
દલપતસિંહ કહે સહી કરી લેજો સંતો.
નિરખવામાં કોઇને નોતીરે. એરે મોતીને સંતો.

ભજન ૧૧૯ મું.

રાગ ધીરાની કાફીનો.

હુંહના કરો ઠાલીરે ચાર દિનનું ચટકું લ્યો મહાલી,
દુનીયાં થશે હવાલીરે, આખરતો જવું પડશે ચાલી. હુંહ.

સાખી.

અભીમાનમાં અંધ થઇને, ચાલો બણી ચતુર,
ઉતરી જાશે એક પલકમાં, જેમ નદીનું પુર;
પાછળથી પસ્તાસોરે જુઠનો પાલવ બેઠા ઝાલી. ઢુંઢન.
રહ્યા નહિં કોઈ રહેશે જગતમાં, રાજા રંક ફકીર,
મોટા મોટા મુનીજન સરખા, શકયા ન રાખી શરીર;
મેલી જાશો માયારે દુનીયાંને દેખત દૈ તાલી. ઢુંઢન.
અંધકારમાં તમે જઈ અકળાશો, એકે ન સુજે આરો,
જુઠા મનને જુગતીમાં લાવી, વેધુ થઇને વીચારો;
અચાનક ઉઠી જાશોરે ખંખેરીને હાથ ખાલી. ઢુઢન.
દલપતસિંહ કહે થૈને ડાહ્યા, ભેદ અભેદ ન ભૂલો,
હાથે એ સાથે સમજીને, દુકતમાં નવ ડુલો;
પ્રેમી થઇ પુરારે, હરીને સમરો હામ ધાલી. ઢુંઢન

ભજન ૧૨૦ મું.

રાગ કાફી.

ભક્તી કરો સાચી,
શામળીયાની ભક્તી કરો સાચી.

સલ્યા મટાડી અહલ્યા ઓધારી,
ખાંત કરી ખાસી. શા.
નરસીંહ ભક્તની હુંડી સ્વીકારી,
પ્રભુનાં ફેરી પાછી. શા.
ગોપીયોનો ગર્વ મેટવા ગીરધારી,
રહ્યા કુબજાથી રાચી. શા.
કર બેઉ જોડ કહે દલપતસીંહ,
કાંય ના રાખો કાચી. શા.

ભજન ૧૨૧ મું.

રાગ કાફી.

તારી કુદરત ન્યારી,
ગોવરધન તારી કુદરત ન્યારી.
ટચલી આંગળીએ ગોવરધન તોળ્યો,
બળવંતા બલહારી. ગો.
ભીડ હરણુ પ્રેલાદ ભગતની,
દીધો હરણાકંસ મારી. ગો.
પાંડવોને પુરણુ પ્રીત બતાવી,

ન લાગી કૌરવોની કારી. ગો.
વૈમાન આપીને વીઠલા,
તમે ગણીકાને ઓધારી. ગો.
પુરવની ભક્તીનો પ્રેમ જાણી,
દીધો દલપતસીંહ તારી. ગો.

ભજન ૧૨૨ મું.

રાગ તાલ દીપચંદી.

વેડેશમાંરે વાડી મારી વેડેશમાં,
મારી વાડીના માળી, વાડી મારી વેડેશમાં.
પાઈપોષીને તેં તો બાગ બનાવ્યો,
હરદમ કળીયો હેરેશમાં. મારી વાડી.
અનેક જાતનાં ફુળ ફુલ એમાં,
એને જુલમી ઝૈડે ઝંઝેશમાં. મારી વાડી.
વન વનની લકડી આવી મળી સંજોગે,
ઘુમરે ઘાલીને એને ઘેરેશમાં. મારી વાડી.
ઉછેરીને એને અળગાં કરીશમાં,
ભંભેરાઈને એને ભેળેશમાં. મારી વાડી.

કરજોડીને દાસ દલપત કહે છે,
વનમાળી તું વખેરેશમાં. મારી વાડી.

ભજન ૧૨૩ મું.

રાગ ધીરાની કાફીનો.

સ્વરૂપના સુજેરે, દરપણ તારે પાસે પડયું;
બીજાને શું બુજેરે, ચીતડું શીએ ચાળે ચડયું. સ્વરૂપ.
ગગન મંડળમાં એક ગુરૂ દવારો, માંય
વીશ્વંભરનો વાસ,
અલખ અખંડીત ઓપે એમાં, પૂરણ બ્રહ્મ પ્રકાસ;
જોતીરૂપ જબરૂંરે, જોયા વીના એ ન જડયું. સ્વરૂપ.
એ મંડળમાં દસ દરવાજા, પોળોનો નહી પાર,
એમાંનું તુને એકે ન સુજયું દરવાજાનું દ્વાર;
મુંઝાણો રહિ માંહીરે, નગણા નક્કી પાપ નડયું. સ્વરૂપ
ગહેરીએમાં વહે છે ગંગા, સુજીના અમૃત સમાન;
પાપ નીવારણ પરખી શકયો નહીં, પ્રેમે કર્યું નહીં પાન.
ભાન ગયો ભુલીરે, જ્ઞાન આતું કોણે ઘડયું. સ્વરૂપ.
ઓહં સોહં ઓળખી શકયોનાં, અંધા થઇને અજાણ.

માયાના મદમાં મોહીત થઇને, પરખ્યાં ન વેદ પુરાણ;
દલપતસીંહ દાખેરે, અનાદીનું કરમ અડયું. સ્વરૂપ.

ભજન ૧૨૪ મું.

રાગ કાફી ધીરાની.

પ્રભુ વસે પાસેરે, શોધો બીજે શું કરવા;
ગુરૂ કરો જ્ઞાનીરે, વિઠ્ઠલ વરને વરવા. પ્રભુ.
જ્ઞાન ધ્યાનમાં રહી ગુણવંતો, સોધી વીચારો સાર,
અજ્ઞાન સરવે અલગ કરીને, પ્રીતમથી કરો પ્યાર;
શાણાજનો સમજો રે, પુરવનાં પાપ પરહરવા. પ્રભુ.
કસ્તુરી કેવી રહી છે છુપાઇ, મૃગના નાભી માંય,
જ્ઞાન વીના એના ગુણનાં સમજ્યો, કરી પરીક્ષા કાંય;
ભુલીને શું ભટકેરે, ફોગટના ફેરા ફરવા. પ્રભુ.
જેમ જગતમાં પ્રસરી રહ્યો છે, સુરજ બીંબ પ્રકાસ,
એક એકમાં એમ રહ્યા છે, વિશ્વપતીનો વાસ;
દીપક લઇ શું દેખેરે, બુદ્ધી તારી બેડી બળવા. પ્રભુ.
ઘાટ ઘડયા પછી નામ આરોપ્યાં, આખર કંચન એક,
એમ હરી મારો અલખ અગોચર, વેધુ વીચારો વીવેક;
દલપતસિંહ દાખેરે, ત્રીકમ સમરો તરવા. પ્રભુ.

ભજન ૧૨૫ મું.

રાગ ધીરાની કાફીનો

ખાંત કરી ખોળોરે, દુનીયાંમાં શું દેખી દોડો;
વસ્તુ જોઈ વોરોરે, આવ્યો કળયુગનો પોરો. ખાંત.
સત્ય ધરમપર સ્નેહ અવીચળ, નેમથી પાળો નીત,
ખરીવાત નીરખોજ કરીને, પ્રભુથી રાખો પ્રીત;
રીત એવી રાખોરે, જ્ઞાની થઇ શું ઘોરો. ખાંત.
ભવસાગરની ભુલવણીમાં, ભુલ્યા કાં ભરમાઇ,
કરવાનું તે કરી ન શકયા, ફોગટ જાશો ફસાઇ;
ભેદ ભુલ્યોરે, મળશે નહીં આવો મોરો. ખાંત.
કાંના વીચાર્યે કરણી તમારી, માથે છે જમ માર,
સુકૃતને રાખોકાં છેટે, એળે જશે અવતાર;
ભાર થશે ભારેરે, નહીં એમાં ચાલે નોરો. ખાંત.
દલપતસીંહ કહે આ દુનીયાંમાં, કોઇનું ન સમજો કોઈ,
મારૂં મારૂં મનમાં માની, મીથ્યા રયા શું મોઇ;
જોઈ નવ જાણ્યુંરે, તજી અભીમાન તોરો. ખાંત.

ભજન ૧૨૬ મું.

રાગ કવાલી.

પ્યારે કયા રહે ગફલતમેં, વસીલા કર સાહબ તેં;
બની યહ જુઠકી બાજી, રહેતાહે દેખ કયા રાજી.
રહા ના કોઇ રહનેકા, બુરા યા ભલા સંગ બહેનેકા;
માયામેં મસ્ત બની સોતા, ગફલતસેં ખાયગા ગોતા.
બની ના સાહેબકી બંદગી, બીગડ ગઇ જુઠસેં જંદગી.
સમજકે ચેત સહેલાની, અખિર ના રહેગી એહલાની;
કહે દલપત તું હોદાના, બુઝી ખોજ સાહેબકા બાના.

ભજન ૧૨૭ મું.

રાગ તાલ ચલતી.

કયા કહું કુદરત તેરી મેરે દાતા,
ના ચલે અકલ મેરી હોઓજી;
તેરી કુદરતકું તુંહી જાને,
એ તન ગોદડી અંધેરી. મેરે દાતા.
પાંચ તત્વકી બની ગોદડી,
જીસકે ઉપર ડેરી હોજી;

એ ડેરીમેં વાજા વાગે,
સુરતા લગી વાં મેરી. મેરે દાતા.
જ્ઞાન ગોદડીમેં નવસો નદીયો,
ઓ હંસોકી શેરી હોજી;
શેરી ચલકે સુખમણ પાયા,
જગમગ જોત ઉજેરી. મેરે દાતા.
ગુરૂ મલીયા તીમીર ટલીયા,
નવનીધ આઈનેરી હોજી;
ભ્રમકા ભેદ ભીતરસેં પાયા,
અંધેરી ગોદડી ઉજેરી. મેરે દાતા.
સાહેબ સમરો ચીત ધરીકે,
ના કરો તેરી મેરી હોજી;
કહે દલપતસીંહ સુનો ભાઈ સાધુ,
સોધો કાયા સુધેરી. મેરે દાતા.

ભજન ૧૨૮ મું.

રાગ ઉપર પ્રમાણે.

ઓર નહીં આધારા મેરે સાહેબ,

તુંહી તારન હારા હોજી.
તિન લોકમેં તુંહીં ચરાચર,
અખંડ જોત ઉજીયારા હોજી.
જ્યાં દેખું વાં તુંહી તુહી હે,
તેરે બીન કૌન ઠોર ન્યારા મેરે.
તુંહી કરતા તુંહી હરતા,
તો બીન નહીં નીસતારા હોજી.
અધમ ઓધારન કષ્ટ નિવારન,
તુંહી સબીકા પ્યારા મેરે.
તુંહી માતા તુંહી પીતા,
તુને દીયા અવતારા હોજી
તેરે બીના કૌન તીન લોક મેં,
હે તારન હમારા મેરે.
સાહેબ નામકા સમરન કર લો,
સમજ ચલો સંસારા હોજી.
કહે દલપતસિંહ સુનો ભાઇ સાધુ,
તબ ઉતરો ભવ પારા મેરે.

ભજન ૧૨૯ મું.

રાગ કાફી ધીરાની.

સાર નવ સમજ્યોરે, ડહાપણ હવે શું ડોળે.
ભેદ બધો ભુલી રે, રતન રાખમાં રોળે.

સાખી.

જુઠપણામાં જનમ ગમાવ્યો, ચીતડું ચડાવ્યું ચાળે,
માયામાં મુઝાઇને મુરખા, ઘાલી ન શક્યો એને ગાળે.
દીવો કરી દોડે રે, ખોઇ હવે શું ખોળે. સાર.
છેટે રયો તું સતસંગતથી, ગુરૂથીના લીધું જ્ઞાન,
અંધારામાં અંજાઇ મુરખા, ભુલી ગયો સૌ ભાન.
માન ધરી મિથ્યા રે, દેખ્યા વીના શું દોડે. સાર.
માયામાં બહુ મસ્ત થઇને, ગડદન માર્યું જ્ઞાન.
ભુલી ભટક્યો ભવસાગરમાં ધર્યું ન હરીનું ઉર ધ્યાન,
શાન નાવી શાનેરે, બુડયો તું ધન બોળે. સાર.
પરમારથમાં પ્રીત ન રાખી, પાખી વેદ પુરાણ,
ભાખી વાણી જુઠ ભરેલી, સાખી સારંગપાણ;
દલપતસીંહ દાખેરે, ઘોર નિદ્રામાં ઘોરે. સાર.

ભજન ૧૩૦ મું.

રાગ કાફી ધીરાની.

પાર નહીં જાશોરે, નાવ હરી નામ વીના;
પાછળથી પસ્તાશોરે, પરમારથ કામ વીના.

સાખી.

સાગરરૂપી આરે સંસારમાં, ભરીયું નીર ગંભીર;
મોહ માયા મદ મહીધર મોટા, કેમ કરી જાશ્યો તમે તીર;
વીર વાટયું વસમીરે, સુજાડે કોણ શામ વીના. પાર.
અલૌકીક એ નાવમાં ઉત્તમ, ખેવટીયા ખટ કર્મ;
સત્ય તણો શુભસઢ ચડાવો ધારી અપુર્વ ધર્મ;
મર્મરસ પુરોરે, રખાવે કોણ રામ વીના. પાર.
સોબતીયા સતસંગી લઇને, પ્રેમે કરતાં પ્રવાસ;
સતગુરૂ કેરી સાયતારૂપી, પવન અનુકુલ વાસ;
નાશ બીજુ નિશ્ચયરે, ધરણી ધરના ધામ વીના. પા.
એ રીતે અંતરમાં સમજી, જો કરશો પંથ જોઈ;
દલપતસિંહ કહે આ દુનીયાંમાં, માયાને ન રેજો મોઇ;
કોઇને કોઇ જુગમાં રે, હરીનાં મલ્યા હામ વીના. પાર.

ભજન ૧૩૧ મું.

રાગ કાફી ધીરાની.

જાતાં હંસે જોયુંરે, કાયા રાણી કરમાણી;
મનડું ખોટું મોયુંરે, છોડીને ચાલ્યો છે લાણી.

સાખી.

મનમાં હતું કે માહાસુખ કરશું, વિવિધ કરશું વિલાસ;
ઓચીંતાનું આવ્યું પીયાણું, અધવચ છોડી આશ;
વાસ છોડયો વાલોરે, માયા શકયો નવ માણી. જાતાં.
પ્રાણ પ્રીયાથી પડીયું છેટું, મળવું થશે મુશ્કેલ;
મનની હોંશ રહી સૌ મનમાં, ખોટો નાંતો જાણ્યો ખેલ;
વેલ આતો વસમીરે, જુગતી એની નવ જાણી. જાતાં.
એક બીજાથી અળગાં નાંતાં, અંતર એનાં હતાં એક;
એક ઘડીમાં અળગાં કીધાં, છેટાં પડીયાં છેક;
નેક જોયો નિરખીરે, જેમ ઝાંઝવાનું પાણી. જાતાં.
ક્ષણભંગુર આ દેહ છે ખોટી, મનથી સાચી માની;
આખર તો અળગી થઇ એતો, દુર થઈ એઠી દીવાની;
દલપતસીંહ દાખેરે, શાને એને સમજે શાણી. જાતાં.

ભજન ૧૩૨ મું.

વાલ ચલતી.

પુરવ જનમની મારી પ્રીતિરે, ત્રીકમજી તમથી પુરવ-
ભીતરની ભક્તીનો પ્રેમ ભુલીને વાલા;
રાખો ના રસીયા આવી રીતીરે. ત્રીકમજી.
દીલમાં વીચારી હવે દરશન દીજે વાલા
નગુણા થઇ નાં છોડો નીતીરે. ત્રીકમજી.
ભંભેરે ભંભેરાઇ ભુલો છો ભુધરજી તમે,
વાલમ શુંનાં જાણો પર વીતીરે ? ત્રીકમજી.
દલપતસિંહ પર દયા કરીને વાલા-
ભવસાગરની ભાગો ભીતીરે. ત્રીકમજી.

ભજન ૧૩૩ મું.

રાગ સદર.

તારો ભરોંસો મુને ભારીરે હો કુંજબીહારી,
તારો ભરોંસો મુને ભારી.
બાળ મંઝારી કેરાં, બળતાં ઉગાર્યાં વાલા-
બચવાની ન્હોતી એકે બારીરે. હો કુંજબીહારી તા.

પેશી પાતાળે કાળી નાગ નાથ્યો વાલા-
ફણીપર નાચ્યો ધનુષ ધારીરે. હો કુંજબીહારી તા.
બુડંતો ગજરાજ બચાવ્યો વાલા-
મધ્યરે દરીયામાં મોરારીરે. હો કુંજબીહારી તા.
નામને કારણ અનેક ઓધાર્યા વાલા-
ગોકુલીયું બચાવ્યું ગીરિધારીરે. હો કુંજબીહારી તા.
દાસ દલપતની અરજી સ્વીકારી વાલા-
ત્રીકમજી દીજે હવે તારીરે. હો કુંજબીહારી તા.

ભજન ૧૩૪ મું.

રાગ સદર.

જગત જંજાલ માયા જુઠીરે. સીયારામને,
સમરો જગત જંજાલ માયા જુઠી.
કાલ વીકરાલનો કરીએ ભરૂંસો કેવો,
ખોલીને જાશો ખાલી મુઠીરે. સીયારામને સમરો-જગ.
રયા નહી કોઇ રહેશે જગતમાંહી,
પસ્તાવો થાશે જતાં પુઠીરે. સીયારામને સમરો-જગ.
સમર્યા વીનાનો સુખ નવ પામ્યો કોઇ,

અંતરજામીને સમરો ઉઠીરે. સીયારામને સમરો-જગ.
દીનાનાથની દયા જેપરે,
શું કરે રાજા કોઇ રૂઠીરે. સીયારામને સમરો-જગત.
દલપતસીંહ કહે દીલમાં વીચારી સંતો,
ભગતીનાં પાડશો ભુંઠીરે. સીયારામને સમરો જગ.

ભજન ૧૩૫ મું.

રાગ સદર.

સમર્યા સતગુરૂનેં કામ સીધ્યાંરે હો નીરભય,
કીધાં સમર્યા સતગુરૂને કામ સીધ્યાં.
નીશીદીન નામી નીયમથી સમરીને,
પ્રેમથી અમીરસ પીધાંરે હો નીરભય કીધાં. સ.
સતગુરૂ દેવની સાયતા થઇ ત્યારે,
વાલે વચને અમને વીધ્યાંરે હો નીરભય કીધાં. સ.
પ્રીતમની પ્રીતી પરગટ થઇ ત્યારે,
દેખત અભયદાન દીધાંરે હો નીરભય કીધાં. સ.
દલપતસીંહ પર દયા થઇ ત્યારે,
નીત્ય નારાયણ નામ લીધાંરે હો નીરભય કીધાં. સ.

ભજન ૧૩૬ મું.

રાગ સદર.

પ્રભુનો ભરૂંસો મુને ભારીરે સમરો નરનારી,
પ્રભુનો ભરૂસો મુને ભારી.
નામની નોકરવાલી જપશે જે જન,
કાળની નહીં લાગે કારીરે. સમરો નરનારી–પ્રભુનો.
જીનવરની જુગતી જે કોઇ જાણશે,
તરત દેશે તેને તારીરે. સમરો નરનારી–પ્રભુનો.
દયા ધરમ દીલમાં ધરીને,
વાલાને લેજો વીચારીરે. સમરો નરનારી–પ્રભુનો.
નેમી નાથને નેમથી સમરીને,
આત્મા લેજો ઓધારીરે. સમરો નરનારી–પ્રભુનો.
જીનવર ગીરિધર પીર પેગંબર,
ઓળખજો એક ધારી ધારીરે. સમરો નરનારી પ્રભુનો.
દલપતની સીખ દીલમાં ધરીને,
સુમતી રાખજો સંસારીરે. સમરો નરનારી–પ્રભુનો.

ભજન ૧૩૭ મું.

રાગ સદર.

અકળ ગતી છે તમારીરે હો જાઉં વારી-અકળ ગતી છે.
રાજા રાવણને રણમાં રોળીને,
તુરત વિભીક્ષણ દીધો તારીરે હો જાઉં વારી–અકળ.
પ્રગટ પ્રલ્હાદને પ્રીતી બતાવીને,
હીરણાકંસ નાંખ્યો મારીરે. હો જાવું વારી–અકળ.
સેવક સુદામાને ચીતમાં રાખીને,
નીરભય કીધાં નરનારીરે. હો જાવું વારી–અકળ.
દાસ જાણીને દયા કરીવાલે,
નરસીની હુંડી સ્વીકારીરે. હો જાઉં વારી–અકળ.
દલપત કહે દીનાનાથની દયા જેપર,
કોઇની ના લાગે કારીરે. હો જાવું વારી–અકળ.

ભજન ૧૩૮ મું.

રાગ સદર.

કુડીએ બનાવી માયા કુડી ખોઇ જાશો મુડી. કુડીએ.
સંસાર સાગરના વીકટ પંથમાંહે,

બુરે કરમે જાશો બુડીરે. ખોઇ જાશો મુડી–કુડીએ.
સતગુરૂ સંતનો સહવાસ કરીને,
હરખે શીકરાવજો હુંડીરે, ખોઇ જાશો મુડી–કુંડીએ.
આરે સંસારીયાનાં સાધન છે દોહલાંરે,
જેમ સોપારી વચ્ચે સુડીરે. ખોઇ જાશો મુડી–કુડીએ.
દલપતસીંહ કહે દીલમાં વીચારી ભાઇઓ,
રીતી નીતી રાખજો રૂડીરે. ખોઇ જાશો મુડી–કુંડીએ.

ભજન ૧૩૯ મું.

તાલ ચલતી.

શામથી કરી પ્રીતી સાચીરે, ખાંત કરીને ખાસીરે. શા.
બાનાની લજ્જા રાખો બળવંતા,
હોવે નહી જગમાં હાંસીરે. ખાંત કરી.
કુબજાને તમે કરી પટરાણી,
દેખત હતી કંસની દાસીરે. ખાંત કરી.
સવરીનાં બોર સુદામાના તાંદુલ,
રહ્યા પ્રભુ એથી તમે રાચીરે. ખાંત કરી.
સર્વ વ્યાપીક છો શામળીયા તમે,

કયાં મથુરાં કયાં કાસીરે. ખાંત કરી.
દલપતસીંહ પર દયા કીજે વાલા,
અવધ પુરૂષ અવિનાશીરે. ખાંત કરી.

ભજન ૧૪૦ મું.

તાલ ચલતી.

તારી સુરત મુને પ્યારીરે બલીહારી વાલા. તારી.
મોર મુગટ પીત બર શોભે,
કુંડલની છબી ન્યારી, બલીહારી વાલા. તારી.
ભાલ તીલક સુંદર સુખદાયક,
આંખડલી અણીઆળી. બલીહારી વાલા. તારી.
જામા જરકસ અંગે અતી શોભત,
લોભત સૌ નર નારી. બલીહારી વાલા. તારી
ભ્રમર પંખ સમ વક્ર ભ્રકુટી,
ભુદરજી છબી ભારી, બલીહારી વાલા. તારી.
દલપતસીંહ કહે દાસ તમારો,
ગુણવંત છો ગીરધારી, બલીહારી વાલા. તારી.

ભજન ૧૪૧ મું.

રાગ ધીરાની કાફીનો.

તું જાણે તારૂં રે, માને મન મારૂં કરી,
માન્ય કર્યું મારૂં રે, મનખો નાવે ફરીરે ફરી. તું.
માયા ફંદા મોહમાં તું, મોહીરહ્યો થઈ મસ્ત;
ચાર દીવસનું એ છે ચટકું, આખર થાશે અસ્ત. તું.
વસ્ત એ છે વસમીરે, જુગતી એની નારે જડી;
ધન જોબન તો રહ્યું ન રેશે, કરતાં કોટી ઉપાય. તું.
વીખરાતાં પળવાર ન લાગે, જેમ વાદળની છાંય;
જાય જોતાં જોતાંરે, ઠામ એક રહેન ઠરી. તું.
માન્ધાતા વસુધાને વરીયા, લીધું વચન નીજ હાથ,
આવ્યું તેડું જ્યારે અલખ ધણીનું, છોડીને ચાલ્યા સાથ;
બાથ બુડતાં નીરે ભુપે તો ધણીએ ભરી. તું.
વીસ કરોડ રાજા વિશળદેની, મોરો રહી જળ માંય,
ખાલી હાથ ગયા ખંખેરી, આવી ન શકયા પાછા આંય;
દલપતસીંહ દાખેરે, ત્રીકમ ભજી જાઓ તરી. તું.

ભજન ૧૪૨ મું.

રાગ જોગીઆ આશા.

લે લાગી લે લાગી મુજને પ્રભુ ભજવાની લે લાગી,
જોયું ઘટડામાં મેં તો જાગી;
મુજને પ્રભુ ભજવાની લે લાગી.
જુઠી માયા જગતની જોઇ, તોલ કરિને ત્યાગી,
કેશવની કરતાં પરીક્રમણા, ભ્રમણા સરવે ભાગીરે.
મુજને પ્રભુ ભજવાની લે લાગી.
મોહ માયા મમતા સૌ મુકી, સમતા ગૃહી સોહાગી,
નુરત સુરતનો ખેલ નીરખીયો, ભવની ભાવઠ ભાગીરે.
મુજને પ્રભુ ભજવાની લે લાગી.
સમરણ કરજો સૌ કોઇ સંતો, ત્યાગીને વેરાગી,
પ્રીતમ સાથે પ્રીત કરો થઈ, રામનામના રાગી.
મુજને પ્રભુ ભજવાની લે લાગી.
દલપતસીંહ કહે થઇને ડાયા, સમરી થાઓ સભાગી,
ધરણીધરનું ધ્યાન ધરી, લ્યો મનવાંચ્છીત વર માગી
મુજને પ્રભુ ભજવાની લે લાગી.

ભજન ૧૪૩ મું.

રાગ સફર તાલ દીપચંદી.

માન કહ્યું તું મારૂં મનવા માન્ય કહ્યું તું મારૂં;
તુને આલી શીખ ઓધારૂં. મનવા.
ધર્મ દયા દીલમાંય ધરીને, સુકૃત કરી લે સારૂં;
રામનામ તું રાખ્ય હૃદયમાં, તો કલ્યાણ છે તારૂં. મ.
જંજાલી જગના ઝઘડામાં, કોઇ નથી તરનારૂં;
દીનોનાથ જ દયા કરશે, કોણ બીજું કરનારૂં. મ.
ભાવ કરીને ભક્તી કર તું, તો આપે થશે અજવાળું;
ત્રીવીધિના તાપનું તિમિર ટળશે, તનનું ઉઘડશે
તાળું. મ.
દલપતસીંહ કહે આ દુનીયાંમાં, નામનું ફળ છે ન્યારૂં;
ભગત ઉધારણ ભવજલ તારણ; જગ મંગલ
કરનારૂં. મ.

ભજન ૧૪૪ મું.

રાગ સફર.

રે રસમાં રે રસમાં જીવડા રામ તણારે રસમાં,

તું નીરખી લે નસનસમાં જીવડા રામ તણારે રસમાં.
તારા ઘટમાં તું જો જાગી, ઉંઘે મત અંજસમાં;
થઇશ નહીં એ ડામ ઓળખી, વીષય વાસના
વસમાં. જીવડા.
સ્નેહ શામથી સાચો રાખી, પડીશ નહીં પરવશમાં;
તરાયાં તરશે નહીં કદીએ. એ વાણુ છે વસમાં. જીવડા.
દોલત દુનીયાં માયા દેખી, એ હરખે તું હસમાં;
ચાર દીવસનું એ ચાદરણું, ધર્મ તજીને ધસમાં. જી.
કહે દલપત દીલમાંય વીચારી, ફોગટ એથી ફસ માં;
આંખ્યો ઉપર અભીમાનનાં, ચડાવ્યાં કેમ ચસમાં. જી.

ભજન ૧૪૫ મું.

રાગ સદર.

લે પરખી લે પરખી જીવડા પારસને લે પરખી;
તું નરખ નરખનેં નરખી, જીવડા પારસને લે પરખી.
બડી વસ્તુ જગ કઇ છે બીજી સુખદાયક એ સરખી;
શામળીયાનું શમરણ સાચું, હરદમ કર તું હરખી. જી.
માયા કાયા મીથ્યા મમતા, ચળ એવી જેમ ચરખી;

રહી ન કોઈની રહે ન રાખી, આખર થાશે અળખાં. જી.
દલપત કહે જન ડાયાને, શીખામણ છે સરખી;
પ્રેમે પુરણ ભક્તી કરતાં, ભોરંગ શકે નહીં ભરખી. જી.

ભજન ૧૪૬ હું.

રાગ સદર.

લે જોઇ લે જોઇ મુરખા લે જુગતી તું જોઇ;
તારૂં આ જગમાં નથી કોઇ, મુરખા લે જુગતી તું જોઇ.
સુતવીત દારા મલ્યાં સંબંધે, અંતે અળગાં હોઇ;
માયા સઘળી મેલી જાતાં, રહિશ રૂદામાં રોઈ. મુરખા.
માયા કોઇની થઇ ન થાશે, મીથ્યા રચો શું મોઇ;
પ્રીતમથી નવ પ્રીત કરી તો, ખુટેલ જઇશ ખોઇ. મુ.
પરમારથ કર પ્રેમ ધરીને, દયા ધરમને દોઇ;
અવર ઉપાય અનેક કરીશ પણ, હરી વીણ સુખ
ન હોઈ. મુરખા.
દલપત કહે દીલ સાચેથી, પ્રાણ રાખ્ય તું પ્રોઇ;
તરવું તે વીણ થશે ન તારૂં, સદા સમજ કર સોઇ. મુ.

ભજન ૧૪૭ મું.

તાલ દીપચંદી.

તનડું લોભાણું છે મારૂં મારા શામળા
તમ સાથેરે તમ સાથે.
વૃંદાતે વનમાં વાલા રાસ રમાડી,
હેતથી ઝાલી મુને હાથે, મારા શામળા.
તેરે દિવસથી મારૂં તનડું વીધાણું,
મેણું લીધું મેતો માથે. મારા શામળા તમ સાથેરે.
દલપતસીંહનો શામ સલુણો વાલો,
નજર કરી દીનેનાથે, મારા શામળા
તમ સાથેરે તમ સાથે.

ભજન ૧૪૮ મું.

મન તું શીદને કલપના કરે એ.

મુકદર વીના કાંઈ ના મળે,
વીધીના લખ્યા લેખ કેમ ટળે.

ઘોર વીકટ વનમાં જ્યાં ગહવર,
સૂરવીર પણ છળે;
ત્યાં પુણ્યશ્લોકનું બીરદ પરહરી;
નારી તજી નૃપ નળે. વીધી.

તારા દે હરીચંદ્રની રાણી,
દરણાં નીચ ઘેર દળે;
જુઓ જાનકી જગ જનુનીને,
ખૂબ સતાવી ખળે. વીધી.

રાત દીવસ શ્રીહરિ ચરણેથી,
ચીત જેનું નવ ચળે;
તે સતી દ્રૌપદી પડી સંકટમાં,
કર્મ ગતિ કોણ કળે. વીધીના.

રાવણ સરખો સુઘડ રાજવી,
ભુંડે કરમે ભળે,
લંકા સરખું નગર અનુપમ,
ના બળવાનું બળે. વીધીના.

દસ મુસ્તક વીશ ભુજા જેહને,
માર્યો કોનો મરે?

શાંક વાનરે રણમાં રોળ્યો,
પ્રાણ લીધો એક પળે. વીધીના.
જુઓ પવનસુત પરમ પ્રતાપી,
લંકાપતથી લડે;
શોધ કરી આવ્યો સીતાની,
તેલ સીંદુર ચઢે વીધીના.
જુઓ વિભીક્ષણ હતો ભટકતો,
ઠરતો નહી એક થળે;
સ્વપને પણ સુખ નતું તેહને,
મોજ લંકાની મળે. વીધીના.
કહે દલપત કરતાની કુદરત,
ફેરાવી નહીં ફરે;
ઉત્તમ વચનો તુર્ત ઉતરશે,
ગુણીજનોને ગળે. વીધીના.

ભજન ૧૪૯ મું.

રાગ ચલતી.

રામ રટો મેરે ભાઇ સંતો રામ રટો મેરે ભાઇ.
તેરા મનખા સફલ હોજાઇ, સંતો રામ રટો મેરે ભાઈ.

આયા એકેલા જાયગા અકેલા, સાથે કોણ સહાઇ? સં.
ધનમાલ તેરા ધર્યા રહેગા, પાસ ન રેગી પાઇરે. સં.
બની ન શકી કછુ બંદગી પ્રભુકી, જુઠી જુગતી સમાઇ.
સંતો રામ.
દલપતસીંહ કહે દીલ ધરી કે, કરલ્યો ઉત્તમ કમાઇ
રે. સંતો.

ભજન ૧૫૦ મું.

તાલ ચાલતી.

નીરભય નામનું નાણું, પરખે. નીરભય નામનું નાણું.
ઓચીંતુ વહીજાશે વાણું, પરખો નીરભય નામનું નાણું
કાચી છે કાયા કુડી છે માયા, થીરતાનું નથી ઠેકાણું.
પરખો.
અંજસમાં રહી આજકાલ કરતાં, પોચી જાશે પીયાણું.
પરખો.
ભવકરતાનું ભજન કરીને, થાય્ય નચીંતાનું થાણું.
પરખો.
દલપતસીંહ કહે આ દુનીયામાં, પ્રીત કરે પરખાણું.
પરખો.

ભજન ૧૫૧ મું.

રાગ મીરાંબાઇના પદનો.

નામ નહીરે છોડું

મુને લાગ્યો નટવર સાથે નેહરે (૨)
હું તો નહીરે છોડું ઘડી એહ.

સાખી.

પ્રીત્યુ બાંધી પ્રેમથી, નીસદીન સમરૂં નામ;
ઉપરથી અળગા નાં કરૂં, મુને ઘણા વાલાં છે ઘન
શામરે હું.
સુતાં ઉઠતાં જાગતાં, જમતાં રમતાં જાપ;
જગજીવનના હું જપું, મારા ટળશે ત્રીવીધિ તણા
તાપરે હું.
કેશવનું કીરતન કરૂં, ગોવીંદ ગુણનું ગાન;
ઘર ધંધો ગમતો નથી, મારૂં લાગ્યું ઘણીની સાથે
ધ્યાનરે હું.
શરણું સુંદર શામનું મેં માન્યું મનમાંય;
સ્વામી દલપતસીંહનો મને આવીને મળશે પ્રભુ
આંયરે હું.

ભજન ૧૫૨ મું.

પદ રાગ કાફી.

પ્રીતલડી કરીએ, પ્રીતમ સાથે પ્રીતલડી કરીએ,
હરીવરથી વરીએરે; પ્રીતમ સાથે પ્રીતલડી કરીએ.
ધ્યાન ધણીનું ધરીને રૂદામાં, છુટે છેડે ફરીએ પ્રીતમ.
પરશોતમ કેરા પાલવ પકડી, દુષ્ટોથી નાં ડરીએ. પ્રી.
જગતની માયા જુઠી જાણી, ત્રીકમથી તરીએ. પ્રી.
દલપતસીંહ કહે આ દુનીઆમાં હરદમ દુખ હરીએ.પ્રી.

ભજન ૧૫૩ જું.

રાગ તાલ ચાલતો.

મન મોયું મારૂં મોહન વરથી મન મોયું મારૂં,
તન મન ધન વારૂં મોહન વરથી મન મોયું મારૂં.
મોર મુગટને મોહે મોહાણી, નટવરનું રૂપ ન્યારૂં. મો.
ગજમોતીની માળા ગળામાં. પીતાંમ્બર પેખ્યું પ્યારૂં
પ્યારૂંરે. મોહન.
કહે દલપત મમ શામનું મુખડું, શોભીતું બહુ
સારૂંરે. મોહન.

ભજન ૧૫૪ મું.

રાગ તાલ ચાલતો.

વાંસલડી વાગીરે, વાલાજીની વાંસલડી વાગી.
ઝબકી હું જાગીરે વાલાજીની વાંસલડી વાગી.
શબ્દ સુણી મારૂં મન લલચાણું, ચટપટ ચીત લાગી.
વાલાજીની.
દીનાનાથનું દરશન કરવા, ધાયાં ધંધો ત્યાગીરે. વા.
મનમોહનનું મુખડું જોઇ, ભાવઠ ગઇ ભાગીરે વા.
દલપતસીંહનો શામ સલુણો, રંગરંગનો રાગીરે. વા.

ભજન ૧૫૫ મું.

તાલ ચાલતો.

કેમરે લીધી લુટી મોહન મુને શારે ગુને લુટીરે.
મટકી ગઇ ફુટીરે મોહન મુને શારે ગુને લુટીરે.
જોર જુલમથી ઝઘડો કીધો, માળ મારી તુટીરે. મો.
આળ કરે અંબોડો મારો, શીરનો ગયો છુટીરે. મો.
સતાવા અબળાને કોણે સુંધાડી; ભળવંતા બુટીરે મો.
દલપતસીંહના શામ સલુણા, જોબન લીધું ઝુંટીરે. મો.

ભજન ૧૫૬ મુ.

ચલતી ગરબી.

આવા આવોરે અલબેલા અમ ઘેર આવો,
છોગાળારે, મારે તમ સંગાથે દાવો. આવો આવો.
કાંક સંદેશોરે, તમે કરૂણા કરીને કહાવો. આવો આવો.
પાતળીયારે પુરણ પ્રેમ બતાવો. આવો આવો.
મોહનવર મહીમારે, ચૌદલોકમાં ચાવો. આવો આવો.
દલપતના સ્વામીરે, શામળીયા નેહ નીભાવો. આવો.

ભજન ૧૫૭ મું.

રાગ ચાલતો.

ચુંપે પેર્યોરે શામળીયા વરનો ચુડો,
રૂડો રૂડો રે સખી એ વર છે બહુ રૂડો. ચુંપે.
હરીવર વરશેરે તેને શું કરે કળીયુગ કુડો. ચુંપે.
સખી સકળમાંરે, ભવસાગર છે ભુંડો. ચુંપે.
શાણા જનો સમજારે, એનો મર્મ છે અતી ઉંડો. ચુંપે.
પાતળીયોરે જન પ્રેમીનો પાલક પુરો. ચુંપે.
સુંદર વરરે દલપતનો સ્વામી સુરે. ચુંપે.

ભજન ૧૫૮ મું.

વારૂં મારા વીરારે એ રાગ.

વૃંદા વનમાં વાગીરે વાલા તારી વાંસળીરેજી,
એ વાંસળીએ નીરભય થયાં છે નારનાર. વૃંદા

સાખી.

વંશ અનુપમ વંસનો, સુધારનાર સુજાણ;
કારીગરી કરી કારમી, તેનાં વરણ્યાં ન જાય વખાણ.
છે સુંદરને સોહાગીરે, વાલા તાલી વાંસળીરેજી.

સાખી.

મધુર ભરેલી મોહની, જનમન મોહન હાર;
કરતાએ કરમાં ગૃહી. કરે અલૌકીક કાર.
પ્રેમ રંગની રાગીરે વાલા તારી વાંસળીરેજી.

સાખી.

સપ્ત સુર સોહામણા, ભર્યા એમાં ભરપુર;
સુણતાં સનકાદીકનું, આનંદ પામે ઉર.
પ્રાણ થકી પ્રીય લાગીરે. વાલા તારા વાંસળીરેજી.

સાખી

દલપતના સ્વામી શાંમળા, નટવર નંદકીશોર;

પ્રીતમ એનો પરવર્યો, સકળ લોકમાં સોર.
ઝબકીને હું જાગીરે, વાલા તારી વાંસળીરેજી.

ભજન ૧૫૯ મું.

રાગ જોગીઆ આશા.

આનંદકો ઘર પાયો અબ મેં આનંદકો ઘર પાયો.
સતગુરૂનેં ભેદ બતાયો. અબમેં આનંદકો ઘર પાયો.
સુખદ સમાધી સેહજે કરકે. ગુન ગોવીંદકો ગાયો. અ.
દીનાનાથને દયા કીની યાતેં, દસમો દ્વાર દરસાયો. અ.
પરીબ્રહ્મકી પુરન કૃપા તેં, હરગીજ કાળ હઠાયો. અ.
કહે દલતસીંહ સુણો ભાઈ સાધુ,
સમજ સમજ સમજાયો. અબ મેં આનંદ.

ભજન ૧૬૦ મું.

રાગ ચાલતો.

મેં કયા કહું વસ્તારી દીનદયાલકી ગત હે ન્યારી.
પ્યારા અપને પાસ સમજકે, ઉનસેં રખલો યારી. દીન.
કોશંટામેં જીવ બસતહે, રામ કરત રખવારી. દીન.

પાટકે ઝાડકું કછુના આધારા, વાં પોચાવત વારી. દીન.
અજગર કહા ઉદ્યોગ કરતહે, ભ્રખ ઉનકું દે
ભારી. દીન.
દલપત કહે સુર મુની નવ સમજે, કાં કયા સમજે
સંસારી. દીન દયા.

ભજન ૧૬૧ મું.

રાગ ચાલતો.

અજબ જમાના આયા સંતો અજબ જમાના આયા.
કલીકાલ હાલાહલ છાયા, સંતો અજબ જમાના આયા.
નરપત નીરદય લોભી બનગે, ન્યાય ચીતમેં નાયા;
કુડકપટકી કરત કલપના, લાલચમાં લપટાયા સંતો.
જોગી સન્યાસી જંગમજતી, મોહી રહ્યા સબ માયા;
ધરમ કરમકા મરમ ન જાને, ભરમ કરમ
ભરમાયા. સંતો.
ધરમીજનને દીયા ધરમ તજ, અધરમમેં ઉભરાયા;
પલક પલકમેં પુંજ પાપકા, દીલ ઉનકા દરસાયા સંતો.
મીત્ર જનુંને તજી મીત્રાઇ, કપટી કુટીલ કહાયા;

રહા નહીં વો કીસી રાહમેં, જગમેં મીથ્યા જાયા. સંતો.
કામની અપને કામકું રોવત, શામ ધરમ વીસરાયા;
અવર પુરૂષકા બિચાર કરકે, મનખા ખ્વાર
મીલાયા. સંતો.
તરૂવર ફલત અકાલ ફુલફલ, સ્વાદ તજે રહી છાયા;
રસકસ સબ તજદીયા બસુધા, બથા હોત કન
બાયા. સંતો.
પીતા પુત્ર બેહની બંધવ, ભીરત રહન ભરમાયા;
મોહજુદનીજ મતલબમેં રહેતે, પલક વીરામન
પાયા. સંતો.
દલપત કહત ઇસ દુનીયાંકા, હાલ ખ્યાલમેં લાયા;
દેખા ઐસા મેં દરસાયા, ગીનગીનકે સબ ગાયા. સંતો.

ભજન ૧૬૨ મું.

રાગ ચાલતો.

કહો ભરોંસા કેસા તનકા કહો ભરોંસા કેસા.
હે બાદલકા દલ જેસા, તનકા કહો ભરોંસા કેસા.
ક્ષણભંગુર તનુ સરજાયા, જલ પડછાયા જેસા;

રહા નહીં કોઉ રખ શકેગા. વીતગયા સપના વેસા. તન.
ચાર દીવસકા ચટકા લટકા, ર તમાસા તેસા;
ગીન લો બાહર ભીતર ગંદા, ઉનપેં અંજસ
 એંસા. તનકા.
છોડ ચલેગા માયા છીનમેં, પડા રહેગા પેસા;
રામનામકા રંગ ન લગ્ગા, ભટક ફીરેજ્યું ભેંસા. તનકા.
કહે દલપતસીંહ સુનો ભાઈ સાધુ, લોભ ગર્વ લવલેશા;
કલીકાલમેં કરો કોઉ મત, ઉનમેં નહીં અંદેસા તનકા..

ભજન ૧૬૩ જું.

રાગ ઠુમરી તાલ ચલતી.

નીત ઉઠી નારાયણ નામ લીયા કરો.
લીયા કરો તુમ જીયા કરો, નીત ઉઠી નારાયન નામ
લીયા કરો.

સાખી.

સુફલતમેં ક્યું ઘોરતા, જોજો વખત જાતા હે;
કરત ઉપાય અનેકપેં, વો ફીર નહીં આતાહે. નીત.

સાખી.

ખરી વસ્તુકું ખોજત નાહી, માયામેં બોહરાતાહે;
ભુલા પડકે ભવસાગરમેં, ગાફીલ ગોતા ખાતાહે નીત.

સાખી.

અજબ તમાસા ઇસ દુનીયાંકા. સમજ્યા નહી સમ-
જાતાહે
ચલદલ જેસા ચંચલ ચૈતન્ય, કબ આતા કબ
જાતાહે. નીત.

સાખી.

દલપત કહત આય દુનીયામેં, લાલચમેં લપટાતાહે;
રામનામકા પ્રેમપીયાલા, પ્રીત બીન નહીં પાતાહે. નીત.

ભાજન ૧૬૪ મું.

રાગ જોગીયા આશા.

પીલે પીયાલા રામરસકા, પ્યારે પીલે પીયાલા
રામરસકા.
ચલ છોડદે હરામ ચસકા, પ્યારે પીલે પીયાલા રામરસકા.
કમાઇ સુકૃતકી નીત કરલે, જમાઇ થાણુા જસકા;

અપયસ દાયક ખ્યાલ ઉરતેં,અલગ કરી અંજસકા.
પ્યા.
દુનીયાં સકલ ડુબાવનવાલા, દેખ તમાસા દસકા.
તન કપડેપેં રંગ ચઢાલે, સાધુ સંગ સરસકા. પ્યારે.
જુગત મુગતકા જાપ તું જપલે, પાસ તજી પરવસકા;
તો ફલ તુજકું તુર્ત મીલેગા. દીનદયાલ દરસકા પ્યારે.
દલપતસીંહ કહે દેખ ભુલ મત, પારસ ભેદ પરસકા;
હરગીજ અમૃત હોજ ભરીલે, હરીવર ભજન
હહસકા. પ્યારે.

ભજન ૧૬૫ મું.

રાગ ચાલતો.

મનવા માન્ય કહા તું મેરા, યહ ફોગટકા હે ફેરા મનવા.
જોબન ધન હે જગતજ હુરા, તનક નહીં હે તરા.
યહ પ્રકાસહે એક પલકકા. આખર ઘોર અંધેરા. મનવા.
બંદા બાંધ સુખદ નીજ શીરપેં, સત્ય ધરમકાશેરા;
હરદ બંદડી કરલે હરકી, વરત તરત યહ વેરા. મનવા.
આજકાવ તો તેરે આગે; ચલત હજારૂ ચેરા;

આઈ કજા જબ ઉઠ ચલેગા. ના રહેગા કોઉનેરા. મનવા.
કહે દલપતસીંહ દીલ સચ્ચે તેં, કર સમરન હરી કેરા;
તોય હભવસાગરમેં તેરા, બુડેગા તહીં બેરા. મનવા.

ભજન ૧૬૬ થું.

તાલ, ચાલતો

ન હોગા નીસ્તારા, પ્રભુ બીના ન હોગા નીસ્તારા.
તેરા જાયગા વ્યર્થ જનમારા, પ્રભુ બીના.
પ્રેમી બનકે પ્રબોધ બોધકા, સોધ સરસ સુધારા;
કામ ક્રોધસેં વીરોધ રહેગા, નવ ઉતરે ભવ પારા. પ્ર.
સકલ શાસ્ત્રકા ભેદ સમજતા, કરત પુરાન પોકારા;
કાજી બનકે કુરાન બાંચે, વીવીધ ગ્યાન વીસ્તારા. પ્ર.
જુગત મુગતકા ભેદ હે જબરા, નહીં નેમસેં ન્યારા;
ઉસી ભેદકું જાનત હે વો, જીનકું પ્રેમરસ પ્યારા. પ્ર.
કહે દલપતસીંહ કૃપાનીધીકા, અજબ બીરદ ઉજીયારા;
સમજતહે કોઉ સંતસભાગી, નીરભાગીનેં ન્યારા. પ્ર.

ભજન ૧૬૭ મું.

તાલ ચાલતો.

કહા કરત નહીં કામી, જગમેં કહા કરત નહી કામી'
ઘોર કરમકા ગામી, જગમેં કહા કરત નહી કામી.
રાજ ગમાય દીયા રાવનને, લંકા જેસા નામી;
જનક સુતા જગ જનની જાનકી, હરગ્યા નીચ
હરામી. જગ.
પંચ સરનકે પંચ સરનકો, પ્રપંચ પુરન પામી;
સુરપત ભયા સુધરમ છોડકે, ગુરૂ ત્રીયાકા ગામી. જ.
દ્રુપદ સુતાકી સદા સાયપેં, અખંડ અંતરયામી;
દેખો કીચને દુખ દીનો, ખલતામેં નહી ખામી. જ.
કહે દલપત સીંહ ઇસ વીકારતેં વાલીકી મતવામી.
ભગની સમ લઘુભ્રાત ત્રીયાકા, વડીલ ભયા વીસરામી.

ભજન ૧૬૮ મું

રાગ ચાલતો.

નીરભય નામકા નેજા, પકડલે નીરભય નામ કાનેજા,
તું કાલકા ભેદ કલેજા. પકડલે નીરભય નામ કાનેજા;

ધરની ધરકે અચલ ધ્યાનમેં, નીરમળ વરતી લેજા,
સોધ સમાધી સમરન કરકે, અજર અમરતું ન્હેજા. પકડ.
બુદ્ધવંત વ્હે બુદ્ધ સુદ્ધકું, સુદ્ધ કરી લેસેજા;
સુધરમ બ્રહ્મ વીચાર સારયહ દુનીયાંમેં કછુ દેજા. પકડ.
મનુષ જનમ દે જો તુજકું ઇહાં, ભવ કરતાને ભેજા;
તો કયું ઘોરત ઘોર નીંદમેં, જાગન કર અબ જેજા. પકડ.
દલપતસીંહ કહે દુનીયાંમેં, મત કર મોહ મજેજા;
ઓર ધામ કછુ નહીં કામકે, રામ ધામમેં રેજા. પકડ.

ભજન ૧૬૯ મું

રાગ ચાલતો.

કર સુકૃત કછુ કરસેં, મનવા કર સુકૃત કછુ કરસેં;
તુંડર દુષ્કૃત કે ડરસેં, મનવા કર સુકૃત કછુ કરસેં.
ધરમ દયા નિજ ઉરમેં ધરકે, હેત કરીલે હરસેં;
સંત સમાગમમેં રહી ગમલે, અગમ ગુરૂકે ઘરસેં મન.
સુકૃતકે એ ફલ સુખ દાયક, પાર ઉતારન પરસેં;
જ્યું હંસાકું મોતી ખીલતા, આન માન સરવરસેં મન.
મસ્ત બને કયું મુરખ મનસેં, જોબન કે મદ જરસેં;

એ જંજાલ સકલ હે જુઠા, અર્થ સરે ન અવરસે. મન.
કહે દલપતસીંહ સુકરીત કાહે, મટીયા અગમ અમરસે,
ઉનકે સાધન સરસ સાધ્ય તેં, કયાડર જમકી કરસેં. મન.

ભજન ૧૭૦ મું.

રાગ ચાલતો.

કાલ સંહાર કરે જન સુરા સોઉ કાલ સંહાર કરે
જન સુરા,
જો હોય પરાક્રમી પુરા, સોઉ કાલ સંહાર કરે જન સુરા.
જ્ઞાન ખડકકું કસી કમીરમેં, રામનામ રણતૂરા,
ડાલ ધીરજકી કરે બાંધકે, ચાર પાંચકા ચુરા. સોઉ.
મુરતી કેરે કરમ મરમજો, ઉનમેં નહીં અધૂરા,
માહાપુરૂષ નિજ મનમેં માનત, જુઠા જગત જહૂરા. સો.
સુરમત ચીતમેં ધરત સરવદા, દુરમતશેં નિજ દૂરા,
પરમારથકે પ્રેમ રંગતેં, નીતનીત બાઢત નૂરા. સોઉ.
કહે દલપતસીંહ દયા ધરમકા, રખે ખ્યાલ ઉરા,
અચલ વૃતીસેં તજે તુરતજો, બીષય બીસમ રસબૂરા

ભજન ૧૭૧ મું

રાગ ચલતો.

દુનીયાં હે દુરંગી જીયરા દુનીયાં હે દુરંગી.
કોઉ મીલ્યા નહીં એક રંગી, જીવડા દુનીયાંહે દુરંગી.
સગા સબંધી સુત સંસારા, અવર સહોદર અંગી.
મોજુદ અપની મતલબમેં સબ, સુખ દુખકે નહી
સંગી. જીયરા.
ભવસીંધુ મનમીન મહાજલ, તરતન તાર તરંગી;
છોડે તેં છુટે નહીં એસી, જાલ મોહકી જંગી. જીયરા.
ઉસ દુનીયાંકા એસા ભરૂંસા, સમજ લીયો સરભંગી;
પાવ પલકમેં યું પલટત જ્યું. પલટત રંગ પતંગી જી.
કહે દલપતસીંહ ઇસ દુનીયામેં, અલખ નામ ઉમંગી;
ઓર મોહમદ મીથ્યા જાનો, કરત બસબે કુરંગી. જી.

ભજન ૧૭૨ મું.

રાગ ચાલતો.

હરકા બંદા હોઈ મેં તો હરકા બંદા હોઇ,
મેરા રામ બીના નહી કોઇ. મેંતો.

રામ નામ મેં રટું હૃદયમેં; માનપ્રીયેહે મોઇ,
ભરા માહાજલ ભવસાગરમેં, પાર ઉતારન ઓઇ. મે
કામદુગા નીરમલ નીર વરતી, દુગ્ધ ભજન નીત હોઇ;
પરમ પ્રેમસેં પાન કરૂંગા, જીવીતકા ફલ સોઇ મેંતો;
સતસંગત ગુરૂ ગ્યાન તેં, જુગત મુગતકી જોઇ;
પરહરી પરવરતી નિજ ચીતકું, પરમારથમેં પ્રોઇ. મેંતો
કહે દલપતસીંહ ઇસ દુનીયાંમેં સુકરીત દુકરીત હોઇ;
વોઇ દુવાવન તારનવારે, સંગ ચલેંગે સોઇ મેંતો

ભજન ૧૭૩ મું.

રાગ ચાલતો.

જુઠા જગતકા હે ઝઘડા જીયરા જુઠા જગતકાહે ઝઘડા;
વાંતો રહેતા હે રગડં રગડા. જીયરા જુઠા,
જંજાલીજન વો ઝઘડામેં, ખોજ બુન બીન બગડા;
કાહુકે કછુ કામન આયા, જ્યું ડુંગરકે દગડા. જીયરા.
વીધ વીધ વીધન કુવાસ ત્રાસયુત, વિષય બડાહે વગડા
ચરત ફરત કયું બીચીતાસેં, મુઢમતી જન મૃગડા જીય.
જનમ મરન ભય છોડ હુવા કયું, તોલ બોલમેં ત્રગડા;

કહો.જગતમેં કૌન બચ્યાહે, ગીરી ગુમાનસેં ગ્રગડા.જી.
કહે દલપતસીંહ કયું સોતાસે, અદભુત હે યહ અગડા;
અંજસતજ ઉઠ સમર અલખકું પ્રોહફાટ હુવા પ્રગડા.જી.

ભજન ૧૭૪ મું.

રાગ પીલુ.

ઉઠ ભયા અબ ભોર, હો બાંસુરી બારે. ઉઠ ભયા.
ગ્વાલવૃંદ ઘરસેં ઉઠ આયે, ગૌવન કરરહી ઘોર. બાંસુ.
જદુપતી હોનલગે ઝાલરકે, સુરમંદીમેં સોર. બાંસુ.
ચીરીયાં કરત કલોલ ચોકમેં, મધુર ટહૂકે મોર. બાંસુ.
નટવરનીરખન તડફ રહીમેં, ચંદ્રબદન ચીતચોર. બાંસુ.
દલપતસીંહકે શામ છબીલે, મેં જગાવું કરજોર. બાંસુ.

ભજન ૧૭૫ મું.

રાગ પીલુ.

કયું નહીં આયે કાન બીરજમેં કયું નહીં આયે કાન.
કુબરીને કછુ કામન કીને, યાતો મીલીકોઉઆંન. બી.
મથુરા નગરી દેખકે મોહે, વૈભવ વીવીધ વીધાન.બી.

કુંજબીહારી કપટી કંથકો, કહે સખી કહા પ્રમાન. બી.
દલપપતસીંહકો શામ છબીલો, રસીયો રૂપનિધાન. બી.

ભજન ૧૭૬ મું.

રાગ પીલુ.

દેહું નહીં દધી દાન સાંવરીયા તોકું દેહું નહી દીધી દાન.
મત પકરો મૃયાદમેં રહીયો, મોહન ના રહે માન. સાં.
નંદલાલ મહી લુટન વારે, જીવન લીને જાન. સાં.
ગોરસ કેસે મીલે ગેલમેં, પીયા કરનકું પાન. સાં.
દલપતસીંહકે શામ છબીલે, તુમ હો ચતુરસુજાન. સાં.

ભજન ૧૭૭ મું.

રાગ પીલુ.

છાંડ ચલે ઘનશામ,
અકેલી મોકું છાંડ ચલે ઘનશામ.
કબકે ગયે મેરી સુધ હુંનકીની,
કઠીન સતાવે કામ. અકેલી.
જલબીન મીનજ્યું તલકે જીયરા,

નીશદીન સમરૂં નામ. અકેલી.
જાનત હું મેં જગજીવનકું,
ભરમાએ કોઉ ભામ. અકેલી.
દલપતસીંહકો શામ છબીલો,
અમીત મદન અભીરામ. અકેલી.

ભજન ૧૭૮ મું.

રાગ પીલુ.

કૌન હરે મોરી પીર સાંવરીયાબીના કૌનહેરે મોરી પીર.
પ્રીતકી રીત ન પ્રીતમ જાની, ધરીએ કેસે ધીર. સાં.
જીવન બીનમેરા જીયરા તરસત, બરસત નયનેનીર.સાં.
પલપલ મોહી નાચે ન પરતહે, સહી ન શકે શરીર. સાં.
દલપતસીંહકો શામ છબીલો, ભંજન ભાવકી ભીર. સાં.

ભજન ૧૭૯ મુ.

રાગ પીલુ.

કૌન સુનેમોરી બાત પીયા બીના કૌન સુને મોરીબાત.
મનભાવન બીન કહું કૌનકું કાપે કહી નજાત. પીયા.

જલ બીન મીન જેસે તલફતહે, દીલમે રોદીન રાત. પી
સુનહો સખીયાંયહ અખીયાંતે, પલપલ આંસુપાત. પી.
દલપતસીંહકે શામ કીરીતી, પ્રીતીસેં પરખાત. પી.

જભન ૧૮૦ મું.

રાગ પીલુ.

મેરે મોહનલાલ મન હરને હારે, મેરે મોહનલાલ.
મોર મુકટ શકરાકૃત કુંડલ, ભાલ તીલક ગલ માલ. મ.
બૃંદાબનમેં બેનુ બજાવત, ગાવત રાગ રસાલ. મ.
ધીધીકટ ધીકટ ધીકટ કટધી ધીકટ,
તટ જમુનાપેં તાલ. મ.
દલપતસીંહકે શામ છબીલે, ગીરધરલાલ ગોપાલ. મ.

ભજન ૧૮૧ મું.

રાગ પીલુ.

જાગો જાદવરાય જગાવે રાધા, જાગો જાદવરાય.
બ્રજકી સખીયાંબાટ જોવતહે, અગનીત ઠાડીઆય જ.
દ્વારનપેં બજ રહી દુંદુભી, ગુનિજન મંગલગાય. જ.

મનમોહન મનહર મુખ દેખન, અંગઉમંગનમાય. જ.
દલપતસીંહકે શામ છબીલે, પ્રીતમ પરીપરી પાય જ.

ભજન ૧૮૨ મું.

રાગ જોગીઆ આશા.

આયા કયું બીસરાવે, અવસર આયા કયું બીસરાવે.
તું ગાંઠકા ગર્થ ગમાવે, અવસર આયા કયું બીસરાવે.
મનુષ્યા જનમ પાયકે મુરખ, ભેદયા બીન ભરમાવે.
સતગુરૂકે સત સંગ રંગ બીન,
અંગ રંગ નહીં આવે. અવસર.

આપ ફસીકે રહા ફંદમેં, ફસીકે ઓર ફસાવે.
સુકરીતતેં કયું રહે છેટે, જરૂર નરકમેં જાવે. અવસર.
અલગ રહી અન્યાય બાતસેં, ન્યાય સદા ઉર લાવે.
પરમ ધરમ પરમારથ પાલે, સોઈ પરમ પદ પાવે. અ.
કહે દલપતસિંહ કરી શુભ કરની, ગુન ગોવીંદકે ગાવે.
સોજન ફીરએ જગ જુઠેમેં, નહીં આવે નહીં જાવે.અ.

ભજન ૧૮૩. મું.

મન તું શીદને કલપના કરે એ.

મરનકા અજબ મોરચે ચડે, કોહો ભાઈ કોન કાલસેં લડે.
અમીત પરાક્રમ અડગ રહીકે, ખડગ ઉઘાડે ખડે.
ગ્યાન ધ્યાનકી ગોલી ભરકે, ભજન ભડાકે ભડે. કહો.
નુરત સુરતકી અનહદ નોબત; ગગન માંહી ગડ ગડે.
નામ નીરંજનનેજાલેકર, અનભય હોકર અડે. કહો.
સહજ સમાધી સમરન હદા, ઘાટ નીરંતર ઘડે.
ચાર પાંચકા ચુરા કરકે, પીછા કબુ ન પડે. કહો.
કહે દલપતસીંહ સુનો મેરે સાધુ, શત્રુ છબે નહીં છડે,
એૈસે સુરનર આતમ જ્ઞાની, જગમેં વીરલા જડે. કહો.

ભજન ૧૮૪ મું.

રાગ ચાલતો.

મુરખ જન બાતેં કલકી કરે, ખબર નહીં પાવ
પલકકી પડે,
આઠું પ્રહર વીચાર અગમકે, ચમક હીંડોરે ચડે;
કો જાને કયા હોત ઘરીમેં, જુગત ઉનકી નહીં જડે. ખ.

વરસ અતરકે વીવીધ વાદસેં અવર જનુસેં અડે;
આરંભ્યા સબ યુંહી રહેગા, ઘાટ અનુતા ઘડે. ખબર.
ઠગ બાજીસેં ઠગાઈ કરકે, હરજીનકા ધન હરે;
મેરા મેરા કર કર મુરખ, માયા કારન મરે. ખબર
કહે દલપતસીંહ સુનો મેરે સાધુ, કર્મગતી નહીં ફરે;
કરના કીસીકે નહીં હાથમેં, કરનહાર સબ કરે. ખબર.

ભજન ૧૮૫ મું.

રાગ ચાલતો.

મુરખ કયું રામ રંગમે રમે, ભયંકર કાલ પછાડી ભમે;
અભીમાનમેં અંધ બની કે, નીરમલ હો નહીં નમે,
કૂળ ડુબાવન કરની તેરી, ગોવીંદકું નહીં ગમે. ભયંકર.
કહા હોયગા કયા હોનેકા, સમજ નહીં તીણુ સમે,
કુડ કપટકી કરત કલપના, જુઠે ભોજન જમે ભયંકર.
દયાહિન હોય દીન જનુંકું, દુગ્ધામે કયું દમે,
ક્રુર કૃત્ય કપટી સબ તેરે, ખલકપતી નહીં ખમે. ભ.
કહે દલપતસીંહ કરની અપની, સમજી લે અણુસમે,
જયું ટુટે ફુટે બરતનમેં, જલ ભરનેસેં ઝમે. ભયંકર.

ભજન ૧૮૬ મું.

રાગ ચાલતો.

મુરખજન ફીકર બીનાકે ફરે, કહો ભાઇ કાલ કહાનહીકરે
ચકવે રાજ ચલાવનવારો, દુશમન જીનસેં ડરે;
વરી વસુધા જીનકુંવર કર, માન મહીપ કયું મરે? કહો.
દુરીયોધનસે જોધા જબરે, સો બાંધવ સંગ ચડે;
કહાં ગયે કાહુ નહીં જાના, ફરી ન પાછે ફરે. કહો.
અકબર જેસા બડા બાદશા, જીનસે જગ થરથરે;
ઉઠ ચલે સો એક પલકમેં, ટારી કજા ન ટરે, કહો
કહે દલપતસીંહ દીલ અપને મેં સમજે કારજ સરે;
કરે ભજન ભવભય હરતાકો, તો ભવસાગર તરે. કહો.

ભજન ૧૮૭ મું.

રાગ પ્રભાત ચાલ દીપચંદી.

વાલમ નવ રેજો વેગળા, મારા પ્રાણ આધારા,
નેહ નીભાવો નાથજી, મારા પ્રીતમ પ્યારા. વા.
વીરદ તમારૂં વીઠલા, ભક્ત વત્સલ ભારી,
પોપટ ભણાવતાં પ્રેમદા, અધમ ગણીકા ઓધારી. વા.

નામ તમારૂં મારા નાથજી, મંત્ર મોક્ષનો જાણી;
જાપ જપે મુનીઓ જંત્રમાં, ઉર આનંદ આણી, વા.
અવીચળ ભકતી આપની, આપો અંતરયામી;
કરૂણા કરો કમળાપતી, દલપતસીંહના સ્વામી. વા.

ભજન ૧૮૮ મું.

રાગ ચાલતો.

પ્રેલ્હાદે સંભાર્યા પરીબ્રહ્મને, આવો અંતરયામી;
સંકટ વેળાએ શામળા, સુખ આપવા સ્વામી. પ્રે.
સગાંરે સબંધી સૌ મળી, અર્થ શત્રુનો સારે;
કુડીયો રામ તારો કયાં ગયો, મેણાં એમ કહી મારે. પ્રે.
તાતરે મારો હે ત્રીકમા, દયા હીણુ થઇ ડરાવે;
તેનીરે દયા કાંઇ દીલમાં, નાથ તમને શું નાવે. પ્રે.
ગુરૂરે મારો ગુણીયલ નહીં, ભેદ અવળા ભણાવે;
ગુણ ગોવીંદ ગાવા ના દીએ, દોરે અવળે દાવે. પ્રે.
સ્વામીરે સદગુણી દલપતસીંહના દીનદયાલ દીનબંધુ;
વારે આવો વેલા વીઠલા, ગીરધર ગુણ સીંધુ. પ્રે.

ભજન ૧૮૯ મું.

રાગ ચાલતો.

નરસીંહ રૂપ લીધું નાથજી, ભક્ત પ્રેલ્હાદ કાજે,
થંભરે ફાટયોને ધરા થરથરી, ગર્જના ગગને ગાજે. ન.
ખળરે અસુર બધા ખળભળ્યા, કંપી ઉઠયા બદકામી.
ગર્ભ નીપાત થયા ધામથી, પીડા પ્રેમદાઓ પામી. ન.
ગોવીંદે અસુર લીધો ગોદમાં, દેહ નખથી વીદારી,
રક્ષકો ઘણા હતા રાજના, કોઇની ના ચાલી કારી. ન.
પ્રેલ્હાદ પુરણ સુખ પામીયો, નીરખીને ધણનામી,
ભકત વત્સલ જુવો ભુધરો, દલપતસીંહનો સ્વામી. ન.

ભજન ૧૯૦ મું.

રાગ ચાલતો.

જ્ઞાનરે થયું ગર્ભવાસમાં, ધન્ય ધૃવમતી ધારી,
વીશંભરને વશ કર્યા, અવીચળ થયા આચારી. જ્ઞા.
પરવરતીને પરહરી, નીરણુય વરતી નીહાળી,
જગત જંજાલની આપદા, ત્રીકમ સમરીને ટાળી. જ્ઞા.
નોધા ભકતી નેમથી, પ્રેમે પુરણ પાળી,

નીતી પ્રીતી મારા નાથની, સાચા દીલથી સંભાળી. જ્ઞા.
દલપતસીંહ કહે દેખીને, ગુણ ગોવીંદના ગાવો,
ફરોરે શાને ભવફંદમાં, અવશાર નહીં મળે આવો. જ્ઞા.

ભજન ૧૯૧ મું.

રાગ ચાલતો.

રામ જનકપુર આવીયા, આવ્યા અંતરયામી,
તોડયું ધનુષ ત્રીપુરારીનું, નીરખાણા ઘણનામી. રા.
ટંકાર તેનો ત્રણલોકમાં, વાપ્યો અસુર વીદારણ,
શંકા સુરાસુર પામીયા, કોઇ સમજ્યા ન કારણ. રામ
ભ્રકુટી ચડાવા ભ્રગુપતી આવીયા, તેણે રામને નરખ્યા,
અદભુત શકિતથી ઓળખ્યા, નિજહીરદામાં હરખ્યા. રામ
સ્તૂસ્તુતી કરીને ફરસુરામજી, કરગરીયા કરજોડી,
તપ કરવા વનમાં તે ગયા, શુરવીરપણું છોડી. રામ.
જનક હરખીયા જોઇને, વળી જનપુરવાળા,
પેરાવી રાખને ઘણા પ્રેમથી. વૈદેહીએ વરમાળા. રામ
પરણી ચારે ભાઇ પ્રેમથી, હરખે અયોધ્યામાં આવ્યા,
દલપતસીંહના શામને, મણી મોતીડે વધાવ્યા. રામ.

ભજન ૧૯૨ મું.

રાગ ચાલતો.

માંમેરૂં પુરો નાથજી, રાધાવર લાજ રાખો,
તમારા ભરોંસે મેં ત્રીકમા, નુતરીયા જન લાખો. માં.
નાત્ય વીચીત્ર નાગર તણી, મેણાં મુજને મારે,
મંડપમાં ભેગી મળી, વાલા વરણ અઢારે. માં
શેઠ મારા તમે શામળા, સવડ કરજો સારી,
કુંવરબાઇને કારણે, માગ્યાં લાવો મોરારી. માં.
વસીલો તમારો મારે વીઠલા, સાચો સ્નેહ સંભારી,
ગરૂડે ચડીને ગોવીંદ આવજો, વાલા વીરહ વીચારી. માં
દયા કરી દીનાનાથજી, મારા રૂદીયામાં રેજો,
દલપતના શામી શામળા, દરશન દાસને દેજો. માં.

ભજન ૧૯૩ મું.

રાગ કમાડે ખડતાળ વગાડે એ.

નાથ તમારી અનોખી નીતી, જીવણ મેં જાણી;
કંસની દાસી કુબજા તેને રાજ કીધી રાણી. નાથ.
ગાયોના ગોવાલ થઇ, ગાયો ગોકુલમાં ચારી;

પયપાન કરતાં પ્રીતમજી તમે માસીને મારી. નાથ.
કાંધે કાંબળ કાળી ઓઢી, ફરતા તમે ફેરી;
વૃંદાવનની વાટે જાતાં, ગોવાલણ ઘેરી. નાથ.
દલપતસીંહના શામ છબીલા, ગોરસના રસીયા;
રંગભીના રણછોડ રંગીલા, રૂદેમાં રે વસીયા. નાથ.

ભજન ૧૯૪ મું.

રાગ બીભાસ.

રામ રામ રટ રામરે, મન મોજી હે લાલ;
ગફલતસેં ઘોરતા ઘોરનીંદમેં, અબતું આહું જામરે,
મન મોજી હે લાલ રામ રામ રટ રામરે;
માતાપીતા સુત ભગીની સહોદર, કોઉન આવે કામરે; મ.
જો કોઇ સમરે જુગત મુગતસેં,
ઓહી આતમ અભી રામરે; મ.
વો કરતા હરતા હે કેશવ, દલપતસીંહકો શામરે. મ.

ભજન ૧૯૫ મું.

રાગ ચાલતો.

.યું રે ઠંડે ખલ ઘાટરે, મેરે મોહનલાલ કયું રે ઠારે જલઘાટ;

સમીપનગર કયું શામન દેખો, નકી નહીં યહ બાટરે.
જગજીવન જીવન નહીં જાનો, ગીરધરઘાટ અઘાટરે;
જલ ભરનેકુ જાત જમુનાપેં, મહીકો નહીં યહ માટરે.
દલપતકે શામ મમ ધામ પધારો,
મીલકે મેટો ઉચાટરે, મેરે મોહનલાલ.

ભજન ૧૯૬ મું.

રાગ સોધો સંતો.

પીંજરીયું મેલીને પળમાંયરે, હાલ્યો હંસ્યો. પીંજરી.
દયા ન લાગ્યો દીલે કાંયરે, હાલ્યો હંસ્યો. પીંજરી.
ગોરીયો પાછળ ધુમરે ઘેરી, ગાન કારમાં ગાયરે;
હાલ્યો હંસો પીંજરીયું મેલીને પળમાંય;
સગાંને સંબંધી બેની સુત બાંધવ,
એ વોળાવી રયાં આંયરે. હાલ્યો.
ધારેલા વિચારો ધર્યા રાખીને,
કરીને શકયો કાંયરે. હાલ્યો.
દલપતસીંહ કહે આ દુનિયામાં,
સાચો ધણી મારો શામરે. હાલ્યો.

ભજન ૧૯૭ મું.

રાગ ચાલતો.

કયાંરે ગયો મારો કાનરે, શોધો સખીયો;
કયાં રે ગયો મારો કાન.
એરે ઠગારાનું નથીરે ઠેકાણું,
શું કરીએ નાવે સાનરે. શોધો સખીયો.
શોધ્યો મેં વૃજ શેરીએ શેરીએરે,
ભુલી ફરતાં ભાનરે. શોધો સખીયો.
કામણગારી મળી કોક કામની
રોકી રાખ્યો રાનરે. શોધો સખીયો.
દલપતસીંહનો શામ છબીલો,
ગીરધર ગુણ નીધાનરે. શોધો સખીયો.

ભજન ૧૯૮ મું.

રાગ ગરબી.

અમ ઘેરે આવો અંતરયામી, સુંદર શામળારે.
નટવર નંદ કીશોર નમામી, સુંદર શામળારે.
અમ ઘેર દાતણ ડોળતા જાઓ. સુંદર.

નીરમલ ગંગા જલથી નાઓ. સુંદર
ભોજન મહી માખણનાં ખાઓ. સુંદર.
જીરણ જોઇ વીચારી જાઓ. સુંદર.
કુબજા કામણ ગારી નારી. સુંદર.
તમને વશ કરશે વનમાળી. સુંદર.
તમે ભોળા છો બ્રમચારી. સુંદર.
એછે નખરાં વાળી નારી. સુંદર.
વાલા તમે છો વીસવાસી. સુંદર.
હળવા પડશો થાશે હાંસી. સુંદર.
દલપતના શામ છબીલા. સુંદર.
લાજુ રાખી કરજો લીલા. સુંદર.

ભજન ૧૯૯ મું.

રાગ ગાગેર ધુમે ઓ.

કાનુડો કેડલો ન મુકેરે. વાંસલી વાગે.
ચાળો છબીલો ન ચુકેરે. વાંસલી વાગે.
નંદનો છોરો નમેરોરે. વાંસલી વાગે.
પ્રેમનો નાખ્યો ડેરોરે. વાંસલી વાગે.
રસ્તે જાતાં મુને રોકેરે વાંસલી વાગે.

ત્રીકમ દાડી દાડી ટોકેરે. વાંસલી વાગે.
દલપતનો શામ દાણુ માગેરે. વાંસલી વાગે.
નીત નીત ઝઘડો લાગેરે. વાંસલી વાગે.

ભજન ૨૦૦ મું.

રાગ ચલતો.

રંગીલો રાસ રમાડેરે. ગોપીઓ ધુમે.
મધુરી શી મોરલી વગાડેરે. ગોપીઓ ધુમે.
ત્રીકમજી આલે તાળીરે. ગોપીઓ ધુમે.
વાલો લાગે વનમાળીરે. ગોપીઓ ધુમે.
છાંટણાં રંગનાં છાંટેરે. ગોપીઓ ધુમે.
અવળે નાંખીને આંટેરે. ગોપીઓ ધુમે.
સાહેલીઓ સર્વ સાથેરે. ગોપીઓ ધુમે.
દયા કરી દલપતને નાથેરે. ગોપીઓ ધુમે.

ભજન ૨૦૧ મું.

રાગ ભોજાના ચાબખાનો.

મમતા મુકી દીયો મારા ભાઇરે,
ગાંઠની મુડી જાશો ગમાઇ
ધાઈ ધુતીને ધન ભેગું કીધું;

જુઠમાં માયા જમાઇ;
તે માયા તારી તસ્કરે લુંટી,
પરખવા રહો નહીં પાઈરે. ममता.

ભજન ૨૦૨ મું.

રાગ ચોપાઇ.—આરાર્તિકમ.

ડીંગલ પીંગલ સંસ્કૃત દીનોનાથ,
હેત બતાવે હરી પકડી હાથ.
સાચો મારે શામલીયાનો સાથ,
નેહ નીભાવે નીરંતર નાથ.
સમરથ ધણીનો મેં પેર્યો ચુડો,
કેશવ કદીએ ન થાશે કુડો.
જગત તારણ એ છે જગદીશ,
અંતરયામી એવો મારો ઇશ.
શામળીયાથી મારાં કારજ સર્યા,
ભવોભવનાં મારાં પાતક હર્યા.
ધીરાનું નામ મેં રૂદીએ ધર્યું,
કેશવે આવી કલ્યાણજ કર્યું.
માવો મોદ ધરી મુને મલ્યા,
ભવસાગરના મારા ફેરા ટલ્યા.

જે કોઇ જપશે જ. ર જગદીશ,
વાલો આવી મળશે વીશવાવીશ.
સત્ય ધરમપર રાખી ચીત,
પ્રથમથી પ્રીતમ સાથે બાંધી પ્રીત.
જેણે જપીયો અજંપા જાપ,
ત્રીવીધી તણા એના ટળીયા તાપ.
નારાયણથી જેણે બાંધ્યો નેહ,
તત્કાલ તારશે ત્રીકમ તેહ.
નામ વડે મેતો નરસીંહ તર્યો,
સામળશાનો પુત્ર સજીવન કર્યો.
નામદેવની છાપરી છાઇ,
બળવંતે તાર્યાં મીરાંબાઇ.
નામનો મહીમા અપરમપાર,
તર્યા એથી સંતો સંસાર.
તરવા સમરૂં જગદાધાર,
અંત સમે ચડી ગરૂડ વધાર.
કૃષ્ણ કૃષ્ણ હે, દીન દયાળ,
પળ પળ રટું તુજ નામની માળ.
દેશ જાંબુદ્વીપ ઉંડણી ગામ,
દલ તસીંહ જપે દીનાનાથનું નામ.